અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ માર્ચ ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૭ | અંક : ૨૪૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફ માટે ૨ એપ્રિલની તારીખ નક્કી કરી**

**અત્યાર સુધી ભારત, ચીન, બ્રાઝિલ, મેક્સિકો જેવા દેશોએ અમેરિકા પર વધુ ટેરિફ લાદીને તેને લૂંટવાનું કામ કર્યું છે, જે ચલાવી શકાય નહીં : ટ્રમ્પ**

## ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને આપ્યો ઝટકો, બે એપ્રિલથી લાગુ કરશે રેસિપ્રોકલ ટેરિફ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે અમેરિકન સંસદને સંબોધિત કરતા યુએસની વસ્તુઓ પર મોટો ટેરિફ લગાવનારા દેશો પર ૨ એપ્રિલથી રેસિપ્રોકલ ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. એ સાથે જ દુનિયામાં સૌથી મોટા ટ્રેડ વોરની શરૂઆત થઈ ચૂકી છે. તેઓ જે દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લગાવવાના છે તે લિસ્ટમાં ભારતનું પણ નામ છે. ટ્રમ્પે પોતાના ભાષણમાં કહ્યું કે, ચીન, મેક્સિકો અને કેનેડાની સાથે ભારત પણ અમેરિકા પર મોટો ટેરિફ લગાવે છે, જે યોગ્ય નથી. પોતાના ભાષણમાં બે વખત ભારતનો ઉલ્લેખ કરતા ટ્રમ્પે કહ્યું કે, ભારત અમેરિકા પર ૧૦૦ ટકા ટેરિફ લગાવે છે. તેમણે અમેરિકા પર ટેરિફ લગાવતા કેટલાક દેશોના નામ પણ જણાવ્યા અને કહ્યું કે, યુરોપીયન યુનિયન, ચીન, બ્રાઝિલ, ભારત, મેક્સિકો અને કેનેડા અમેરિકા પર ટેરિફ લગાવે છે તેમજ બીજા ઘણા દેશો અમેરિકા જેટલો ટેરિફ લે છે તેના કરતા ઘણો વધારે ટેરિફ વસૂલે છે. તેને અનુચિત જણાવતા ટ્રમ્પે ૨ એપ્રિલથી તે દેશો પર પણ એટલો જ ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે યુએસ કોંગ્રેસમાં પોતાના સંબોધનમાં કહ્યું કે, તેમનો પ્લાન પહેલા રિસિપ્રોકલ ટેરિફ ૧ એપ્રિલથી લાગુ કરવાનો હતો, પરંતુ તેઓ નથી ઈચ્છતા કે તેને એપ્રિલ ફૂલ સાથે જોડીને જોવામાં આવે એટલે ૨ એપ્રિલથી લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે. ટ્રમ્પે અન્ય દેશોએ દાયકાઓથી અમેરિકા સામે ટેરિફનો ઉપયોગ કર્યો છે, હવે અમેરિકાનો વારો છે. તે સાથે તેમણે કડક વલણ બતાવતા કહ્યું કે, જો તે દેશો અમેરિકાને પોતાના બજારથી બહાર રાખવા માટે નોન-મોનેટ્રી ટેરિફ લગાવશે તો અમેરિકા પણ તેમને પોતાના બજારથી બહાર રાખવા માટે એવું જ કરશે. તેમના કહેવા મુજબ આ પગલાંથી અમેરિકાને ખર્વો ડોલરનું પ્રોડક્શન કરવામાં મદદ મળશે અને તે સાથે જ રોજગારને પણ પ્રોત્સાહન મળશે. લોકોના મનમાં એ સવાલ ઊભો થવો સ્વાભાવિક છે કે, ટ્રમ્પ જે રેસિપ્રોકલ ટેરિફ પર આટલો ભાર આપી રહ્યા છે, તે આખરે છે શું? તો તમને જણાવી દઈએ કે, રેસિપ્રોકલ ટેરિફ એટલે પારસ્પરિક ટેરિફ, એટલે કે તમે જેટલો ટેક્સ લેશો તેટલો જ ટેક્સ હું પણ લઈશ તેવી આ વાત થઈ. ટૂંકમાં કહીએ તો 'જેવા સાથે તેવા'ની નીતિ. વેપારમાં સમાનતા માટે તેને લાગુ કરવામાં આવે છે, પરંતુ તેનાથી નુકસાન પણ થાય છે અને તે સીધો ઈકોનોમીને ટાર્ગેટ કરે છે. તેમજ બે દેશો વચ્ચેના પરસ્પરના ટ્રેડ રિલેશન પર પણ તેની અસર પડે છે.

### ટ્રમ્પના ટેરિફના નિર્ણયથી ભારતના ઘણા ક્ષેત્રોને પડી શકે મોટો ફટકો

અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે તે ૨ એપ્રિલથી આ ટેરિફ લાદવા જઈ રહ્યું છે. ભારત પણ ટેરિફ ધરાવતા દેશોની યાદીમાં સામેલ છે. આવી સ્થિતિમાં પારસ્પરિક ટેરિફ ભારત માટે પણ ખૂબ નુકસાનકારક બની શકે છે. આવી સ્થિતિમાં ચાલો જાણીએ કે ટ્રમ્પ ટેરિફથી ભારતના કયા ક્ષેત્રો પ્રભાવિત થશે? વિશ્વના સૌથી શક્તિશાળી દેશ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના ઘણા દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ ૨ એપ્રિલથી આ ટેરિફ લાદવા જઈ રહ્યા છે. ભારત પણ ટેરિફ ધરાવતા દેશોની યાદીમાં સામેલ છે. આવી સ્થિતિમાં, પારસ્પરિક ટેરિફ ભારત માટે પણ ખૂબ નુકસાનકારક બની શકે છે. ટ્રમ્પ ટેરિફ ખાસ કરીને ભારતના અર્થતંત્ર પર અસર કરશે કારણ કે અમેરિકા ભારતનો બીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. આવી સ્થિતિમાં ચાલો જાણીએ કે ટ્રમ્પ ટેરિફથી ભારતના કયા ક્ષેત્રો પ્રભાવિત થશે? ભારતના કેટલાક ક્ષેત્રો યુએસ ટેરિફથી પ્રભાવિત થઈ શકે છે. આમાં આઇટી, ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઇલ, કાપડ અને સ્ટીલ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

**આઇટી ક્ષેત્ર પર અસર :** ભારતનું આઇટી ક્ષેત્ર અમેરિકા પર ખૂબ નિર્ભર છે. ભારતની મુખ્ય આઇટી કંપનીઓ જેમ કે ટીસીએસ, ઇન્ફોસિસ, વિપ્રો અને એચસીએલને અમેરિકાથી મોટા પાયે વ્યવસાય મળે છે. ટ્રમ્પની સંભવિત ટેરિફ નીતિ અને વિઝા નિયમોમાં ફેરફાર આઇટી કંપનીઓને નવા પ્રોજેક્ટ્સ મેળવવામાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. જો ૐ-૧મ વિઝાની શરતો કડક કરવામાં આવે તો ભારતીય વ્યાવસાયિકોને અમેરિકામાં કામ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડશે, જેના કારણે વ્યવસાય વૃદ્ધિ પર અસર પડશે.

**ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં આંચકો :** ભારત અમેરિકાને જેનેરિક દવાઓનો સૌથી મોટો સપ્લાયર છે. ભારતીય ફાર્મા કંપનીઓ (સન ફાર્મા, ડો. રેડ્ડીઝ, સિપ્લા, લ્યુપિન) અમેરિકન બજારમાંથી અબજો ડોલર કમાય છે. જો ટ્રમ્પ વહીવટીતંત્ર ભારતીય દવાઓ પર વધુ ટેરિફ લાદે છે, તો તેમની કિંમતો વધી શકે છે, જેની સીધી અસર નિકાસ પર પડશે. આ ઉપરાંત જો હ્ઙ્ઘ (યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન) ના નિયમો કડક કરવામાં આવે તો ભારતીય દવા કંપનીઓની નિકાસ ક્ષમતા પર અસર પડી શકે છે.

### વિશ્વના એક અબજ અને ભારતના છ કરોડ લોકો પર બહેરાશનું જોખમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

વિશ્વ આરોગ્ય સંગઠન (હુ)એ જણાવ્યું હતું કે વિશ્વમાં ૧૨થી ૩૫ વર્ષની વયના લગભગ એક અબજથી વધુ લોકોમાં ઓછું સાંભળવાની કે બહેરાપણાનું જોખમ હોઈ શકે છે. વિડીયો ગેમિંગ અને હેડ ફોનની તેજ આવાજને તેનું મહત્ત્વનું કારણ માનવામાં આવે છે. ઓછું સંભળાવવાની કે બહેરાપણાની આ તકલીફ ભારત સહિત આખા વિશ્વમાં વધી રહી છે. છ કરોડ ભારતીયો પણ તેનો સામનો કરી રહ્યા છે. કેટલાક દાયકાઓ પહેલા તો બહેરાપણુ કે ઓછુ સાંભળવાની તકલીફ ફક્ત ઉંમરલાયક લોકોમાં જ જોવા મળતી હતી.

### પંજાબના ખેડૂતો ફરી આંદોલન શરૂ કરે તે પૂર્વે ૨૦૦ નેતાઓની અટકાયત

। (એજન્સી) ચંડીગઢ, તા.૫ ।

પંજાબના ખેડૂતો વિવિધ પડતર માગણીઓને લઈને ફરી સરકાર સામે આંદોલન શરૂ કરવા જઈ રહ્યા છે, જેને લઈને પાંચ માચર્ના રોજ ચંડીગઢમાં મોરચાનું આયોજન કરાયું છે. જોકે આ મહાપંચાયત યોજાય તે પૂર્વે જ પંજાબમાં અનેક ખેડૂતો અને તેમના નેતાઓની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. હાલ અનેક નેતાઓના ઘરો પર પોલીસ પહોંચી રહી છે. એક રિપોર્ટ મુજબ પંજાબમાં આશરે ૨૦૦ ખેડૂત નેતાઓની અટકાયત કરવામાં આવી છે.

### અબુ આઝમીને યુપી મોકલો, અમે તેમની સારવાર કરીશું

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૫ ।

મહારાષ્ટ્રના રાજકારણમાં ઔરંગઝેબને લઈને વિવાદ ચાલી રહ્યો છે. સમાજવાદી પાટીર્ના મહારાષ્ટ્ર યુનિટના અધ્યક્ષ અબુ આઝમીએ તાજેતરમાં ઔરંગઝેબના સમર્થનમાં નિવેદન આપ્યું હતું. તેમના નિવેદન બાદ રાજકીય વિવાદ ઉભો થયો હતો. ખુદ શિવસેના પ્રમુખ એકનાથ શિંદે આઝમીનો સખત વિરોધ કર્યો હતો. આ પછી, અબુ આઝમીને સમગ્ર બજેટ સત્ર માટે વિધાનસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હવે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ ઔરંગઝેબ વિવાદ પર નિવેદન જાહેર કર્યું છે.

**પોતાની ફાર્મસીમાંથી દવાઓ ખરીદવા દર્દીઓને મજબૂર કરાતાં હોવાનો મામલો**

## ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની થતી ઉઘાડી લૂંટ પર રાજ્યો લગામ મૂકે : સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ખાનગી હોસ્પિટલ્સના મેડિકલ સ્ટોર્સ દ્વારા દર્દીઓની થતી લૂંટ અંગેની એક જાહેર હિતની અરજીની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે દર્દીઓ અને તેમના સંબંધીઓની થતી લૂંટના સંદર્ભમાં રાજ્ય સરકારોએ નીતિવિષયક નિર્ણય લેવા જોઈએ. કોર્ટ આ મામલે ખાનગી હોસ્પિટલોને કોઈ આદેશ જારી કરી શકે નહીં, કારણ કે તેનાથી ખાનગી હોસ્પિટલના કામકાજ સામે અવરોધ ઊભી થઈ શકે છે. જોકે રાજ્યોએ આ મુદ્દે સંવેદનશીલ બનવાની જરૂર છે.



કાયદાના વિદ્યાર્થી સિદ્ધાર્થ દાલમિયા અને તેમના વકીલ પિતા વિજય પાલ દાલમિયાએ દાખલ કરેલી પીઆઈએલમાં આરોપ મુકાયો હતો કે ખાનગી હોસ્પિટલો દર્દીઓ અને તેમના એટેન્ડન્ટને ઈન-હાઉસ ફાર્મસીઓ અથવા જેની સાથે સહયોગ હોય તેવી ફાર્મસી પાસેથી દવાઓ ખરીદવા મજબૂર કરે છે અને તેમની પાસેથી ઉંચા ભાવ વસૂલવામાં આવે છે.ન્યાયાધીશ સૂર્યકાંત અને એન કોટીશ્વર સિંહની બેન્ચે જાહેર હિતની આ અરજીનો નિકાલ કરતાં જણાવ્યું હતું કે અમે તમામ રાજ્ય સરકારોને આ મુદ્દા પર વિચારણા કરવા અને યોગ્ય નીતિગત નિર્ણયો લેવાના આદેશ આપીને આ અરજીનો નિકાલ કરીએ છીએ. આરોગ્ય રાજ્યનો વિષય છે. રાજ્ય સરકારો તેમની સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને સંબંધિત નિયમનકારી પગલાં લઈ શકે છે.

સુપ્રીમે જણાવ્યું હતું કે આ મુદ્દે નીતિ ઘડનારાઓએ દર્દીઓ અને તેમના એટેન્ડન્ટ્સનું શોષણ ન થાય તેવી યોગ્ય માર્ગદર્શિકા તૈયાર કરી જોઈએ. આની સાથે-સાથે ખાનગી સંસ્થાઓ માટે આરોગ્ય ક્ષેત્રમાં પ્રવેશવા માટે કોઈ નિરાશા અને ગેરવાજબી નિયંત્રણો ન ઊભા થાય તેની પણ ખાતરી કરવી જોઈએ. સુપ્રીમે જણાવ્યું હતું કે ખાનગી હોસ્પિટલો દ્વારા દર્દીના કથિત શોષણની સમસ્યા અંગે રાજ્ય સરકારને સંવેદનશીલ બનાવવાની જરૂર છે. બંધારણ મુજબ રાજ્ય તેના નાગરિકોને વધુ સારી આરોગ્ય સુવિધાઓ આપવા બંધાયેલું છે, પરંતુ વસ્તી વધારાને કારણે ખાનગી હોસ્પિટલોનો સહારો લેવો પડે છે.

## બાબા બર્ફાનીના કપાટ 3 જુલાઈએ ખૂલશે, ૯ ઓગસ્ટ સુધી ચાલશે અમરનાથ યાત્રા

। (એજન્સી) જમ્મુ, તા.૫ ।



બાબા બર્ફાનીના ભક્તો માટે ખૂબ જ સારા સમાચાર આવ્યા છે. આ વર્ષે અમરનાથ યાત્રાની તારીખો જાહેર કરવામાં આવી છે. અમરનાથ શ્રાઈન બોર્ડની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે, અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે અને ૯ ઓગસ્ટ સુધી ચાલશે. આ વખતે યાત્રાને સરળ અને સુરક્ષિત બનાવવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. શ્રદ્ધાળુઓના રહેવા, ભોજન અને સુરક્ષાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવશે. આવો જાણીએ આ વખતે અમરનાથ યાત્રા સાથે જોડાયેલી મહત્વની બાબતો.

ગયા વર્ષની જેમ આ વખતે પણ યાત્રા માટે ઓનલાઈન અને ઓફલાઈન બન્ને રીતે રજિસ્ટ્રેશનની સુવિધા આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે, ગયા વર્ષે એટલે કે ૨૦૨૪માં પવિત્ર અમરનાથ યાત્રાનું રજિસ્ટ્રેશન ૧૭ એપ્રિલથી શરૂ થયું હતું, આ વખતે પણ આવી જ પ્રક્રિયા અપનાવવામાં આવશે. અમરનાથ શ્રાઈન બોડર્ના અધ્યક્ષ અને જમ્મુ-કાશ્મીરના એલજી મનોજ સિન્હાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં જમ્મુ-કાશ્મીરના DGP નલિન પ્રભાત, મુખ્ય સચિવ અટલ ડુલ્લુ સહિત અન્ય ઘણા વરિષ્ઠ અધિકારીઓ હાજર હતા. બેઠકમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે, સરકાર દ્વારા સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવશે અને શ્રદ્ધાળુઓ માટે વિશ્વાસ અને સુવિધાઓ વધારવામાં આવશે. કેન્દ્ર સરકારે પવિત્ર અમરનાથ ગુફા સુધી બાલટાલથી રોપ-વે બનાવવાની યોજનાને મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેક્ટ સમગ્ર દેશમાં ૧૮ ધાર્મિક અને પર્યટન સ્થળો પર રોપવેના નિર્માણના વ્યાપક કાર્યક્રમનો એક ભાગ છે.

**ટેરિફ વોર અંગે ચીનની ટ્રમ્પને ધમકી**

## તમે યુદ્ધ જ ઈચ્છતા હોવ તો એ જ સારું, અંત સુધી લડીશું

**અમેરિકાએ ચીનથી આયાત થતા ઉત્પાદનો પર ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, જેના કારણે ચીન નારાજ**

। (એજન્સી) બેઈજીંગ, તા.૫ ।



જ્યારથી ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની કમાન સંભાળી છે ત્યારથી આવા ઘણા નિણર્યો લેવામાં આવ્યા છે જેની અસર સમગ્ર વિશ્વમાં પડી રહી છે. ટ્રમ્પની નીતિઓને કારણે હવે અમેરિકા અને ચીન આમને-સામને આવી ગયું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ યુદ્ધ શરૂ કર્યું છે. ટ્રમ્પ સરકારે કેનેડા અને મેક્સિકો તેમજ ચીન પર વધારાનું ટેરિફ લાદ્યું છે. અમેરિકાએ ચીનથી આયાત થતા ઉત્પાદનો પર ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, જેના કારણે ચીન નારાજ થયું છે અને આ મામલે વળતો જવાબ આપ્યો છે. ચીન અમેરિકાથી આયાત થતા ઉત્પાદનો પર પણ ૧૦ થી ૧૫% ટેરિફ લાદવા જઈ રહ્યું છે. આ કારણે વિશ્વની બે મહાસત્તાઓ વચ્ચે ટ્રેડ વોર શરૂ થઈ ગયું છે. આ સાથે ડ્રેગને ટ્રમ્પ સરકારને ખુલ્લેઆમ યુદ્ધની ધમકી પણ આપી છે. અમેરિકામાં ચીનના દૂતાવાસે એક નિવેદન જારી કરતા કહ્યું હતું કે, જો અમેરિકા યુદ્ધ ઈચ્છે છે (તે ટેરિફ યુદ્ધ હોય, વેપાર યુદ્ધ હોય કે અન્ય કોઈ યુદ્ધ હોય) તો અમે અંત સુધી લડવા તૈયાર છીએ. ચીનના આ પગલા બાદ સ્થિતિ વધુ વણસે તેવી શક્યતા છે. તેમજ આ પગલાની અસર વિશ્વના અંત દેશો પર પણ પડી શકે છે. ચીને આ મામલે વધુમાં કહ્યું કે, અમે ધમકીઓથી ડરતા નથી. શી જિનપિંગની સરકારે કહ્યું, દબાણ અને ધાકધમકી અમારા પર કામ કરતી નથી. ચીન સાથે વ્યવહાર કરવાનો સાચો રસ્તો ન તો દબાણ છે, ન જબરદસ્તી કે ન ધમકી છે. કોઈપણ જે ચીન પર મહત્તમ દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે તે ખોટા વ્યક્તિને નિશાન બનાવીને મોટી ભૂલ કરી રહ્યા છે. જો યુ.એસ. ખરેખર ફેન્ટાનીલ સમસ્યાનો ઉકેલ લાવવા માંગે છે, તો તેણે અમારી સાથે સમાન ધોરણે વાટાઘાટો કરવી જોઈએ. અમેરિકી સંસદને સંબોધિત કરતી વખતે રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું હતું કે, જે પણ દેશ અમારા પર જેટલો ટેરિફ લાદશે, અમે તેમના પર તેટલું જ ટેરિફ લગાવીશું. અન્ય દેશો દાયકાઓથી અમેરિકા પર ભારે ટેરિફ લાદી રહ્યા છે. યુરોપિયન યુનિયન, ચીન, બ્રાઝિલ, ભારત અને અન્ય દેશો અમેરિકા પર ખૂબ ઊંચા ટેરિફ લાદી રહ્યા છે, જે ખોટું છે. ભારત અમેરિકા પર ૧૦૦% ટેરિફ લાદે છે. આવી સ્થિતિમાં અમેરિકાની હાલની સિસ્ટમ બદલવી પડશે.

**બોફોર્સ કૌભાંડ ફરી ચર્ચામાં**

## ભારત સરકારે અમેરિકા પાસે માગી નવી માહિતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભારતે અમેરિકા પાસે રૂ. ૬૪ કરોડના બોફોર્સ કૌભાંડ સંબંધિત મહત્ત્વની માહિતી માગતાં કોંગ્રેસ પાર્ટી પર ફરી પાછી મુશ્કેલીઓ વધવાનો સંકેત મળ્યો છે. ભારત સરકારના આ પગલાંથી રાજીવ ગાંધીની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકારના કાયર્કાળમાં સ્વીડન પાસેથી ૧૫૫ એમએમ ફિલ્ડ આર્ટિલરી ગનની ખરીદીમાં થયેલા કૌભાંડની તપાસ ફરી શરૂ થઈ શકે છે.

મીડિયા સૂત્રો અનુસાર, સીબીઆઈએ તાજેતરમાં જ એક સ્પેશિયલ કોર્ટ દ્વારા જારી કરાયેલો પત્ર યુએસ ન્યાય વિભાગને મોકલ્યો હતો. આ પત્રમાં એજન્સીએ અમેરિકન પ્રાઈવેટ ડિટેક્ટીવ કંપની ફેરફેક્સના વડા માઈકલ હર્શમેન સાથે જોડાયેલી માહિતી માંગી છે. હર્શમેને ૨૦૧૭માં દાવો કર્યો હતો કે, 'જ્યારે મેં સ્વિસ બેંક ખાતામાં મોન્ટ બ્લેંકનો પદાર્ફાશ કર્યો હતો, ત્યારે તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધી ગુસ્સે થયા હતા. તેમાં બોફોર્સ ડીલના લાંચના નાણાં આ ખાતામાં કથિત રીતે જમા કરવામાં આવ્યા હતા. મારી તપાસમાં તે સમયની સરકારે અડચણો ઉભી કરી હતી.' જેથી સીબીઆઈએ હર્શમેનની આ તપાસનો રિપોર્ટ અમેરિકા પાસે માગ્યો છે. સીબીઆઈએ પહેલીવાર ઓક્ટોબર ૨૦૨૪માં દિલ્હી કોટર્નો સંપર્ક કર્યો હતો અને તેને યુએસ સત્તાવાળાઓ પાસેથી માહિતી મેળવવાની મંજૂરી આપવા વિનંતી કરી હતી. હર્શમેન ભારતીય એજન્સીઓને સહકાર આપવા માટે સંમત થયા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે, આ માગ કરતો અરજી પત્ર એક ઔપચારિક લેખિત વિનંતી છે, જે એક દેશની કોર્ટ બીજા દેશની કોર્ટને ફોજદારી કેસની તપાસમાં મદદ મેળવવા માટે મોકલે છે. બોફોર્સ કૌભાંડનો પદાર્ફાશ સ્વીડિશ રેડિયો દ્વારા કરવામાં આવ્યો હતો. ૧૯૮૯ની ચૂંટણીમાં રાજીવ ગાંધીની હારનું તે એક મોટું કારણ બન્યું હતું. જોકે દિલ્હી હાઈકોર્ટે ૨૦૦૪માં પૂર્વ વડાપ્રધાન વિરુદ્ધ લાંચના આરોપોને ફગાવી દીધા હતા, પરંતુ આ કૌભાંડ સાથે જોડાયેલા પ્રશ્નો હજુ પણ યથાવત છે. ઈટાલિયન ઉદ્યોગપતિ ઓટ્ટાવિયો ક્વાટ્રોચીની પણ આમાં શંકાસ્પદ ભૂમિકા હતી, જેઓ રાજીવ ગાંધી સરકારમાં ખૂબ જ પ્રભાવશાળી હતા.

**ટ્રમ્પે મોંઘવારી ઓછી કરવા માટે કામ કરવું જોઈએ**

## ટ્રમ્પના કામથી મોટાભાગના અમેરિકન્સ ખુશ નથીઃ સર્વે

**સવેર્મા સામેલ ૭૩ ટકા લોકોનું કહેવું હતું કે, ટ્રમ્પ મેક્સિકો સરહદના વિવાદને વધારે પડતું મહત્વ આપે છે**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકાના બીજી વખત પ્રેસિડન્ટ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે તાબડતોડ નિણર્યો લઈ રહ્યા છે. તેમાં ઈલીગલ ઈમિગ્રન્ટ્સ સામેની કાયર્વાહી, USAID હેઠળ અપાતું ફંડ બંધ કરવું, યુક્રેનને સૈન્ય મદદ પર રોક, ઘણા દેશો પર ટેરિફ લગાવવાની જાહેરાત જેવા નિણર્યો લઈને વિશ્વભરમાં હલચલ મચાવી દીધી છે. ટ્રમ્પ પોતાના નિણર્યોને અમેરિકાના વિકાસ સાથે જોડી રહ્યા છે, પરંતુ અમેરિકાના મોટાભાગના લોકો તેનાથી ખુશ નથી. અમેરિકન મીડિયા CBSએ કરાવેલા એક સર્વે મુજબ મોટાભાગના અમેરિકન્સનું કહેવું છે કે, ટ્રમ્પ જે મુદ્દાઓને ઉઠાવીને ચૂંટણી જીત્યા તેના પર ફોકસ કરવાને બદલે બીજા જ કામ કરી રહ્યા છે. અમેરિકાના લોકોનું કહેવું છે કે, ટ્રમ્પે મોંઘવારી ઓછી કરવા માટે કોઈ મોટો નિર્ણય કર્યો હોત તો દેશની પ્રગતિ માટે કંઈક કર્યુ હોવાનું કહી શકાત.

આ સવેર્મા સામેલ ૮૨ ટકા અમેરિકન્સે અર્થવ્યવસ્થામાં સુધારો થાય તેના માટે કામ કરવામાં આવે તેવું ઈચ્છતા હતા. ૮૦ ટકા લોકોનું માનવું હતું કે, સરકારે મોંઘવારીથી રાહત મળે તે માટે કામ કરવું જોઈએ. ૫૯ ટકા લોકો ટેક્સમાં રાહત આપવાની માગ કરી રહ્યા છે અને માત્ર ૫૧ ટકા લોકો માટે જ મેક્સિકોનો મુદ્દો જરૂરી છે. જ્યારે કે ૭૩ ટકા લોકોનું કહેવું હતું કે, ટ્રમ્પ મેક્સિકો સરહદના વિવાદને જરૂર કરતા વધારે મહત્વ આપી રહ્યા છે. તો ૬૯ ટકા અમેરિકન્સનું કહેવું છે કે, ટ્રમ્પ સરકાર બધાની નોકરીઓ ખાવામાં વધારે રસ રાખી રહી છે. માત્ર ૩૨ ટકા લોકોને એવું લાગે છે કે, ટ્રમ્પ મોંઘવારીને લઈને ગંભીર છે. આ સર્વેની પેટર્ન પરથી એવી વાત સામે આવી રહી છે કે, ટ્રમ્પ અમેરિકના સિટીઝન્સની આશાથી વિપરીત કામ કરી રહ્યા છે. તેમાં ટ્રમ્પની બદલાયેલી વિદેશ નીતિ પણ સામેલ છે. ૪૨ ટકા લોકોને લાગે છે કે, અમેરિકાની વિદેશ નીતિમાં જે ફેરફાર થયો છે, તેનાથી દેશની સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. તો, ૩૧ ટકા લોકોએ ટ્રમ્પની વિદેશ નીતિની તરફેણ કરી હતી. આ સવેર્મા સામેલ ૫૨ ટકા લોકોએ યુક્રેન માટે સમર્થન આપ્યું છે. જ્યારે માત્ર ૪ ટકા લોકો જ રશિયાનું સમર્થન કર્યું છે. આ સર્વે ફેબ્રુઆરી ૨૮એ વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ અને યુક્રેનના પ્રેસિડન્ટ વોલોદિમીર ઝેલેન્સ્કી વચ્ચે થયેલી અને દુનિયાભરમાં ચર્ચાસ્પદ બનેલી મીટિંગ પહેલા હાથ ધરાયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે તેમને ચૂંટણી જીતાડવામાં મોટો ફાળો આપનારા ઈલોન મસ્કને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)ની કમાન સોપી છે. પણ આ બંનેની જોડી અમેરિકાના નાગરિકોને ખાસ પસંદ નથી આવી.

# સિંચાઈ વિભાગની પઠાણી ઉઘરાણી । પાનમ યોજનાના બાકી રૂ. ૪૬૫૮ કરોડ ભરવા તાકીદ

। (એજન્સી) વડોદરા, તા.૫ ।

કોર્પોરેશન અને સિંચાઈ વિભાગ વચ્ચે વર્ષો અગાઉ પાનમ યોજના હેઠળ કરાર થયા હતા. જેમાં કોર્પોરેશન દર મહિને ચોક્કસ પાણીનો જથ્થો મહિસાગર નદીમાંથી મેળવી ફાજલપુર, રાયકા, ધોળકા અને પોઇચા ફ્રેન્ચવેલની મદદથી શહેરના વિવિધ વિસ્તારમાં પાણીનો જથ્થો પહોંચાડી શકે તે પ્રમાણેનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જે કરાર મુજબ પાલિકાની સમગ્ર સભાએ સૂચવેલા નાણાં દર મહિને પાલિકા દ્વારા રાજ્ય સરકારના સિંચાઈ વિભાગમાં જમા કરાવવામાં આવતા હતા. પરંતુ ત્યારબાદ એકાએક રાજ્ય સરકારના સિંચાઈ વિભાગે વડોદરા કોર્પોરેશન સાથેનો આ કરાર, પાલિકાની કોઈપણ પ્રકારની રજૂઆત સાંભળ્યા વિના, એકાએક તોડી નાખ્યો હતો અને ત્યારબાદ કોર્પોરેશન પાનમ યોજના હેઠળ જે પાણી લે છે તે માટે વધારાના નાણાં ચૂકવવાના બીલો બજાવવાના શરૂ કર્યા હતા.

કોર્પોરેશને સિંચાઈ વિભાગમાં રજૂઆત કરી હતી કે, રાજ્ય સરકારના સિંચાઈ વિભાગ અને કોર્પોરેશન વચ્ચે પાનમ યોજના હેઠળ જે ભાગીદારી કરાર થયા છે તેમાં કોર્પોરેશનની કોઈપણ પ્રકારની રજૂઆતને ધ્યાને લીધા વિના કરાર રદ કરી દેવામાં આવ્યા છે, જેથી કોર્પોરેશને રાજ્ય સરકારમાં પોતાના તરફથી રજૂઆત સાંભળવામાં આવે અને ત્યારબાદ પાનમ યોજનાના કરાર રદ કરવામાં આવે તેવી દલીલ કરી હતી. આ સાથે જ્યાં સુધી વિવાદનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી કોર્પોરેશન નિયત કરેલા નાણાં દર મહિને રાજ્ય સરકારના સિંચાઈ વિભાગમાં જમા કરાવશે પરંતુ સિંચાઈ વિભાગે જે કરાર રદ કર્યા એના કારણે કોર્પોરેશનને ખૂબ મોટી રકમના બિલો બજાવવાના શરૂ થયા હતા તે હાલ ચૂકવશે નહીં. જે રકમ અને વ્યાજ વધી આજે કુલ રકમ રૂપિયા ૪૬,૫૮,૯૫,૮૬,૪૦૧ થઈ ગઈ છે. આ વસૂલવા માટે ફરી એકવાર સિંચાઈ વિભાગે પાલિકાને જણાવ્યું છે કે, વીએમસી હસ્તકના વિવિધ એકમ થકી નોટિફાઇડ નદીમાંથી ઉપાડવામાં આવતા પાણીના વપરાશી દરોમાં નાણા ગ્રેસ પિરિયડમાં ભરપાઈ કરાયેલ ન હોય એવા કિસ્સામાં વ્યાજ લેવામાં આવે છે. જેની કુલ રકમ રૂપિયા ૪૬,૫૮,૯૫,૮૬,૪૦૧ થાય છે. તે તાત્કાલિક ભરપાઈ કરવા અન્યથા ઉક્ત રકમ ભરપાઈ ન કરવાથી ઊભા થનાર તમામ વહીવટી તથા નાણાકીય ગુચની જવાબદારી આપની રહેશે. આમ સિંચાઈ વિભાગ દ્વારા ફરી એક વખત કોર્પોરેશનને મસમોટી બાકી રકમના નાણા માટેનું રિમાઈન્ડર આપવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, પાનમ યોજના હેઠળ નિયત કરેલા જે નાણા છે એ દર મહિને પાલિકા સિંચાઈ વિભાગની ચૂકવી રહ્યું છે, એ મુજબ જાન્યુઆરી ૨૦૨૫ સુધીની તમામ રકમ સિંચાઈ વિભાગને ચૂકવી દેવામાં આવી છે. વડોદરા કોર્પોરેશન અને રાજ્ય સરકારના સિંચાઈ વિભાગ વચ્ચે, પાનમ યોજના કરાર હેઠળ, નાણા બાબતે ઊભા થયેલા વિવાદનો અંત દાયકાઓથી આવી રહ્યો નથી. આ માટે વડોદરાના અનેક તત્કાલીન મેયર દ્વારા તેના નિરાકરણ લાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ એ પૈકી એકપણ પદાધિકારી તેમાં સફળ રહ્યા નથી અને આજ દિન સુધી એ વિવાદનો અંત આવ્યો નથી. જેના કારણે અનેક વખત પાલિકાની સભા તેમજ અન્ય પ્રસંગે વિરોધ પક્ષ પાનમ યોજના હેઠળ સિંચાઈ વિભાગ તરફથી કોર્પોરેશનને અપાતા મસમોટા બિલ અંગેની વારંવાર રજૂઆત પણ કરી રહ્યું છે અને કોઈપણ ભોગે બજવાતા આ બિલ બંધ થાય અને કોર્પોરેશનના માથેથી એક મોટી જવાબદારી (ભારણ) પૂરી થાય તે પ્રકારના પગલાં લેવાનું જણાવવામાં આવી રહ્યું છે. એવી પણ દલીલ થઈ રહી છે કે, વડોદરા કોર્પોરેશન અને રાજ્ય સરકાર બંને જગ્યાએ દાયકાઓથી ભાજપ સરકાર છે તો પછી આ વિવાદનો કાયમી ઉકેલ કેમ આવી શકતો નથી? કોંગ્રેસના આવા આક્ષેપ ટાણે સત્તાધારી પક્ષ યોગ્ય કોઈ જવાબ આપી શકતા નથી કારણ કે, વર્ષો જૂના આ વિવાદનો કોઈપણ ભોગે અંત આવી રહ્યો નથી. પાલિકાની બજેટની બેલેન્સશીટમાં બાકી લેણામાં પાનમ યોજનાના બિલનો ઉલ્લેખ ન હોવાનો મુદ્દો પણ કોંગ્રેસે અનેકવાર ઉઠાવ્યો છે.

### CA ઈન્ટરમિડીયેટનું પરિણામ થયું જાહેર

# અમદાવાદની વિધિ તલાટી ઓલ ઇન્ડિયામાં ૧૨માં નંબરે

### સીએ ઈન્ટરમિડીયેટ પરીક્ષામાં દેશનાં ૫૦ ટોપરોમાં અમદાવાદનાં ૧૧ વિદ્યાથીર્ઓનો સમાવેશ થાય છે

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

CA ઈન્ટરમિડીયેટ અને ફાઉન્ડેશનની પરીક્ષાનાં પરિણામો જાહેર થયા છે. આ પરિણામોમાં ઈન્ટરમિડીયેટમાં દેશનાં ૫૦ ટોપરોમાં અમદાવાદનાં ૧૧ વિદ્યાથીર્ઓએ બાજી મારી છે. જેમાં અમદાવાદ સેન્ટરમાં અભ્યાસ કરતી વિધિ તલાટી દેશમાં ૧૨મા ક્રમે આવી છે. ધી ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા જાન્યુઆરી ૨૦૨૫માં લેવાયેલી સીએ ઈન્ટરમિડીયેટ અને ફાઉન્ડેશન પરીક્ષાનાં પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. સીએ ઈન્ટરમિડીયેટની પરીક્ષામાં અમદાવાદની વિદ્યાર્થીની વિધિ તલાટીએ દેશભરમાં ૧૨મો ક્રમાંક મેળવ્યો છે. સીએ ઈન્ટરમિડીયેટ પરીક્ષામાં દેશનાં ૫૦ ટોપરોમાં અમદાવાદનાં ૧૧ વિદ્યાથીર્ઓનો સમાવેશ થાય છે. આ અંગે માહિતી આપતા આઈસીએઆઈના સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર સીએ પુરુષોત્તમ ખંડેલવાલે જણાવ્યું હતું કે, આઈસીએઆઈ દ્વારા સીએ ઈન્ટરમિડીયેટ અને ફાઉન્ડેશનનાં પરિણામો જાહેર કરવામાં આવ્યા છે.સીએ ઈન્ટરમિડીયેટ પરીક્ષામાં બંને ગ્રુપોનું પરિણામ ૧૪.૦૫ ટકા, ગ્રુપ ૧નું પરિણામ ૧૪.૧૭ ટકા અને ગ્રુપ-૨નું પરિણામ ૨૨.૧૬ ટકા આવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સીએ ફાઉન્ડેશનની પરીક્ષામાં ભારતનું પરિણામ ૨૧.૫૨ ટકા આવ્યું છે. જે સપ્ટેમ્બર ૨૦૨૪માં ૧૯.૬૭ ટકા હતું. બીજી તરફ અમદાવાદ બ્રાન્ચનાં ચેરમેન સીએ નીરવ અગ્રવાલે અમદાવાદ કેન્દ્રનાં પરિણામો અંગે માહિતી આપતા જણાવ્યું કે જાન્યુઆરી ૨૦૨૫માં લેવાયેલી સીએ ઈન્ટરમિડીયેટની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રનું બંને ગ્રુપનું પરિણામ ૨૧.૯૪ ટકા, ગ્રુપ ૧નું પરિણામ ૮.૧૨ ટકા અને ગ્રુપ ૨નું પરિણામ ૩૧.૫૬ ટકા આવ્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં આ પરિણામ અનુક્રમે ૩.૮૦ટકા, ૧૨.૦૭ટકા અને ૧૯.૨૨ ટકાનું હતું. સીએ ઈન્ટરમિડીયેટ પરીક્ષામાં દેશનાં ટોપ રોમાં અમદાવાદનાં ૧૧ વિદ્યાથીર્ઓએ રેક મેળવ્યો છે. જેમાં બ્રાન્ચમાંથી કોચિંગ લેનારી અમદાવાદની વિધિ તલાટીનો ૧૨મો ક્રમાંક છે. સીએ ફાઉન્ડેશન કોસર્માં અમદાવાદ કેન્દ્રનું પરિણામ ૨૩.૧૬ ટકાનું આવ્યું છે. દેશભરનાં વિદ્યાથીર્ઓનું રિઝલ્ટ ૨૧.૫૨ ટકાનું છે. તેને આગળ કેટ ક્લિયર કરીનૈૈ સ અમદાવાદમાંથી સ્મ્છ કરવું છે. મારા પરિણામનો શ્રેય હું મારા પરિવારને આપું છું તેઓએ મને અભ્યાસમાં ખૂબ જ સપોર્ટ કર્યો છે.

### સિંહણના જડબામાં થી યુવાનના મૃતદેહને બહાર કાઢવા માટે જેસીબી-ટ્રેક્ટરની મદદ લેવી પડી હતી

। (એજન્સી) ગીર ગઢડા, તા.૫ ।

ગુજરાતના ગીર સોમનાથ જિલ્લામાં સોમવારે સાંજે એક સિંહણે એક યુવક પર હુમલો કરી માર માર્યો હતો. જ્યારે યુવક તેના ખેતરમાં પાણી ભરતો હતો ત્યારે સિંહણ તેને ખેંચીને દૂર લઈ ગઈ હતી અને તેના શરીરને તેના જડબામાં પકડી હતી. લાશને બહાર કાઢવા માટે ગ્રામજનોએ ટ્રેક્ટર અને જેસીબીની મદદ લેવી પડી હતી. વન વિભાગે તાત્કાલિક કાયર્વાહી કરી સિંહણને શાંત પાડીને રેસ્ક્યુ સેન્ટરમાં મોકલી આપી હતી.

આ ઘટના ગીર ગઢડાના કાકરી મૌલી ગામમાં બની હતી. સાંજે ૭ વાગ્યાની આસપાસ સિંહણ તેના પરિવાર સાથે વિસ્તારમાં ફરતી હતી. બીજી તરફ મંગાભાઈ ખેતરમાં એકલા કામ કરી રહ્યા હતા. દરમિયાન સિંહણ મંગાભાઈને નજીકની ઝાડીઓમાં ખેંચી ગઈ હતી, જ્યાં તેમની લાશ મળી આવી હતી.

ડીસીએફ શેત્રુંજી ડિવિઝન જયંત પટેલે જણાવ્યું હતું કે, ''અમને સાંજે ૭ વાગ્યે માહિતી મળી હતી. આ પછી ટીમોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું અને થોડા કલાકોમાં સિંહણને શાંત કરીને બચાવ કેન્દ્રમાં મોકલવામાં આવી હતી.''

ગામલોકોએ સૌપ્રથમ સિંહણને ભગાડવા માટે અવાજ ઉઠાવ્યો હતો, પરંતુ તે ખસી ન હતી. સિંહ હંમેશા તેના શિકાર પર માલિકી ધરાવે છે, તેથી તે તેના જડબામાં શબને પકડી રાખે છે. આખરે ટ્રેક્ટર અને જેસીબીની મદદથી લાશને બહાર કાઢવામાં આવી હતી.

ડીસીએફ પટેલે જણાવ્યું હતું કે, ''અમે લોકોને વારંવાર ચેતવણી આપીએ છીએ કે સાંજના સમયે કે અંધારામાં એકલા બહાર ન નીકળો, શસ્ત્રો રાખો અને ખુલ્લામાં સૂશો નહીં. સાવચેતીના અભાવે આ અકસ્માત થયો છે.''

### ૬૮ ન.પા.ના પ્રમુખોની પણ જાહેરાત

# જૂનાગઢના મેયર બન્યા ધર્મેશ પોસિયા, ડે. મેયર આકાશ કટારા

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

ગાંધીનગર ખાતે મંગળવારે પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાઈ હતી. જેમાં જૂનાગઢ મેયર અને ૬૮ નગરપાલિકા પ્રમુખોની નિમણુક અંગે ચર્ચા કરવામાં આવ્યા બાદ આજે નામોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર તરીકે ધર્મેશ પોસિયાની નિમણૂંક કરવામાં આવી છે, જ્યારે ડેપ્યુટી મેયર તરીકે આકાશ કટારાની પસંદગી કરવામાં આવી તો બીજી તરફ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે પલ્લવી ઠાકરનું નામ જાહેર કરવામાં આવ્યું છે.

| નગરપાલિકાનું નામ | પ્રમુખ | ઉપ પ્રમુખ | કારોબારી ચેરમેન |
|---|---|---|---|
| બોટાદ | ધર્મિષ્ઠાબેન જોટાણીયા | નિરૂબેન ત્રાસડીયા | જયશ્રીબેન |
| ગઢડા | હિતેશ પટેલ | સુરેશભાઈ મેર | |
| કોડીનાર | આબીદાબેન નકવી | શીવાભાઈ સોલંકી | વિવેક મેર |
| થાન | પ્રદ્યુમનસિંહ રાણા | રાજુ અલગોતર | |
| સાણંદ | ધ્રુમીન દોશી | માલતી પટેલ | વનરાજસિંહ વાઘેલા |
| માણાવદર | જીતેન્દ્ર પનારા | ભારતીબા ચુડાસમા | |
| વિસાવદર | દયાબેન સોલંકી | રમેશ માંગરોલિયા | |
| ચોરવાડ | બેનાબેન ચુડાસમા | દિલીપકુમાર શાહ | |
| માંગરોળ | ક્રિષ્ણા થાપ્પનિયા | અબ્દુલ્લા સૈયદ | |
| પારડી | ચેતન નાયકા | ફાલ્ગુની ભટ્ટ | |
| ધરમપુર | મયંક મોદી | ઉર્મિલા ભોયા | |
| હળવદ | ફોરમબેન રાવલ | સતિષભાઈ પટેલ | |
| જેતપુર | મીનાબેન ઉસદડીયા | સ્વાતિબેન જોટંગિયા | |
| માણસા | જ્યોત્સનાબેન વાઘેલા | બાબુજી ઠાકોર | |
| ખેડબ્રહ્મા | પ્રિયંકા ખરાડી | રાજેન્દ્રસિંહ ચૌહાણ | |
| પ્રાંતિજ | અનિતા પંડ્યા | ગિરીશ પટેલ | |
| તલોદ | રમીલા ચાવડા | મયુર પારેખ | જીતેન્દ્ર શાહ |
| દ્વારકા | કોમલ ડાભી | | પરેશ જાખરીયા |
| કાલોલ | હસમુખ મકવાણા | ગૌરાંગ દરજી | જ્યોત્સના બેલદાર |
| વડનગર | મિકિતા શાહ | જયંતીજી ઠાકોર | ઉત્તમ પટેલ |
| હારીજ | ધરતી સચદે | કિંજલ મહેતા | |
| નવસારી | મનીષ પટેલ | તેજલ જોશી | પ્રજ્ઞેશ પટેલ |
| આંકલાવ | ઉન્નતિ પટેલ | અમિત પઢીયાર | |
| છોટા ઉદેપુર | મંજુલાબેન કોળી | પરવેઝ મકરાણી | |
| લુણાવાડા | ડૉ. કીર્તિ પટેલ | | |
| બાલાસિનોર | ગાયત્રી ત્રિવેદી | | |
| સંતરામપુર | નિશાબેન મોદી | | |
| બીલીમોરા | મનીષ પટેલ | | |
| બાટવા | સુનીલ જેઠવાણી | | |
| વંથલી | રાકેશ ત્રાંબડિયા | | |
| ધોરાજી | સંગીતાબેન બારોટ | | |
| ભચાઉ | પેથા રાઠોડ | | |
| થાન | પ્રદ્યુમનસિંહ રાણા | રાજુ અલગોતર | |
| રાપર | ચાંદ ઠક્કર | | |
| બોરીયાવી | રમીલાબેન ભોઈ | | |
| હાલોલ | નિશા દેસાઈ | સંજય પટેલ | પ્રમોદસિંહ રાઠોડ |
| રાધનપુર | ભાવના જોશી | હરેશ ઠક્કર | |
| ચાણસ્મા | પ્રતીક્ષા પટેલ | આશુ પટેલ | |
| સોનગઢ | સારિકા પાટીલ | પ્રકાશ ગામીત | હેતલ મહેતા |
| બોરીયાવી | રમીલા ભોઈ | તેજસિંહ ચૌહાણ | ઋષિન પટેલ |
| ઓડ | સંજય પટેલ | કેતન રાઉલજી | |
| મહુધા | રૂપેશ રાઠોડ | મહંમદ અશપાક મલેક | રેવાબેન સોઢા |
| રાજુલા | જ્યોતિ દવે | ઘનશ્યામ વાઘ | |
| જાફરાબાદ | રવિના બારૈયા | નીરવ ઠાકર | |
| ચલાલા | નયના વાળા | પ્રવિણ માલવિયા | |
| લાઠી | દયા જમોડ | બાબુ ધોળાકિયા | પારૂલબેન ડેર |
| દેવગઢ બારિયા | ધર્મેશ કલાલ | તારા બાલવાણી | |
| ઝાલોદ | રેખા વસૈયા | ભાવના ડામોર | |
| ઉપલેટા | વર્ષા ગજેરા | જિજ્ઞાબેન વ્યાસ | મિત્તલબેન સુવા |
| ધોરાજી | સંગીતા બારોટ | | |
| ભાયાવદર | રેખા સોનાજીયા | | |
| જસદણ | જીતેન્દ્ર છાયાણી | હિતેશ થડેશ્વર | કાજલ ધોળકિયા |
| તળાજા | હેતલ રાઠોડ | | |
| સિહોર | જાગૃતિ રાઠોડ | | |
| ડાકોર | વિપુલ શાહ | તેજેન્દ્ર હાડા | |
| મહેમદાબાદ | પ્રશાંત પટેલ | વર્ષાબેન વાઘેલા | |
| ચકલાસી | ધર્મેશભાઈ | અમિત પટેલ | જીગર વાઘેલા |
| કરજણ | ઈલાબા અટાલિયા | જયેશ પટેલ | ઉપેન્દ્ર શાહ |
| સલાયા | જુલેખા ભાયા | સાલેમામદ ભગાડ | |
| ભાણવડ | પ્રિયેશ અનડકટ | જિજ્ઞાબેન જોશી | ચેતન રાઠોડ |
| કુતિયાણા | શાંતિબેન ઓડેદરા | કાનાભાઈ જાડેજા | |
| ખેડા | જ્યોત્સના પટેલ | અક્ષય ભાવસાર | |
| વાંકાનેર | ડિમ્પલ સોલંકી | હર્ષિત સોમાણી | |
| ખેરાલુ | મોહિની પંડ્યા | ગીતાબેન પટેલ | રાજેન્દ્ર સથવારા |

### ઓફિસર સાથે પાંચ લોકોએ છેતરપિંડી આચરી

# સેન્ટ્રલ ગવર્નમેન્ટમાં શિક્ષણ વિભાગના સેક્શન ઓફિસર સાથે કરોડોની છેતરપિંડી

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

સેન્ટ્રલ ગવર્નમેન્ટના શિક્ષણ વિભાગના સેક્શન ઓફિસર સાથે પાંચ લોકોએ છેતરપિંડી આચરી છે. પાંચમાંથી ત્રણ આરોપીએ પહેલા બોગસ ડોક્યુમેન્ટ અને બોગસ સહીઓ કરીને એકાઉન્ટ ખોલાવી લીધા હતા. જે બાદ ૨.૭૩ કરોડના ૭૧૬૦ શેર જાણ બહાર ટ્રાન્સફર કરી લીધા હતા. આ મામલે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નવરંગપુરા પોલીસસ્ટેશનપાછળરહેતામહેશભાઈ પરમાર સેન્ટ્રલગવર્નમેન્ટમાં શિક્ષણ વિભાગમાં સેક્શન ઓફિસર છે. હાલ મહેશભાઈ પૂણે ખાતે ફરજ બજાવે છે. વર્ષ ૧૯૮૭માં સંયુક્ત નામે એક કંપનીના ૧૦૦ ઈક્વિટી શેર ખરીદ્યા હતા. ત્યારબાદ કંપની તરફથી ડિબેન્ચર્સ બહાર પાડતા પિતાના નામે ડિબેન્ટર્સ શેર માટે એપ્લાય કરતા ૧૦ ઈક્વિટી શેર ફાળવણી કરવામાં આવ્યા હતા. આમ, તેમની પાસે કુલ ૩૫૮ શેર હતા.

કંપનીના શેરનું વિભાજન થતાં એક ફોલિયોના ૨.૪૧ કરોડની કિંમતના ૭૧૬૦ શેર હતા. કંપનીએ પોટર્ફોલિયોના શેર સરનામા પર મોકલ્યા ત્યારે ઘર બંધ હોવાના કારણે શેર પરત થયા હોવાનો પત્ર મહેશભાઈને મળ્યો હતો. તેવામાં વર્ષ ૨૦૧૭થી આરોપી દિલીપ પારેખ, જયેશ રૂપાણી, વિક્રમ શાહે કાવતરુ રચીને ફિઝિકલ ફોમર્માં રહેલા ૨.૭૩ કરોડના ૭૧૬૦ શેરની માહિતીઓ મેળવી લીધી હતી. બાદમાં મહેશભાઈના પિતાના બોગસ ડોક્યુમેન્ટ બનાવી શેર ટ્રાન્સફર ફોર્મ અને અન્ય ડોક્યુમેન્ટમાં ખોટી સહીઓ કરીને બોગસ એકાઉન્ટ ખોલાવીને ટ્રાન્સફર કરી લીધા. જેમાં મહાવીર શાહે સાક્ષી તરીકે રહીને છેતરપિંડી આચરી હતી. જેથી આ મામલે નવરંગપુરા પોલીસે દિલીપ પારેખ, જયેશ રૂપાણી, વિક્રમ શાહ, મહાવીર શાહ અને કંપનીના રજિસ્ટ્રાર સામે ગુનો નોંધી તપાસ આરંભી છે.

### ૨૦ વીઘા જમીનમાં મિશ્ર પાક પદ્ધતિને અનુસરીને મોરિંગા સહિત કઢી પત્તા, ફુદીનો અને લીલી ચા પણ ઉગાડે છે

# તોતરમારા ગામના વિશાલભાઈ એ નોકરી છોડી ખેતી અપનાવી, વાર્ષિક કમાણીમાં ૪ ગણો વધારો નોંધાયો

। (માહિતી) વડોદરા ।

બોડેલીના તોતરમારા ગામના ૪૪ વર્ષીય વિશાલ મુકુંદ પટેલ રોજિંદા જીવનમાં મોરિંગાના ઔષધીય મૂલ્ય વિશે જાગૃતિ ફેલાવી રહ્યા છે. ખેડૂત પરિવારમાંથી આવતા, તેઓ વર્ષ ૨૦૧૬થી ગાય આધારિત કુદરતી ખેતીમાં રોકાયેલા છે અને તેમના ૨૦ વીઘા ખેતરમાં મોટાભાગે મોરિંગાની ખેતી કરી રહ્યા છે. મિશ્ર પાક પદ્ધતિને અનુસરીને કઢી પત્તા, ફુદીનો અને લીલી ચા પણ ઉગાડે છે અને ગ્રાહકોને પાવડર સ્વરૂપમાં વેચે છે. તેમના ૬૦ ટકા જેટલા વિદેશી ગ્રાહકો યુએસ, યુકે અને કેનેડામાંથી છે.

વિશાલ અને તેમની પત્ની મનીષા પટેલ, ઝાડ પરથી પાંદડા તોડી, ઘરે ધોઈને સૂકવે છે અને ઔષધીય ગુણધર્મો અકબંધ રહે તે માટે ખાસ પાવડરમાં પ્રોસેસ કરે છે. મોરિંગા ઓલિફેરા વૃક્ષના પાંદડામાંથી મેળવેલ મોરિંગા પાવડર, તાજેતરના વર્ષોમાં તેના અસંખ્ય સ્વાસ્થ્ય લાભોને કારણે લોકપ્રિયતા મેળવી છે. "ચમત્કાર વૃક્ષ" તરીકે ઓળખાતું મોરિંગા વિટામિન્સ, ખનિજો અને એન્ટીઑક્સિડન્ટોથી ભરપૂર છે, જે એકંદર સુખાકારી માટે એક શક્તિશાળી ઔષધિ છે. મોરિંગાના પાંદડાઓમાં વિટામિન એ, વિટામિન સી, કેલ્શિયમ અને આયર્ન જેવા આવશ્યક વિટામિન્સ અને ખનિજ તત્વોનું પ્રમાણ વધુ હોય છે. મોરિંગા પાવડર નારંગી કરતાં વધુ વિટામિન સી અને પાલક કરતાં વધુ આયર્ન પ્રદાન કરી શકે છે. આના સેવન માત્રથી વ્યક્તિઓના આહારમાં એક મૂલ્યવાન પોષક તત્વોનો ઉમેરો થાય છે અને એન્ટીઑક્સિડન્ટ ગુણધર્મોના કારણે શરીરમાં ઓક્સિડેટીવ તણાવ સામે લડવામાં મદદ કરે છે, જે હૃદય રોગ, ડાયાબિટીસ અને કેન્સર જેવા ક્રોનિક રોગો તરફ દોરી શકે છે. કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં ડિપ્લોમા ધરાવતા વિશાલ પટેલે વર્ષ ૨૦૧૫ માં સ્વાસ્થ્ય લાભોને કારણે કુદરતી ખેતી કરવા માટે નોકરી છોડી દીધી. વિશાલ પટેલે જણાવ્યું કે, ''મારી નોકરી દરમિયાન ભારે કામના તણાવને કારણે મને ઉચ્ચ કોલેસ્ટ્રોલનો થયો હતો. મારા ડૉક્ટરે દવા સૂચવી પણ હું ગોળીઓ પર આધાર રાખવા માંગતો ન હતો, તેથી મેં મારી જીવનશૈલી બદલવાનું નક્કી કર્યું અને કુદરતી ખેતી કરવા માટે મેં નોકરી છોડી દીધી. અમારી પાસે ૨૦ વીઘા જમીન છે, અને મેં અડધા વીઘા જમીન પર મોરિંગાની ખેતી કરવાનું નક્કી કર્યું. ત્યારથી, મેં તેના સમૃદ્ધ સ્વાસ્થ્ય લાભોનો આનંદ માણ્યો છે. હું અને મારો પરિવાર ઘરે કુદરતી પદ્ધતિનો ઉપયોગ કરીને મોરિંગાના પાંદડાને પાવડરમાં ફેરવવાની સમગ્ર પ્રક્રિયામાં સામેલ છીએ, અને પછી અમે તેને અંતિમ વપરાશકર્તાઓ સુધી પહોંચાડીએ છીએ. મારા ૬૦ ટકા ગ્રાહકો યુ.એસ.એ, યુ.કે. અને કેનેડા જેવા વિદેશી દેશોના છે; બાકીના ૪૦% ભારતના છે - ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને દિલ્હી રાજ્યોના. નોકરી દરમિયાન વાર્ષિક આવક ૧ લાખ હતી જે હવે ખેતી કરીને વાર્ષિક લગભગ ૪ લાખની કમાણી કરી રહ્યા છે. વધુમાં જણાવ્યું કે, "અમે પાંદડાને હાથથી ક્રશ કરીએ છીએ અને પાવડરમાં ફેરવવા માટે ઘરેલુ મિક્સરનો ઉપયોગ કરીએ છીએ, પછી તેને સુગંધ જાળવી રાખવા માટે રેફ્રિજરેટરમાં રાખીએ છીએ અને પછી તેને પોસાય તેવા ભાવે બોટલોમાં ગ્રાહકોને પહોંચાડીએ છીએ.'' આ દંપતી સ્થાનિક ગ્રાહકો માટે ૧૦૦ ગ્રામ પેકેટ અને વિદેશી ગ્રાહકો માટે ૫૦૦ ગ્રામ ટેટ્રા પેકેટ તૈયાર કરે છે. વપરાશકર્તાઓને મોરિંગા અને અન્ય ઔષધીય પાવડર પહોંચાડે છે. તેમના પિતા મુકુંદ પટેલ ખેડૂત છે, અને તેઓ કુદરતી ઉપચારક તરીકે મોરિંગાના જ્ઞાન સાથે વારસો આગળ ધપાવી રહ્યા છે. "અમારા રોજિંદા જીવનમાં મોરિંગા પાવડરનો ઉપયોગ શરૂ કરતા પહેલા, મને ઉચ્ચ કોલેસ્ટ્રોલ હોવાનું નિદાન થયું હતું, અને મારા પિતા સાંધાની સમસ્યાઓથી પીડાતા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**મદ્રાસ હાઈકોર્ટનો મોટો ચુકાદો । જસ્ટિસ ડી.ભરત ચક્રવર્તીએ કહ્યું હતું કે જ્ઞાતિના આધાર પર મંદિરોને અલગ કરવાથી જાતિવાદને પ્રોત્સાહન**

# કોઈ પણ જ્ઞાતિ મંદિર પર વિશેષ અધિકારનો દાવો કરી શકે નહીં

। (એજન્સી) મદ્રાસ, તા.૫ ।

મદ્રાસ હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે વિવિધ જાતિ સમૂહ કોઈ દેવતાની પૂજા કરવા માટે અલગ અલગ રીતોનું પાલન કરી શકે છે પરંતુ કોઈ પણ જ્ઞાતિ સમૂહનો સભ્ય એ દાવો કરી શકે નહી કે મંદિર ફક્ત તેમનું છે અને એટલા માટે મંદિરના વહીવટ પર તેમનો વિશેષ અધિકાર છે. આ અવધારણા અસ્વીકાર્ય છે કે કોઈ મંદિર કોઈ વિશેષ જાતિનું છે. જસ્ટિસ ડી.ભરત ચક્રવર્તીએ કહ્યું હતું કે જ્ઞાતિના આધાર પર મંદિરોને અલગ કરવાથી જાતિવાદને પ્રોત્સાહન મળે છે. લાઈવ લૉના રિપોર્ટ અનુસાર, મદ્રાસ હાઈકોર્ટે તાજેતરમાં જ એક મહત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું હતું કે કોઈ પણ જ્ઞાતિ કોઈ પણ મંદિરના સ્વામિત્વનો દાવો કરી શકે નહીં, જેની પૂજા, મેનેજમેન્ટ તમામ ભક્તો દ્વારા કરી શકાય છે. કોઈ વિશેષ જ્ઞાતિ દ્વારા મંદિરનો વહીવટ કરવો કોઈ ધાર્મિક પ્રથા નથી જેનાથી બંધારણની કલમ ૨૫ અને કલમ ૨૬ હેઠળ સંરક્ષિત કરવામાં આવી શકે છે. કોર્ટે આ ટિપ્પણીઓ અરજીકર્તા સી.ગણેશનની અરજી પર સુનાવણી દરમિયાન કરી હતી જેમાં હિંદુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોમેન્ટ વિભાગના મદદનીશ કમિશનરને અરુલમિઘુ પોંકલીઅમ્મન મંદિરને તેમના દ્વારા નિર્ધારિત સમયસીમાની અંદર અરુલમિઘુ મરિઅમ્મન, અંગલમ્મન અને પેરુમલ મંદિરો અને અરુલમિઘુ પોંકલીઅમ્મન મંદિરથી અળગ કરવાના નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી. જસ્ટિસ ડી.ભરત ચક્રવર્તીએ નમક્કલ જિલ્લાના તિરુચેંગોડે તાલુકાના મારાપરાઇ ગામના કે.સી.ગણેશન દ્વારા દાખલ અરજીને ફગાવતા આ ચુકાદો આપ્યો હતો. અરજીમાં બે અન્ય મંદિરોની સાથે સુયુક્ત રીતે સંચાલિત પોંકલિયામ્મન મંદિરને અલગ કરવાની



માંગ કરવામાં આવી હતી. અરજીકર્તાએ મંદિર પ્રશાસનને અલગ કરવા માટે હિંદુ ધાર્મિક અને એચઆર એન્ડ સીઈ વિભાગના મદદનીશ કમિશનર દ્વારા કરવામાં આવેલી ભલામણ પર વિશ્વાસ કર્યો હતો અને એચઆર એન્ડ સીઈ કમિશનરને ભલામણ પર કાર્યવાહી કરવાના નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી. જોકે કોર્ટે કહ્યું હતું કે બંધારણની કલમ ૨૨૬ હેઠળ પોતાના રિટ અધિકાર ક્ષેત્રનો પ્રયોગ કરતા કોર્ટ આ પ્રકારની ભલામણનો સ્વીકાર કરી શકે નહીં. તેમણે કહ્યું હતું કે જાતિ રહિત સમાજ બંધારણીય લક્ષ્ય છે એટલા માટે જાતિને કાયમ રાખવા સંબંધિત કોઈ પણ વાત પર કોર્ટ વિચાર કરી શકે નહી. જસ્ટિસે લખ્યું હતું કે આ કોર્ટ અરજીકર્તા દ્વારા દાખલ એફિડેવિટથી એ વાતનો અંદાજ લગાવી શકે છે કે તે કઈ ગંભીરતાથી 'જાતિ' નામનો પીછો કરી રહ્યો છે. પરંતુ એ અવધારણા કે કોઈ વિશેષ મંદિર કોઈ વિશેષ જાતિનું છે તે અસ્વીકાર્ય છે. જાતિના આધાર પર મંદિરોને અલગ કરવાથી જ્ઞાતિવાદને પ્રોત્સાહન મળે છે. આ અગાઉ કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસે અરજીકતાર્ના વકીલને કહ્યું હતું કે તે રિટ અરજી દ્વારા દાખલ એફિડેવિટમાં જાતિગત ઉન્માદ જોઈ શકે છે અને આશ્ચર્ય વ્યક્ત કર્યું કે લોકો,ખાસ કરીને તમિલનાડુના પશ્ચિમ ક્ષેત્રના લોકો જાતિગત ગૌરવને લઈને આટલા પાગલ કેમ છે. જસ્ટિસે ટિપ્પણી કરી હતી કે આ કોર્ટ જોઈ શકે છે કે જમીન પર શું થઈ રહ્યું છે. તમામ ચીજની એક સીમા હોય છે. જાતિ ઉન્માદ પોતાની સીમાથી આગળ વધી ગયો છે. અને એ હદ સુધી પહોંચી ગયો છે કે જે માતા પિતાએ બાળકોને જન્મ આપ્યો છે તે ઓનર કિલિંગના નામ પર તેમની હત્યા કરી રહ્યા છે. હવે સમય આવી ગયો છે કે 'જ્ઞાતિ' નામની આ વસ્તુને ખત્મ કરવામાં આવે. તેમણે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે વિવિધ સામાજિક સમૂહોના પૂજાની વિવિધ રીતોથી પારંપરિક અધિકારને જાળવી રાખ્યો છે. એટલા માટે કોઈ પણ એવા અધિકારમાં હસ્તક્ષેપ માં કરી શકે નહીં. જોકે તેમણે કહ્યું હતું કે મંદિરનો વહીવટ કરવા માટે કોઈ જ્ઞાતિ સમૂહના કોઈ પણ અધિકારને માન્યતા આપનાર કોઈ કાયદો નથી.

## ન્યૂઝ બ્રિફ

### આફ્રિકામાં ખુલશે સાઉથ પોલનું સૌથી મોટું હિન્દુ મંદિર

। (એજન્સી) જોહાનિસબર્ગ, તા.૫ ।

અબુધાબી પછી બોચાસણ નિવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS) હવે દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં દક્ષિણ ધ્રુવનું સૌથી મોટું મંદિર બનાવી રહી છે. આ મંદિર જોહાનિસબગર્ના સૌથી વ્યસ્ત અને સુંદર લેન્સેરિયા કોરિડોરમાં ૩૭,૦૦૦ ચોરસ મીટરમાં બનાવવામાં આવી રહ્યું છે. BAPS અનુસાર, મંદિર અને સાંસ્કૃતિક સંકુલના નિર્માણનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને આગામી ત્રણ વષર્માં એટલે કે ૨૦૨૭ સુધીમાં તૈયાર થઈ જશે. તે સાઉથ પોલમાં સૌથી મોટું હિન્દુ મંદિર હશે. ગયા વર્ષે ફેબ્રુઆરીમાં અબુધાબીમાં મધ્ય પૂવર્ના સૌપ્રથમ સુશોભિત કોતરણીવાળા હિન્દુ મંદિરના ઉદ્ઘાટન પછી, BAPS એ દક્ષિણ આફ્રિકામાં આ મંદિર પર પૂરઝડપે કામ શરૂ કર્યું હતું.

### જે ધોની ના કરી શક્યો તે રોહિતે કરી બતાવ્યું

। (એજન્સી) દુબઈ, તા.૫ ।

દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી ICC ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલમાં ભારતની ભવ્ય જીત થઈ છે. ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયાને ૪ વિકેટે હરાવી ફાઈનલમાં એન્ટ્રી મારી લીધી છે. આ સાથે જ ભારતે સતત ત્રીજી વખત આ ટૂર્નામેન્ટમાં ફાઈનલમાં સ્થાન બનાવી લીધું છે. ભારત માટે આ મેચમાં વિરાટ કોહલીએ શાનદાર ઈનિંગ રમી. તેની આ ઈનિંગે રેકોર્ડ બુકમાં પોતાનું નામ લખાવી દીધું છે. માત્ર કોહલી જ નહીં પરંતુ ટીમ ઈન્ડિયા અને કેપ્ટન રોહિતે પણ આ મેચ બાદ અનેક રેકોર્ડ બનાવ્યા છે. આ મેચમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા ૪૯.૩ ઓવરમાં ૨૬૪ રન બનાવ્યા હતા. ભારતે આ ટાર્ગેટ ૪૮.૧ ઓવરમાં છ વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. કોહલી ૯૮ બોલમાં પાંચ ચોગ્ગાની મદદથી ૮૪ રનની શાનદાર ઈનિંગ રમ્યો.

### દમણમાં શરત જીતવાની લ્હાયમાં યુવકે જીવ ગુમાવ્યો

। (એજન્સી) દમણ, તા.૫ ।

મિત્રો સાથે ફરવા ગયેલા વલસાડના યુવકે શરત જીતવાની લ્હાયમાં જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. વલસાડનો પ્રકાશ પટેલ નામનો યુવક પોતાના ૧૨ જેટલા મિત્રો સાથે દમણ ખાતે આવેલા ફાર્મ હાઉસમાં પાર્ટી કરવા ગયો હતો. જ્યાં મિત્રો વચ્ચે શરત લાગી હતી કે કોણ વધુ સમય સુધી પાણીમાં શ્વાસ રોકી શકે છે. લાંબા સમય સુધી યુવક બહાર ન આવતા અન્ય મિત્રોએ તેણે બહાર કાઢી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. જોકે આ ઘટનાના સી.સી.ટી.વી. ફૂટેજ પણ સામે આવ્યા છે. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર વલસાડનો યુવક પ્રકાશ પટેલ ૧લી માર્ચે પોતાના મિત્રો સાથે દમણ ફરવા ગયો હતો. દમણમાં આવેલા ફાર્મ હાઉસમાં રોકાયા હતા.

**૧૫ લોકોના મોત, ૬ આતંકી પણ ઠાર થયા**

# પાકિસ્તાનના આર્મી એરિયામાં મોટો આત્મઘાતી હુમલો થયો

**હુમલાખોરે પોતાની જાતને ઉડાવી દીધીઃ આ પછી પાકિસ્તાનના કેન્ટોનમેન્ટ વિસ્તારમાં હડકંપ મચી ગયો, આ હુમલામાં ૧૫ લોકોના મોત થયા છે**

। (એજન્સી) પેશાવર, તા.૫ ।

આતંકવાદના ગઢ પાકિસ્તાનમાં મોટો હુમલો થયો છે. આર્મી વિસ્તારમાં આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરે પોતાની જાતને ઉડાવી દીધી હતી. આ પછી પાકિસ્તાનના કૅન્ટોનમેન્ટ વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. આ હુમલામાં ૧૫ લોકોના મોત થયા છે. છ આતંકવાદીઓને પણ ઠાર મારવાનો દાવો કરવામાં આવ્યો છે. આર્મી વિસ્તારને સામાન્ય રીતે ખૂબ જ સુરક્ષિત અને સંવેદશનશીલ માનવામાં આવે છે, છતાં આ હુમલાખોરો આ ઝોનમાં ઘૂસ્યા અને કૅન્ટ વિસ્તારમાં હુમલો કર્યો હતો. પાકિસ્તાની આર્મી અને સ્થાનિક પોલીસના દમનથી કંટાળીને દેશના વિવિધ ભાગોમાં લોકો રસ્તા પર ઉતરી રહ્યા છે. જણાવી દઈએ કે પાકિસ્તાન આખી દુનિયામાં આતંકવાદને સુરક્ષિત આશ્રય આપનારા દેશ તરીકે કુખ્યાત છે.



બલુચિસ્તાનથી લઈને ખૈબર પખ્તૂનખ્વા સુધીમાં પાકિસ્તાની આર્મી અને પોલીસને પડકારો મળી રહ્યા છે. વડાપ્રધાન શહબાઝ શરીફના તમામ દાવાઓ છતાં પાકિસ્તાનના ઘણા ભાગો પોતાને સ્વાયત્ત કરવા માટે આંદોલન ચલાવી રહ્યા છે. ઉત્તરઅને પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા વિસ્તારમાં મોટો હુમલો થયો છે. સ્થાનિક પોલીસે મંગળવારે જણાવ્યું કે આ હુમલો આર્મી કૅન્ટ વિસ્તારમાં થયો છે. તેમણે જણાવ્યું કે ૪ માર્ચની સાંજે બે આત્મઘાતી હુમલાખોરોએ પોતાને ઉડાવી દીધા. આથી મોટો વિસ્ફોટ થયો હતો. આ હુમલાથી આસપાસના વિસ્તારો પણ ધ્રુજી ઉઠ્યા હતા. આ હુમલામાં ૧૫ લોકોના મોત થયા, જ્યારે ૬ હુમલાખોરો પણ માર્યા ગયા. જણાવી દઈએ કે આ પહેલીવાર નથી કે ખૈબર પખ્તૂનખ્વા વિસ્તારમાં હુમલો થયો છે. પાકિસ્તાન સરકારના દમનચક્ર સામે આ વિસ્તારમાં વારંવાર હુમલા થતા રહે છે. આ હુમલાઓમાં વ્યાપક પ્રમાણમાં જાનમાલનું નુકસાન થાય છે. પોલીસે જણાવ્યું કે સુરક્ષા દળોએ મંગળવારે ઉત્તર અને પશ્ચિમ પાકિસ્તાનમાં આર્મી કૅન્ટ પર આતંકવાદીઓના હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો. સાંજે ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં બન્નુ કૅન્ટોનમેન્ટની દિવાલ પાસે બે આત્મઘાતી હુમલાખોરોએ પોતાની જાતને ઉડાવી દીધી. પોલીસે જણાવ્યું કે દિવાલમાં છેદ કર્યા પછી પાંચથી છ હુમલાખોરોએ આર્મી કૅન્ટમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમને ઠાર મારવામાં આવ્યા. જોકે, આત્મઘાતી બોમ્બર્સે જ્યારે પોતાને ઉડાવ્યા ત્યારે કૅન્ટ અને આસપાસના વિસ્તારોમાં પણ દહેશત ફેલાઈ ગઈ.

**મહારાષ્ટ્ર વિધાનસભા સ્પીકરે સસ્પેન્ડ કર્યા**

# અબુ આઝમીને ઔરંગઝૈબ અંગેની ટિપ્પણી ભારે પડી

**મહારાષ્ટ્ર સરકારના મંત્રી ચંદ્રકાંત પાટીલે વિધાનસભા સત્રમાં અબુ આઝમીને સસ્પેન્ડ કરવા પ્રસ્તાવ રજૂ કર્યો**

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

અબુ આઝમીને ઔરંગઝૈબ અંગેની ટિપ્પણી ભારે પડી. ઔરંગઝેબ અંગે વિવાદાસ્પદ નિવેદન બાદ સમાજવાદી પાટીર્ના નેતા અબુ આસીમ આઝમીને મહારાષ્ટ્ર વિધાનસભામાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. તેમને વતર્માન સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર સરકારના મંત્રી ચંદ્રકાંત પાટીલે વિધાનસભા સત્રમાં અબુ આઝમીને સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ભાજપના નેતા સુધીર મુનગંટીવારે કહ્યું કે, તેમને માત્ર એક સત્ર માટે જ સસ્પેન્ડ ન કરવા જોઈએ, તેમને વિધાનસભામાંથી હટાવી દેવા જોઈએ. છત્રપતિ શિવાજી પૂજનીય છે અને તેમનું અપમાન કરનારાઓને આપણે સરળતાથી છોડી ન શકીએ. જોકે, ચંદ્રકાંત પાટીલે સ્પષ્ટતા કરતા કહ્યું કે, સુપ્રીમ કોટર્ના નિર્ણય પ્રમાણે



ધારાસભ્યોને એક કરતાં વધુ સત્ર માટે સસ્પેન્ડ નથી કરી શકાતા. અમે એક સમિતિ બનાવીશું જે મૂલ્યાંકન કરશે કે શું આઝમીને ધારાસભ્ય તરીકે તેમના સભ્ય પદમાંથી સસ્પેન્ડ કરી શકાય છે કે નહીં? ઔરંગઝૈબ પર વિવાદાસ્પદ નિવેદન બાદ રાજકારણ ગરમાતા આબુ આઝમીએ સપષ્ટતા આપતા કહ્યું હતું કે, હું શિવાજી મહારાજ અને શંભાજી મહારાજ વિરુદ્ધ બોલવા અંગે વિચારી પણ નથી શકતો. મારા શબ્દોને તોડી-મરોડીને રજૂ કરવામાં આવ્યા છે. ઔરંગઝેબ વિશ, મેં માત્ર એ જ કહ્યું છે જે ઈતિહાસ કારો અને લેખકોએ કહ્યું છે. મેં છત્રપતિ શિવાજી મહારાજ, સંભાજી મહારાજ કે અન્ય કોઈ મહાપુરુષ વિશે કોઈ અપમાનજનક ટિપ્પણી નથી કરી. તેમણે આગળ કહ્યું કે, હું એટલો મોટો નથી. મેં જે કંઈ કહ્યું તે કેટલાક ઈતિહાસ કારોનું નિવેદન હતું. જો મારા આ નિવેદનોથી કોઈને દુઃખ થયું હોય, તો હું બિનશરતી માફી માંગુ છું અને મારું નિવેદન પાછું લઉં છું. તમને જણાવી દઈએ કે, ઔરંગઝેબ પરની ટિપ્પણી બદલ મહારાષ્ટ્રના થાણેમાં તેમની વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આઝમીએ એક નિવેદનમાં ઔરંગઝેબનો બચાવ કરતા નિવેદન આપ્યું હતું કે, હું ૧૭મી સદીના મુઘલ સમ્રાટ ઔરંગઝેબને ક્રૂર, જુલમી કે અસહિષ્ણુ શાસક માનતો નથી. આજકાલ ફિલ્મો દ્વારા મુઘલ સમ્રાટની વિકૃત છબી બનાવવામાં આવી રહી છે.

**લોકો શું વાત કરે છે તેનાથી કોઈ ફરક પડતો નથી**

# ઓસી. સામે સેમિફાઈનલ જીત્યા બાદ ટીકાકારો પર ભડક્યો ગંભીર

। (એજન્સી) દુબઈ, તા.૫ ।

રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ ટીમ ઈન્ડિયા ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઈનલમાં પ્રવેશી છે. તેણે મંગળવારે (૪ માર્ચ) ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઈનલ મેચમાં ૪ વિકેટથી જીત મેળવી હતી. આ મેચ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં વિરાટ કોહલીએ ૮૪ રનની મેચ વિનિંગ ઈનિંગ રમી હતી. આ શાનદાર જીત બાદ ભારતીય કોચ ગૌતમ ગંભીરે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમાં તેણે ટીમ સિલેક્શન અને બેટિંગ ઓર્ડર અંગે જવાબ આપ્યો હતો. તેમજ કેટલાક સવાલો પર તે ગુસ્સે પણ થયો હતો. પ્રેસ કોન્ફરન્સમાં ગંભીર કોહલી અને કેએલ રાહુલને સંપૂર્ણ સમર્થન આપતો જોવા મળ્યો હતો. ટીમ સિલેક્શનના સવાલ પર ગંભીરે કહ્યું, મને કોઈ પરવા નથી. મારું કામ ૧૪૦ કરોડ ભારતીયો, ખેલાડીઓ અને ડ્રેસિંગ રૂમ પ્રત્યે વફાદાર રહેવાનું છે. લોકો શું વાત કરે છે, તે શું કહે છે તેની મને કોઈ પરવા નથી. તેમનો એજન્ડા શું છે? અંતે, મારા માટે એક જ બાબત મહત્વની છે કે હું મારા



કામ પ્રત્યે કેટલો વફાદાર છું. કારણ કે તેનાથી હું શાંતિથી જીવી શકું છું. સ્પિન ઓલરાઉન્ડર અક્ષર પટેલને પાંચમા નંબર પર બેટિંગ માટે મોકલવા મુદ્દે સવાલ કરવામાં આવ્યો હતો કે, અક્ષર કરતાં પણ સારા બેટર કેએલ રાહુલ અને હાર્દિક પંડ્યા છે. તો અક્ષરને શા માટે તેમની પહેલાં પીચ પર મોકલવામાં આવે છે? જેનો જવાબ આપતાં ગંભીરે અક્ષરનું સમર્થન કર્યું હતું કે, મેં અગાઉ પણ કહ્યું હતું કે લોકો શું કહે છે તેની મને પરવા નથી. હું માનું છું કે તે શ્રેષ્ઠ ખેલાડી છે અને તે ખાસ વાત છે. અક્ષર પાસે શું ગુણવત્તા અને ક્ષમતા છે. તેના વિશે અમે જાણીએ છીએ. અમે તેને પાંચમા નંબર પર તક આપતા રહીશું જેથી તે સારું પ્રદર્શન કરવાનું ચાલુ રાખે.

**૧૦૦૦ કરોડનો ખર્ચ કરવાનો ના થયો ફાયદો**

# ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાન પાસેથી છીનવી લીધી ખુશી

। (એજન્સી) દુબઈ, તા.૫ ।

ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની પહેલી સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું છે. આ નોકઆઉટ મેચમાં ટીમ ઈન્ડિયાએ ૪ વિકેટથી જોરદાર વિજય મેળવ્યો હતો. આ સાથે ભારતીય ટીમે ફાઈનલમાં પ્રવેશ કર્યો છે અને પાકિસ્તાનની છેલ્લી ખુશી પણ છીનવી લીધી છે. યજમાન હોવા છતાં પાકિસ્તાન આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ તેના દેશમાં યોજી શકશે નહીં. ૨૯ વર્ષ પછી આઈસીસી ઈવેન્ટનું આયોજન કરી રહેલા પાકિસ્તાને લાહોરમાં ટાઈટલ મેચનું સપનું જોયું હતું, પરંતુ હવે તે દુબઈમાં રમાશે. પાકિસ્તાન ક્રિકેટ બોડર્ના ચેરમેન મોહસીન નકવીએ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું આયોજન કરવા માટે દિવસ-રાત મહેનત કરી હતી. બોર્ડે ટુર્નામેન્ટ માટે ૩ સ્ટેડિયમ તૈયાર કરવા માટે લગભગ ૧૮૦૦ કરોડ પાકિસ્તાની રૂપિયા ખર્ચ્યા હતા. આ કામ પૂર્ણ કરવામાં લગભગ ૧૧૭ દિવસ લાગ્યા હતા. આમાં સૌથી વધુ પૈસા લાહોરના ગદ્દાફી સ્ટેડિયમ પર ખચર્વામાં આવ્યા હતા



કારણ કે ફાઈનલ મેચ અહીં યોજાવાની હતી. એટલા માટે બોર્ડે ૧૮૦૦ કરોડ રૂપિયામાંથી લગભગ ૧૦૦૦ કરોડ પાકિસ્તાની રૂપિયા ફક્ત આ સ્ટેડિયમના નવીનીકરણમાં જ ખર્ચ્યા હતા. પણ આ બધું કોઈ કામનું નહોતું. આટલી મહેનત અને ખર્ચ પછી PCB ચેરમેન મોહસીન નકવી અને પાકિસ્તાની પીએમ શાહબાઝ શરીફે સપનું જોયું હતું કે તેમની ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ટાઈટલ મેચ લાહોરમાં રમશે. તેણે પોતાના ખેલાડીઓને ફરીથી ટ્રોફી ઉપાડવાનું પણ કહ્યું હતુ. પણ ફાઈનલની વાત તો ભૂલી જાઓ, પાકિસ્તાની ટીમ અહીં એક પણ મેચ રમી શકી નહીં. ગ્રુપ સ્ટેજમાં તેની એક પણ મેચ લાહોરમાં નહોતી. તેમણે વિચાર્યું હતું કે તે સરળતાથી સેમિફાઈનલમાં પહોંચી જશે.

**ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થયું છે**

# ભારત સામે હારતા જ સ્ટીવ સ્મિથે કરી નિવૃત્તિની જાહેરાત



। (એજન્સી) દુબઈ, તા.૫ ।


ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ બેટ્સમેન સ્ટીવ સ્મિથે અચાનક ODI ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા છે. વર્તમાન ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટમાંથી ઓસ્ટ્રેલિયાના બહાર થયા બાદ આ સ્ટાર બેટ્સમેને આ મોટો નિર્ણય લીધો છે. ઓસ્ટ્રેલિયા ટૂર્નામેન્ટની સેમિફાઈનલમાં પહોંચ્યું હતું, પરંતુ સેમીફાઈનલમાં તે ભારત સામે ૪ વિકેટે હારી ગયું હતું, જેના કારણે તેની સફર સમાપ્ત થઈ ગઈ હતી અને આ સાથે જ સ્ટીવ સ્મિથે ODI ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. સ્મિથે ચેમ્પિયન્સ ટ્રોફીની વતર્માન સિઝનમાં ઓસ્ટ્રેલિયન ટીમની કમાન સંભાળી હતી, કારણ કે નિયમિત કેપ્ટન પેટ કમિન્સ રમી રહ્યો ન હતો. ભારત સામેની સેમિફાઈનલ આ ફોર્મેટમાં તેની છેલ્લી મેચ સાબિત થઈ. આ ૩૫ વર્ષીય સ્ટાર બેટ્સમેને મેચમાં ૭૩ રનની ઈનિંગ રમી હતી, પરંતુ મેચ જીતી શક્યા નહીં. સ્મિથ ટેસ્ટ અને T20 આંતરરાષ્ટ્રીય મેચ રમવાનું ચાલુ રાખશે. તેનો નિર્ણય કદાચ લોસ એન્જલસમાં ૨૦૨૮ ઓલિમ્પિક ગેમ્સનો ભાગ બનવાની તેની ઈચ્છાને દર્શાવે છે, જ્યાં પહેલીવાર ક્રિકેટના ૨૦-ઓવરના ફોર્મેટને સામેલ કરવામાં આવશે. સ્મિથે દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલમાં હાર બાદ તેના સાથી ખેલાડીઓને તેના નિર્ણય વિશે જણાવ્યું અને આજે કહ્યું કે, એવું લાગે છે કે આગળ વધવાનો આ યોગ્ય સમય છે. સ્મિથે આ નિર્ણય વિશે કહ્યું કે તે એક શાનદાર સફર રહી છે અને મેં તેની દરેક ક્ષણનો આનંદ માણ્યો છે. ઘણી અદ્ભુત ક્ષણો અને અદ્ભુત યાદો રહી. તેણે કહ્યું કે, બે વર્લ્ડ કપ જીતવી એ એક મોટી સિદ્ધિ હતી. હવે લોકો માટે ૨૦૨૭ ODI વર્લ્ડ કપની તૈયારી શરૂ કરવાની એક સારી તક છે. તેથી એવું લાગે છે કે સમય યોગ્ય છે. ટેસ્ટ ક્રિકેટ હજુ પણ પ્રાથમિકતા છે અને હું ખરેખર વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ની ફાઈનલ, વેસ્ટ ઈન્ડિઝ અને પછી ઘરઆંગણે ઈંગ્લેન્ડ સામે રમવાની રાહ જોઈ રહ્યો છું. મને લાગે છે કે આ પ્લેટફોર્મ પર મારે હજુ ઘણું યોગદાન આપવાનું છે.

# ભાઈની નજર સામે જ બહેન સાથે થયા ઈન્ટીમેટ

**પુણેમાં બે યુવકોએ ૧૯ વર્ષની યુવતીને છરીની અણીએ તેના પિતરાઈ ભાઈ સાથે શારીરિક સંબંધ બાંધવા દબાણ કર્યું**

। (એજન્સી) પુણે, તા.૫ ।

મહારાષ્ટ્રના પુણેમાં થોડા દિવસો પહેલા સરકારી બસમાં મહિલા પર થયેલા બળાત્કારની ઘટનાની શાહી સુકાઈ નથી, જે કેસમાં પોલીસે આરોપીઓને પકડવા માટે તમામ પ્રયાસો કર્યા હતા. ત્યારે પુણેમાંથી જ ફરી બળાત્કારનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ ઘટનાની આગ હજુ ઠંડી પણ નહોતી પડી. ત્યાં બે લોકોએ ૧૯ વર્ષની છોકરી પર તેના પિતરાઈ ભાઈની સામે છરીની અણીએ બળાત્કાર કર્યો છે. એટલું જ નહીં, આ બંને ગુનેગારોએ યુવતી અને તેના



પિતરાઈ ભાઈને શારીરિક સંબંધ બાંધવા દબાણ પણ કર્યું હતું. આ દરમિયાન તેમણે આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ બનાવ્યો હતો. પોલીસે FIR નોંધી બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આ ઘટના પુણેના રંજનગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારના શિરુર તાલુકામાં બની હતી. કેસની તપાસ કરી રહેલા રંજનગાંવ એસપી મહાદેવ વાઘમોડેએ જણાવ્યું કે શનિવારે રાત્રે યુવતી તેના પિતરાઈ ભાઈ સાથે તેના ઘરની નજીક એકાંત જગ્યાએ બેઠી હતી. ત્યારે ત્યાં બાઈક પર બે યુવકો આવ્યા, જેમની ઉંમર ૨૦ થી ૨૫ વર્ષની વચ્ચે હતી. બંનેએ ભાઈ-બહેનની સામે બાઈક રોકી હતી અને છરી દેખાડી ધમકી આપવાનું શરૂ કર્યું હતું. આરોપીઓએ બંનેને શારીરિક સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. આ ઘૃણાસ્પદ ઘટનાનો વીડિયો પણ બનાવ્યો હતો. ત્યારબાદ આરોપીઓએ તેમના પિતરાઈ ભાઈની સામે છરી બતાવી યુવતી પર બળાત્કાર ગુજાર્યો હતો. આ સાથે આરોપીએ યુવતીની નાકની નથ અને સોનાનું પેન્ડન્ટ લૂંટીને ભાગી ગયા હતા. આ પછી યુવતીએ ૧૧૨ ડાયલ કરીને પીસીઆરને કોલ કરીને ઘટનાની જાણકારી આપી હતી. માહિતી મળતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે યુવતીની ફરિયાદ પર એફઆઈઆર નોંધી છે. આ પછી પોલીસે કોઈ સમય બગાડ્યા વિના આરોપીની ધરપકડ કરી લીધી.

## તંત્રી લેખ...

# કેદારનાથ રોપવે યોજનાને મોદી સરકારની મંજૂરી

નરેન્દ્ર મોદી કેબિનેટે બુધવારે ઉત્તરાખંડને મોટી ભેટ આપી છે. કેબિનેટે રાષ્ટ્રીય રોપવે વિકાસ કાર્યક્રમ-પર્વતમાલા પ્રોજેક્ટ હેઠળ ઉત્તરાખંડના સોનપ્રયાગથી કેદારનાથ સુધીના ૧૨.૯ કિલોમીટર લાંબા રોપવે પ્રોજેક્ટને મંજૂરી આપી છે. તેની કુલ કિંમત ૪,૦૮૧.૨૮ કરોડ રૂપિયા હશે. આ અંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે તેનો સૌથી મોટો ફાયદો એ થશે કે હાલમાં ૮-૯ કલાકની મુસાફરી ઘટીને ૩૬ મિનિટ થઈ જશે. આ સાથે કેન્દ્રીય કેબિનેટે પર્વતમાલા પ્રોજેક્ટ હેઠળ ઉત્તરાખંડના ગોવિંદઘાટથી હેમકુંડ સાહિબ સુધીના ૧૨.૪ કિલોમીટર લાંબા રોપવે પ્રોજેક્ટના વિકાસને પણ મંજૂરી આપી છે. વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે રોપ-વે જાહેર-ખાનગી ભાગીદારીમાં વિકસાવવામાં આવશે. તેને ટ્રાઈ-કેબલ ડિટેચેબલ ગોંડોલા (૩જી) ટેક્નોલોજી પર વિકસાવવામાં આવશે. તેના નિર્માણથી દરરોજ ૧૮ હજાર મુસાફરો મુસાફરી કરી શકશે. રોપવે પ્રોજેક્ટ કેદારનાથની મુલાકાતે આવતા યાત્રિકો માટે વરદાન સાબિત થશે. આ પ્રોજેક્ટ પર્યાવરણને અનુકૂળ હોવાની સાથે આરામદાયક અને ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરશે. આનાથી ઘણો સમય બચશે. સોનપ્રયાગથી કેદારનાથ સુધીના ૧૨.૯ કિમી લાંબા રોપવે પ્રોજેક્ટ અંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે તેનો કુલ ખર્ચ ૪,૦૮૧.૨૮ કરોડ રૂપિયા થશે તેનો સૌથી મોટો ફાયદો એ થશે કે જે મુસાફરીમાં હાલમાં ૮-૯ કલાકનો સમય લાગે છે તે ઘટીને ૩૬ મિનિટ થઈ જશે. તેમાં ૩૬ લોકોની બેઠક ક્ષમતા હશે. આ સાથે કેબિનેટે પશુધન સ્વાસ્થ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ (LHDCP)ના સુધારાને મંજૂરી આપી છે. પશુ ચિકિત્સા દવાને LHDCP યોજનામાં ઉમેરવામાં આવી છે. આ યોજના હેઠળ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં ૩,૮૮૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. ગોવિંદઘાટથી હેમકુંડ સાહિબ સુધીના ૧૨.૪ કિમી લાંબા રોપવે પ્રોજેક્ટ અંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે તેને ડીબીએફઓટી (ડિઝાઈન, બિલ્ડ, ફાઈનાન્સ, ઓપરેટ અને ટ્રાન્સફર) મોડ પર તૈયાર કરવામાં આવશે. તેની કુલ કિંમત ૨,૭૩૦.૧૩ કરોડ રૂપિયા હશે. આનાથી હેમકુંડ સાહિબ આવતા યાત્રિકો અને વેલી ઓફ ફ્લાવર્સની મુલાકાતે આવતા પ્રવાસીઓને સુવિધા મળશે. આ યોજના ગોવિંદઘાટ અને હેમકુંડ સાહિબ વચ્ચે સર્વ-હવામાન જોડાણ પ્રદાન કરશે.

## પ્રધાનમંત્રી રોજગાર સર્જનને પ્રોત્સાહન આપવા- લોકો, અર્થતંત્ર અને નવીનતામાં રોકાણ પર બજેટ પછીના વેબિનારને સંબોધિત કરે છે

**સરકારે આ બજેટમાં સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે ઘણા પગલાં લીધા છે, એક કોર્પસ ફંડ સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે ૧ લાખ કરોડ રૂપિયા પસાર કરવામાં આવ્યા છે : PM**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રોજગાર પર પોસ્ટ-બજેટ વેબિનારને સંબોધન કર્યું. આ પ્રસંગે સભાને સંબોધતા, તેમણે વેબિનારની થીમ, ''લોકો, અર્થતંત્ર અને નવીનતામાં રોકાણ'' ના મહત્વ પર પ્રકાશ પાડ્યો, જે વિકાસ ભારત માટે રોડમેપને વ્યાખ્યાયિત કરે છે. તેમણે ટિપ્પણી કરી કે આ વર્ષનું બજેટ આ થીમને મોટા પાયે પ્રતિબિંબિત કરે છે અને ભારતના ભવિષ્ય માટે બ્લુપ્રિન્ટ તરીકે કામ કરે છે. તેમણે ભાર મૂક્યો કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉદ્યોગો, લોકો, અર્થતંત્ર અને નવીનતામાં રોકાણને સમાન રીતે પ્રાથમિકતા આપવામાં આવી છે. ક્ષમતા નિર્માણ અને પ્રતિભા સંવર્ધન એ રાષ્ટ્રની પ્રગતિ માટે પાયાના પાયા છે તે વાત પર ભાર મૂકતા, શ્રી મોદીએ તમામ હિસ્સેદારોને આગળ વધવા અને વિકાસના આગામી તબક્કામાં આ ક્ષેત્રોમાં વધુ રોકાણ કરવા વિનંતી કરી. તેમણે ભાર મૂક્યો કે આ દેશની આર્થિક સફળતા માટે જરૂરી છે અને દરેક સંસ્થાની સફળતાનો આધાર બનાવે છે. ''લોકોમાં રોકાણ કરવાનું વિઝન ત્રણ સ્તંભો પર ઉભું છે: શિક્ષણ, કૌશલ્ય અને આરોગ્યસંભાળ'', શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારતની શિક્ષણ પ્રણાલી ઘણા દાયકાઓ પછી નોંધપાત્ર પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, IITનું વિસ્તરણ, શિક્ષણ પ્રણાલીમાં ટેકનોલોજીનું એકીકરણ અને છેં ની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ જેવી મુખ્ય પહેલો પર ભાર મૂક્યો હતો. પાઠ્યપુસ્તકોનું ડિજિટાઈઝેશન અને ૨૨ ભારતીય ભાષાઓમાં શિક્ષણ સામગ્રીની ઉપલબ્ધતા જેવા પ્રયાસોનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે, ''આ મિશન-મોડ પ્રયાસોએ ભારતની શિક્ષણ પ્રણાલીને ૨૧મી સદીના વિશ્વની જરૂરિયાતો અને પરિમાણો સાથે સુસંગત બનાવવામાં સક્ષમ બનાવી છે''. ૨૦૧૪ થી સરકારે ૩ કરોડથી વધુ યુવાનોને કૌશલ્ય તાલીમ પૂરી પાડી છે તે વાત પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ ૧,૦૦૦ ITI ના અપગ્રેડેશન અને ૫ સેન્ટર્સ ઓફ એક્સેલન્સની સ્થાપનાનો ઉલ્લેખ કર્યો. તેમણે યુવાનોને ઉદ્યોગોની જરૂરિયાતોને પૂર્ણ કરતી તાલીમથી સજ્જ કરવાના ધ્યેય પર ભાર મૂક્યો. તેમણે ટિપ્પણી કરી કે વૈશ્વિક નિષ્ણાતોની મદદથી, ભારતીય યુવાનો વિશ્વ સ્તરે સ્પર્ધા કરી શકે તે સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શ્રી મોદીએ આ પહેલોમાં ઉદ્યોગ અને શિક્ષણ સંસ્થાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો અને ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓને એકબીજાની જરૂરિયાતોને સમજવા અને પૂર્ણ કરવા વિનંતી કરી, યુવાનોને ઝડપથી બદલાતી દુનિયા સાથે અનુકૂલન સાધવા, એક્સપોઝર મેળવવા અને વ્યવહારિક શિક્ષણ માટે પ્લેટફોર્મ ઍક્સેસ કરવાની તકો પૂરી પાડી. યુવાનોને નવી તકો અને વ્યવહારુ કૌશલ્યો પ્રદાન કરવા માટે PM-ઈન્ટર્નશિપ યોજનાના લોન્ચ પર પ્રકાશ પાડતા, તેમણે આ પહેલમાં દરેક સ્તરે મહત્તમ ઉદ્યોગ ભાગીદારી સુનિશ્ચિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો. તબીબી ક્ષેત્રનો ઉલ્લેખ કરતાં, શ્રી મોદીએ આ બજેટમાં ૧૦,૦૦૦ નવી તબીબી બેઠકો ઉમેરવાનો ઉલ્લેખ કર્યો અને આગામી પાંચ વર્ષમાં તબીબી ક્ષેત્રમાં ૭૫,૦૦૦ બેઠકો ઉમેરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. તેમણે તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ટેલિમેડિસિન સુવિધાઓના વિસ્તરણ પર પ્રકાશ પાડ્યો. તેમણે ડેકેર કેન્સર સેન્ટરોની સ્થાપના અને ડિજિટલ આરોગ્યસંભાળ માળખાના વિકાસ પર પણ ભાર મૂક્યો જેથી ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ છેલ્લા માઈલ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરી શકાય. તેમણે કહ્યું કે આ પહેલ લોકોના જીવન પર પરિવર્તનશીલ અસર કરશે.

**ઘરના મુખ્ય સંસ્કાર તેની ખાનદાની, અંદરોઅંદરનાં સ્વભાવ, શિક્ષણ-શોખ વિશેની જાણકારી મેળવીને લગ્ન કરવાં એ પરંપરા વર્ષોથી ચાલી આવે છે**

# આજકાલ કન્યાનાં માતા-પિતા તરફથી લગ્નને નામે અપેક્ષાઓનું એક ચક્રવ્યૂહ શરૂ થાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આજકાલનાં માતાપિતાની દિકરીનાં લગ્ન માટેની રખાતી અપેક્ષાઓ થોડી વધુ હોય છે, એટલે પહેલાનાં જમાના કરતાં લગ્ન બાબતે વરપક્ષ પાસેથી ઘણી અપેક્ષાઓ રાખવામાં આવે છે, એ વાત સાચી છે! એનું કારણ એ પણ છે કે, હવે દીકરીઓને ખૂબ જ શિક્ષણ આપવામાં આવે.**

આજે ગુરુવાર એટલે પ્રાર્થનાનો દોર, પણ હમણાં વીમેન્સ વીક ચાલે છે તો સમાજને અમુક પ્રકારની વિનંતી કરવી, એ પણ એક પ્રકારની પ્રાર્થના જ કહેવાય! એ સંદર્ભ વિચારીને આજે આ લેખ મુકું છું. ૮ માર્ચ એટલે કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે જેને ઉજવવામાં આવે છે, તેમાં વતર્માન સમયમાં દિકરી તરીકે ઉછરતી તમામ યુવતીઓ આગળ જઈને સ્ત્રી, નારી, અને મહિલા તરીકેનું સ્થાન અને સન્માનની અધિકારી બનવાની છે, તેને એક સહજ સમજ સંસ્કારની ટકોર!. આજકાલના સમાજમાં સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધતાં દીકરીઓ ખૂબ ભણે છે, અને દરેકે દરેક ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરે છે, જે ખરેખર બહુ ગૌરવની વાત છે, પણ એક સમાજ ચિંતક હોવાને કારણે તેની થોડી ખરાબ અસર પણ ઉભી થાય છે, તો દિકરીઓ અને એમનાં માતાપિતા બંનેએ થોડું એ તરફ પણ વિચારવું જોઈએ, એવું ઘણા બધાનું એક મંતવ્ય ઉભું થયું અને લખવા માટે કહ્યું એટલે સહજ. આજકાલનાં માતાપિતાની દિકરીનાં લગ્ન માટેની રખાતી અપેક્ષાઓ થોડી વધુ હોય છે. એટલે પહેલાનાં જમાના કરતાં લગ્ન બાબતે વરપક્ષ પાસેથી ઘણી અપેક્ષાઓ રાખવામાં આવે છે, એ વાત સાચી છે! એનું કારણ એ પણ છે કે, હવે દીકરીઓને ખૂબ જ શિક્ષણ આપવામાં આવે છે,એટલે એનાં જેટલું શિક્ષણ નહોય તો આગળ જતાં અંદરોઅંદર અભિમાનનો પ્રશ્ન ન રહે, એ એક મુખ્ય કારણ છે. ઉપરાંત દીકરીને ઘરની બહાર નીકળી અને જોબ કરવા જવાનું હોય છે, એટલે આ બધાની અન્ડરસ્ટેન્ડિંગ હોય, એટલે કે શિક્ષિત યુવાન હોય તો એ આ વસ્તુને સમજી પણ શકે, ત્રીજું કારણ આજકાલ દીકરીઓ ઘરમાં ખૂબ જ એશો આરામથી ઉછરી હોય છે, અને પહેલાની જેમ તેમણે રસોડું કે અન્ય કામ શીખ્યા હોતા નથી, એટલે એ બધું ત્યાં પણ સચવાઈ રહે, એ રીતે તેની માટે ઘર ગોતવામાં આવે છે.અંદરોઅંદરના રોજના મનમોટાવ થતાં રહે છે, અને એટલે સૌથી મહત્વનું કારણ તો આજકાલ બનતા ઘરેલુ હિંસાના કિસ્સાઓ પણ છે. સમાજમાં આ રીતના કિસ્સા રોજ ને રોજ વધતાં જ જાય છે, એ કારણ પણ છે, અને આવું કોઈ સહન ન કરે એટલે તરત છૂટાછેડા. એટલે કે પતિ-પત્ની બંને એજ્યુકેટેડ અને સારું ભણેલા હોય, તો આવું થવાની શક્યતા બહુ જ નહીંવત રહે છે. જોકે મોટે ભાગે વધુ ભણેલો હોય તો મેટ્રો શહેરમાં અથવા તો વિદેશ સેટલ થયેલો હોય, એટલે દીકરીને માથે આખા ઘરની જવાબદારી પણ આવતી નથી. એકંદરે અહીં જે રીતે તેનો ઉછેર થયો છે, એ જ રીતે એ ત્યાં પણ રહી શકે, એ માટે થઈને આવી બધી અપેક્ષાઓ રખાતી હોય છે. આ વાત થઈ વિશ્લેષણની એટલે કે આ, આ, કારણસર આવી બધી અપેક્ષાઓ રખાય છે. પરંતુ હકીકતમાં આવી અપેક્ષા રાખવી જોઈએ કે નહીં?? એ સાચું કે ખોટું?? એવો પ્રશ્ન છે, તો તટસ્થ રીતે જવાબ આપવામાં આવે તો અમુક રીતે એટલે નોકરી કરવા દેવી અને કામવાળી રાખવી કે રસોઈ વાળી રાખવી ત્યાં સુધીની વાત યોગ્ય પણ છે. એટલે કે ભણતરની રીતે તેને સારું ભણેલો યુવક પસંદ કરવાની પૂર્ણ છૂટ કે સ્વતંત્રતા હોવી જોઈએ. પરંતુ જવાબદારીમાંથી કે કર્તવ્ય કમર્માથી છટકવાની વાત પર વિચારવા જેવું ખરું! એટલે કે મા-બાપ તરફથી આપણી ભારતીય સંસ્કૃતિના મૂળ સંસ્કાર તો એને આપવાં જોઈએ, કે હવેથી એ તારું ઘર છે, એટલે તે ઘરનાં તમામને અપનાવી, અને તે મુજબનું જીવન જીવવાની, હવે તેણે ટેવ પાડવી પડશે, કમાતી દીકરી હોય તો મારાં પૈસા, મારી વસ્તું, એ બધું સતત થાય એ પણ બરાબર નથી, એ માટે ત્યાગ સમર્પણની ભાવના કેળવાય એવાં સંસ્કાર આપવા જરૂરી છે. અથવા તો પોતાના પતિના પગારમાંથી પણ પોતાનો જ પહેલો હક, એ વાત પણ બરાબર નથી, અને ઘરના બધાનો એમાં હિસ્સો અથવા જરૂરિયાત મુજબ વહેંચણી પ્રેમથી સ્વીકારી લે એવો નિર્દેશ પણ કરવો જોઈએ. કારણ જે તે માતા પિતાએ તેના અઘરામાં અઘરા દિવસો કાઢી દિકરાનો ઉછેર કર્યો હોય,એ વાત ભૂલાવી ન જોઈએ. પહેલા તો જ્ઞાતિની અંદર જ લગ્ન થતાં, એટલે જ્ઞાતિના રીત રિવાજોથી દીકરી પરિચિત હોય, અને જે ઘરમાં ઉછરી હોય ત્યાં પણ એ જ મુજબ જ હોય. એટલે સંસ્કૃતિ કે રહેણી કહેણીનાં પ્રશ્ન ઓછા આવે. પરંતુ આજકાલ પ્રેમલગ્નની પરંપરા ખૂબ જ ચાલી છે, એટલે બીજી સંસ્કૃતિ અપનાવવાની હોય ત્યારે થોડાક એલર્ટ માબાપે પણ રહેવું પડે, અને થોડી સમજદારી દેખાડવી પડે. માત્ર દિકરીના નહીં પણ દિકરાના માતાપિતા એ પણ આવાં પ્રકારની પૂછપરછ અને ખાનદાન તથા ભણતર અને પગાર વિશેની જાણકારી હોવી બહુ જરૂરી બને છે. દીકરીના માતા-પિતા એ માત્ર દીકરીનું જ હિત જોવું એ બરાબર નથી. ગૃહસ્થીના હિત માટે પણ અમુક નિર્ણયો લેવા જોઈએ, કારણ કે દરેક વખતે દીકરીનું પલ્લું જ ભારે રહે એવું જરૂરી નથી, અને અહમ વધતા ક્લેશ થાય, અને આ ક્લેશ મોટું સ્વરૂપ ધારણ કરે તો છુટાછેડા સુધીની નોબત આવે છે અને એ આજકાલની જનરેશન માટે બહુ જ સામાન્ય વાત થઈ ગઈ છે, એ જ એક ચિંતાનો વિષય છે. આજકાલ મહિલા સંરક્ષણનાં કાયદાઓ વધી જતાં ઘણી દિકરીઓ નાના કારણોસર ઘર છોડી જાય છે, અને છૂટાછેડા માટે મોટી રકમની માંગણીઓ કરે છે, જે વિશે પણ વિચારવું પડે. એટલે એકવાર લગ્ન કરી દઈએ પછી ક્યાં જશે! એ જમાનો હવે છે નહીં, માટે બંને પક્ષે લગ્ન માટે કોઈ ઉતાવળ કરવી નહીં! નહીં તો વગર વાંકે કોઈપણ એક પક્ષને ભોગવવું પડે! અને આખી જિંદગી માટે ડિવોર્સીનું લેબલ લાગી જાય. ટૂંકમાં કહીએ તો જ્યાં લગ્ન કરવાનાં છે એ ઘરના મુખ્ય સંસ્કાર તેની ખાનદાની, અંદરોઅંદરનાં સ્વભાવ, શિક્ષણ અને શોખ વિશેની જાણકારી મેળવીને લગ્ન કરવાં એ પરંપરા વર્ષોથી ચાલી આવે છે. પરંતુ વધુ પડતા આગ્રહને કારણે દિકરીનું જીવન શરૂ થતાં પહેલાં જ વિખેરાઈ પણ શકે છે, એ યાદ રાખવું જોઈએ,પણ ધીરે ધીરે એરેન્જ મેરેજની સીસ્ટમ હવે પૂરી થશે, એવું આજની જનરેશન પરથી લાગે છે,અને કહેવાતા પ્રેમમાં શરુઆતમાં કોઈ શરત નથી હોતી, પણ પછીનું જીવન પ્રશ્નોથી ભરાયેલું હોય છે,એ પ્રશ્નો ગમે તેટલું ભણતર હોય તો પણ સોલ્વ નથી થતાં, આ હકીકતનો પણ ઈકાર થઈ શકે તેમ નથી. એકવાત બીજી કે કોઈ પણ પક્ષ તરફથી રખાતી અપેક્ષા કાયમ અપેક્ષા જ રહે છે, જે સામેની બીજી વ્યક્તિને ખૂંચે જ છે, પછી એ સારાં હેતુથી રાખી હોય કે ખરાબ હેતુથી પણ, એ એટલું સારું પરિણામ નથી આપતી એ સત્ય છે. દાખલા તરીકે આપણે આપણા સંતાનો પાસેથી અમુક પ્રકારની અપેક્ષાઓ રાખીએ, કે તેણે આટલું ભણવુ, કમાતો હોય તો આપણને મદદ કરવી, કે પછી કર્તવ્ય કર્મ રૂપે વહું દિકરી એ ઘરકામ કરવા વગેરે,તો એ ફરજિયાત બને એટલે ન ગમે તેવું થાય. કમાતી વહું હોય તો એને માથે પણ ઘરખર્ચની કે અન્ય જવાબદારી નાખવી, એટલે કોઈ પણ સંબંધમાં વધુ પડતી અપેક્ષા રાખવામાં આવે તો એ બરાબર નથી, અને બસ આવાં નાનાં નાનાં કારણોસર લગ્ન વિચ્છેદ થાય એ પણ બરોબર નથી. આપણી સંસ્કૃતિમાં ગૃહસ્થીની પ્રસન્નતા માટે બંને પક્ષોએ અંદરોઅંદરની સમજૂતી કેળવવી જોઈએ એ સત્ય આજકાલની જનરેશને સમજવા માટે નિર્દેશ કરેલ છે, કારણ કે અંતે તો માનવી એક સામાજિક પ્રાણી હોવાથી એને રહેવાનું તો સમાજમાં જ છે, એ સત્ય યાદ રાખી લગ્ન કરનાર બંને પરિવારો એ સમજીને એકબીજા પ્રત્યે બને એટલી ઓછી અપેક્ષા રાખવી જોઈએ. જય હિન્દ.

**શ્રાપ સાંભળી નળકુબેર અને મણિગ્રીવને પશ્ચાત્તાપ થયો, દુઃખ થયું, તેઓ નારદજીને શરણે આવ્યા ક્ષમા કરો, ભગવાન ક્ષમા કરો!**

# જેટલા સાચા હશો એટલા જ એકલા હશો, કેમ કે લોકોને સત્ય જાણવું છે પણ સ્વીકારવું નથી...



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ચલણની રૂપિયા સોની નોટ ફાટી ગયેલી હોય, પણ જો નોટનોનંબર દેખાતો હોય,તો નોટને કોઈ ફેંકી દેતું નથી, તેમ આ શરીર નંબર વાળી નોટ છે, એટલે એનું પૂરું મૂલ્ય ઉપજાવી શકાય એમ છે તો શા માટે ન ઉપજાવવું? મનુષ્ય કહે છે કે, હું વ્યવહારુ છું, તો વ્યવહારુ માણસ કદી આવી ચલણી નોટને ઉકરડે નાખે ખરો? બુદ્ધિશાળી માણસ કદી એવું કરે ખરો? આ શરીર પરમાત્માનાં કાર્ય માટે છે.**

ગુજરાત સરકાર મેદસ્વિતા (ચરબી)મુક્ત શરીર કુપોષણના વાવાઝોડા વચ્ચે અભિયાન નાગરિકોમાં શરૂ કરશે ત્યારે એક ખૂણામાં બેઠેલ મગનકાકા અને છગનીયો એકબીજાને પુછી રહ્યા હતા કે આપણા લોકસેવકોની મેદસ્વિતા (ચરબી) ઉતરે તેવી ચળવળ કોણ ઉપડશે ??આ બધા વચ્ચે આપણે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો આ મનુષ્ય શરીર પ્રભુએ અત્યંત કૃપા કરી આપણને આપેલું છે. મનુષ્યો એને પ્રાપ્ત કરીને પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખતા નથી અને પ્રભુચરણનું શરણ લેતા નથી તે મનુષ્ય અતિ શોચનીય છે. તેઓ પોતે પોતાની જાતને દગો દઈ રહ્યા છે.અનિત્ય શરીરના સાધન દ્વારા નિત્ય એવા પ્રભુની પ્રાપ્તિ થઈ શકે છે, છતાં જે ન કરે તેના જેવો કમનસીબ કોણ? ચલણની રૂપિયા સોની નોટ ફાટી ગયેલી હોય, પણ જો નોટનોનંબર દેખાતો હોય,તો નોટને કોઈ ફેંકી દેતું નથી,તેમ આ શરીર નંબર વાળી નોટ છે. એટલે એનું પૂરું મૂલ્ય ઉપજાવી શકાય એમ છે તો શા માટે ન ઉપજાવવું? મનુષ્ય કહે છે કે,હું વ્યવહારુ છું. તો વ્યવહારુ માણસ કદી આવી ચલણી નોટને ઉકરડે નાખે ખરો? બુદ્ધિશાળી માણસ કદી એવું કરે ખરો? આ શરીર પરમાત્માનાં કાર્ય માટે છે. પ્રભુએ કૃપા કરીને તે આપ્યું છે. મદમાં અંધ થયેલા લોકોને કાંઈ ભાન નથી. શરીરનો ઉપયોગ કેવળ ભોગવિલાસમાં કરે તેને બીજા જન્મમાં વૃક્ષ થવું પડે છે.એ ભોગ યોનિ છે. વૃક્ષ એ જડ નથી, તે પાપ યોનિ છે.છ ઋતુ ના તેને માર સહન કરવા પડે છે. માટે એવી રીતે ભોગ ન ભોગવો કે વૃક્ષ થવું પડે! આ બંને યક્ષો મદથી આંધળા અજિતેન્દ્રિય બન્યા હતા. તેથી હે વૃક્ષો,તમે વૃક્ષ થઈને રહો! એવો નારદજીએ તેમને શ્રાપ આપ્યો. શ્રાપ સાંભળી નળકુબેર અને મણિગ્રીવને પશ્ચાત્તાપ થયો, દુઃખ થયું.તેઓ નારદજીને શરણે આવ્યા ક્ષમા કરો,ભગવાન ક્ષમા કરો!નારદજીએ કૃપા કરી તેને ગોકુળમાં વક્ષનો અવતાર આપ્યો છે. તેમણે કહ્યું,જાઓ, નંદબાબા ના ઘરના આંગણામાં તમનેવૃક્ષનો અવતાર મળશે.ત્યાં તમનેશ્રીકૃષ્ણ નાં ચરણનો સ્પર્શ થશે એટલે મુક્તિ મળશે. આ શ્રાપ કહેવાય કે આશીર્વાદ? યોગીઓ પણ વૃંદાવનમાં વૃક્ષ- લતાનો અવતાર માગે છે, ત્યારે આમને સામેથી વગર માગ્યે મળે છે. નારદજીએ શ્રાપ તો આપ્યો, પણ સંતોનો શ્રાપ કે ક્રોધ હંમેશાં આશીર્વાદ રૂપ હોય છે.એટલે તેમને ગોકુળમાં વૃક્ષોનો અવતાર મળ્યો. ઉદ્ધવજી વૃંદાવનમાં ગોપીઓનો શ્રીકૃષ્ણપ્રેમ જોઈ અને ત્યાંનું પ્રભુ મય વાતાવરણ જોઈ મનની એવી ઝંખના પ્રગટ કરે છે કે,અહીં તો ગોપીઓ પણ મુકુંદ પદવીને પામેલી છે.એવી આ ગોપીઓની ચરણરજ અહીંની વૃક્ષલતાને મળે છે. વૃક્ષલતાઓનું એ ભાગ્ય જોઈ મને પણ એવી કોઈ વૃક્ષ લતા રૂપે અહીં જન્મ આપો એવી હું પ્રભુને પ્રાર્થના કરું છું.વ્રજની ભૂમિનું કેવું અનુપમ સૌભાગ્ય છે! પ્રભુએ નળ કુબેર-મણિગ્રીવરૂપ તે બે વૃક્ષોનો ઉદ્ધાર કર્યો. નળકુબેર-મણિગ્રીવે ભગવાનની સ્તુતિ કરી કે,હે ભગવાન! અમે તમારી પાસે એટલું જ માગીએ છીએ કે, અમારી વાણી ફક્ત આપના ગુણાનુવાદ ગાવામાં રચીપચી રહો અમારા કાન આપની કથા સાંભળવામાં તલ્લીન રહો, અમારા હાથ આપના સેવાકાયર્મા અને અમારું મન આપનાં ચરણો નું સ્મરણ કરવામાં લીન રહો, અમારું મસ્તક આપના નિવાસ રૂપ જગતને પ્રણામ કરવા માં રત રહો. અમારી દૃષ્ટિ આપની મૂર્તિ રૂપ સંતપુરુષોનું દર્શન કરવામાં તત્પર રહો, આંખ,કાન,હાથ,પગ, વાણી એમ એક એક ઈન્દ્રિયને ભક્તિરસનું દાન કરો તો ઈન્દ્રિયો ને શાંતિ મળશે. નળકુબેર-મણિગ્રીવ આ સ્તુતિ કરી ગોલોક ધામમાં ગયા છે. ગોલોક ધામમાં નિત્ય શ્રીકૃષ્ણ લીલા થાય છે. આજે તેઓ સ્નિગ્ધ અને મધુકંઠરૂપે ગોલોકમાં રોજ શ્રીકૃષ્ણ કીર્તન કરે છે. વૃક્ષ પડવાનો અવાજ ગોપીઓએ સાંભળ્યો. એટલે ગોપીઓ દોડતી ત્યાં આવી છે.આવડા મોટાવૃક્ષ કેવી રીતે પડ્યાં? એટલામાં તેમણે ત્યાં કનૈયાને જોયો. ભગવાનની દયા કે અમારો કનૈયો બચી ગયો. નંદબાબા દોડતા આવ્યા છે. જોયું કે કનૈયો ખાંડણિયા સાથે બંધાયો છે.તરત એમણે એને છોડયો. નંદ બાબા કનૈયાને કહે છે,બેટા,તું કોનો દીકરો છે?કનૈયો કહે છે, આજ સુધી માનો હતો, પણ આજથી તમારો દીકરો છું. નંદબાબાને ઈચ્છા હતી કે,એક વખત કનૈયો કહે કે,બાબા, તમારો દીકરો છું.આજે તે ઈચ્છા પૂર્ણ થઈ. નંદબાબાએ યશોદાને ઠપકો આપ્યો,આવું કરાતું હશે? લાલાને કેમ બાંધ્યો?યશોદા જવાબ આપે છે, શું કરું?તેને ચોરી કરવાની આદત પડી છે. ચોરીની આદત છોડાવવા મેં એને બાંધ્યો છે.મને કંઈ એના પર રીસ નથી.લાલો તો મારો પ્રાણ છે. પછી લાડ કરી યશોદા લાલાને બોલાવે છે,બેટા,અહીં આવ!પણ કનૈયો જવાબ આપે છે,હું તો બાબાનો દીકરો છું! યશોદા વિચારે છે, ગોપીઓ રડતી હતી, બાળકો રડતાં હતાં, છતાં મેં નિષ્ઠુર થઈ લાલાને બાંધ્યો.મેં લાલાને બાંધ્યો તે યોગ્ય નથી કર્યું. યશોદા લાલાને મનાવે છે,પણ શ્રી કૃષ્ણ જતા નથી.યશોદાજી કહેછે મારો કનૈયો રિસાયો.લાલો હવે ક્યારે ગોદમાં આવશે. એકદમ એ રડી પડ્યા. રડતાં રડતાં કહે, કદી તને નહીં બાંધું!મારી ભૂલ થઈ લાલા! વૈષ્ણવ રડે છેતે પરમાત્માને સહન થતું નથી.શ્રીકૃષ્ણ પ્રેમ કરે છે તેવો પ્રેમ કોઈ કરી શકે નહીં.શ્રીકૃષ્ણ માટે જે રડે છે તેને કનૈયો આવીને મળે છે.હસનારને કનૈયો મળતો નથી.યશોદાજી રડવા લાગ્યાં.શ્રી કૃષ્ણથી આ સહન થયું નહીં. કનૈયો દોડતો આવ્યો અને માની ગોદમાં બેઠો. પછી પિતાંબરથી માનાં આંસુ લૂછે છે.માએ પ્યાર કર્યો છે. છોકરો કેવો ડાહ્યો છે!માતાજી લાલાને સમજાવે છે બેટા,મેં તને બાંધ્યો તે મારી ભૂલ થઈ. બેટા,મેં તને બાંધ્યો તે મનમાં રાખીશ નહીં.તું ભૂલી.જા!કનૈયો માને કહે છે,મા,હું બધું ભૂલીશ પણ તેં મને બાંધ્યો તે નહીં ભૂલું! મા, હું મોટો થઈશ, તો પણ એ નહીં ભૂલું! મા એ ભૂલવા જેવી ચીજ નથી! મા,હું તને છોડીને જઈશ પણ તારો પ્રેમ છોડી નહીં જઈ શકું, એટલે આ તારું પ્રેમ બંધન કનૈયો કદી ભૂલશે નહીં. મા,હું કોઈનો નહીં,પણ તારો બંધાયેલો છું. ગોકુળની આ મુખ્ય લીલા છે.જ્ઞાની અને તપસ્વી ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે, પણ સ્વાત્માને બાંધવાની શક્તિ જ્ઞાનીમાં નથી.ભક્તિ જ ભગવાન ને બાંધી શકે છે.જ્ઞાની બ્રહ્મનું ચિંતન કરતાં કરતાં બ્રહ્મમય થઈ શકે છે, પણ અનન્ય ભક્તિ જ ભગવાનને બાંધી શકેછે.તપ કરતાં જ્ઞાન કરતાં પ્રેમ લક્ષણા ભક્તિ જ શ્રેષ્ઠ છે.જ્ઞાન અને તપ ભગવાનને બાંધી શકે નહીં. જ્ઞાની ઓ તપસ્વીઓ બ્રહ્મ ચિંતન કરે છે, પણ પ્રેમલક્ષણા ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે. જીવમાત્ર ઉપર પરમાત્મા પ્રેમનો વરસાદ વરસાવે છે,પણ આ જીવ એવો દુષ્ટ છે કે,તે પ્રભુ સાથે પ્રેમ કરતો નથી.પ્રભુમાં પ્રેમ જગાડવા માટે પ્રભુના ઉપકારોનું સ્મરણકરો ઠાકોરજીને લીધે હું સુખી છું. પ્રભુની કૃપાથી હું સુખી થયો છું. એવો વારંવાર વિચાર કરશો તો પ્રભુમાં પ્રભુ જાગશે.પરમાત્મા બીજું કાંઈ માગતા નથી માત્ર પ્રેમ માગે છે.પ્રભુ સાથે પ્રેમ કરવો હોય તો બે વસ્તુઓ હંમેશાં ધ્યાનમાં રાખજો.પ્રભુ પાસે કાંઈ માગશો નહીં અને પ્રભુએ કરેલા ઉપકારો ભૂલશો નહીં.બીજા કોઈ બળથી જીવ પ્રભુને બાંધી શકે નહીં ફક્ત પ્રેમ દોરીથી બાંધી શકે છે. ભાગવતમાં હાસ્યરસ, શ્રૃંગારરસ, વીરરસ, કરુણરસ વગેરે નવ રસો છે અને દસમો રસ ભક્તિરસપણ તેમાં છલોછલભર્યો છે.ભક્તિ રસ બીજા નવેનવ રસોથી ઉત્તમ છે. કારણ કે અન્ય સર્વ રસમાંકડવાશ છે.તુલસીદાસજી કહે છે કે ભક્તિ જ પ્રભુને પીગળાવી શકે છે. ભક્તિને કોઈપણ જાતની અવ લંબનની જરૂર પડતી નથી.તે સ્વતંત્ર છે. જ્ઞાન-વિજ્ઞાન ભક્તિને આધીન છે ભક્તિએ કોઈને આધીન નથી. આથી ભક્તિ શ્રેષ્ઠ છે.આવો છે ભક્તિનો મહિમા. જ્ઞાનીને કાંઈક માયાના આવરણ સાથે બ્રહ્મનાં દર્શન થાય છે. જ્ઞાનીને કીર્તિ વગેરેની પણ ઝંખના થયા કરે છે, જ્યારે ભક્તિને કોઈ વળગણનથી ભક્તિ નિરાવરણ છે.અરે, પ્રભુનો એને સાક્ષાત્કાર થાય છે તે યે નિવારણ છે. આવરણ વગરના નિરાવરણ બ્રહ્મનો સાક્ષાત્કાર એકલી ગોપી ઓને જ થયો છે. એટલે કે ભક્તિ ને થયો છે. અંદરના વિકારો જવા જોઈએ. સાધુ થવાની જરૂર નથી,પણ સરળ થવાની જ જરૂર છે. જીવ નિર્મળ ન થાય,નિર્દોષ ન થાય ત્યાં લગી તેને ઈશ્વરનાં દર્શન થતાં નથી. વાચક ચાહક મિત્રો,ગુજરાતમાં ગરમી ઠંડી વચ્ચે આજથી હોળાષ્ટ કમુરતા બેઠા ૧૩મી માર્ચ સુધી રહેશે અને ૧૪મી માચથી ૧૩મી એપ્રિલ સુધી મીનાર્ક કમુરતા રહેશે આ સમયગાળા દરમિયાન શુભ કાર્યો ન થાય પણ પ્રજા વિસ્તાર લક્ષી કાર્યો તો થાય ને લોકોની (ચરબી) મેદસ્વિતા ઉતારવાના અભિયાન અંતર્ગત મોટી મોટી જાહેરાતો આવશે પણ લોકસેવકોની (ચરબી) મેદસ્વિતા ઉતારવા માટે શું ? સમજાય તો ધન્યવાદ બાકી તો છેલ્લે પાપ તમે કરો ને ધોવે ગંગા. કોને બેવકૂફ બનાવો છો.તમે પોતાને?ગંગાને?કે દુનિયાને? વંદે માતરમ્ ભારત માતા કી જય.. જય શ્રી રામ.. અસ્તુ..

### ભોજપુરી અભિનેત્રી અક્ષરા સિંહને આજે કોઈ પણ ઓળખની જરૂર નથી

# અક્ષરા સિંહના કિલર લૂકે ઈન્ટરનેટ પર લગાવી આગ

### અક્ષરા સિંહ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે, તેના ઈન્સ્ટાગ્રામ પર ૬.૭ મિલિયનથી વધુ ફોલોઅર્સ છે

ભોજપુરી અભિનેત્રી અક્ષરા સિંહને આજે કોઈ ઓળખની જરૂર નથી. તે પોતાની સુંદરતા, અભિનય અને ડાન્સથી બધાનું દિલ જીતી લે છે. તાજેતરમાં તેણે તેના લેટેસ્ટ ફોટોશૂટની એક ઝલક ચાહકો સાથે શેર કરી છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.અભિનેત્રી અક્ષરા સિંહ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે.



તેના ઈન્સ્ટાગ્રામ પર ૬.૭ મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. તે તેની નવી ફિલ્મ સાથે સંબંધિત હોય કે અંગત બાબત દરેક અપડેટ ફેન્સ સાથે શેર કરે છે. આ દરમિયાન અભિનેત્રીની આ નવી તસવીરોએ ચાહકોનું દિલ જીતી લીધું છે. ચાહકો આ ફોટાને ખૂબ પસંદ કરી રહ્યા છે. ફોટામાં અભિનેત્રીનો ગ્લેમરસ લૂક જોઈ શકાય છે. તમને જણાવી દઈએ કે અભિનેત્રી અક્ષરા સિંહે બ્લેક કલરનો હાઈ સ્લિટ ગાઉન પહેર્યો છે.અભિનેત્રીએ બ્લેક ગાઉન સાથે તેના વાળને સ્ટાઈલિશ લુક આપ્યો છે. સાથે થોડો મેક-અપ કર્યો છે. તેણે હીરાના આભૂષણો પહેર્યા છે. આ લૂકમાં અક્ષરા કેમેરા કિલર પોઝ આપતી જોવા મળે છે.

# નોરા ફતેહી-કરણ જોહરે ઓસ્કર આફ્ટર અને પાર્ટીની માણી મોજ

### કરણ જોહર પણ સામેલ હતો સાથે અભિનેત્રી અને ડાન્સર નોરા ફતેહી પણ પાર્ટીમાં ચમકી



ઓસ્કર ૨૦૨૫ સમારંભમાં શ્રેષ્ઠ મૂવીઝની ઉજવણી કર્યા પછી સેલિબ્રિટીઓ આ વર્ષના નોમિનીઝ અને વિજેતાઓ સાથે ઉજવણી કરવા વેનિટી ફેર પાર્ટીમાં પહોંચ્યા હતા. ઓસ્કરની ગેસ્ટ લિસ્ટમાં ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની જાણીતી હસ્તીઓ પહોંચી હતી.ફિલ્મ નિર્માતા કરણ જોહર પણ સામેલ હતો સાથે અભિનેત્રી અને ડાન્સર નોરા ફતેહી પણ પાર્ટીમાં ચમકી હતી. કરણ જોહરે ડિઝાઈનર ગૌરવ ગુપ્તા દ્વારા ડિઝાઈન કરેલ બોલ્ડ અને સ્ટાઈલિશ પોશાક પહેર્યો હતો. ધ રોકી ઔર રાની કી પ્રેમ કહાની દિગ્દર્શકે ફરી એકવાર સાબિત કર્યુ કે તેઓ ફેશનની દુનિયામાં ટ્રેન્ડસેટર છે.ડાયેટ સબ્યા દ્વારા ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરવામાં આવેલ એક વીડિયોમાં કરણ જોહર ઈવેન્ટ માટે તૈયાર થતો જોવા મળે છે. આફટર-પાર્ટી માટે ફિલ્મ નિર્માતાએ ઓલ-બ્લેક ટેઈલર્ડ સૂટ પહેર્યો હતો. કરણે બ્લેક શર્ટ, બ્લેઝર અને મેચિંગ ટ્રાઉઝર પહેર્યું હતું. જોહરે તેના ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર વીડિયોને પણ શેર કર્યો હતો.અભિનેત્રી નોરા ફતેહી તેની ફેશન સેન્સ માટે જાણીતી છે. તેણે ઓસ્કર ડે લા રેન્ટા દ્વારા તૈયાર કરેલ સિલ્વર ગાઉન પહેર્યું હતું, જેના પર ફ્લોરલ પેટર્નનું કામ કરેલું હતું. ઉપરાંત, નિર્માતા ગુનિત મોંગા પણ પાર્ટીમાં હાજર હતી.ગુનીતે મનીષ દ્વારા ડિઝાઈન કરાયેલ અદભૂત બ્રાઉન એસેમ્બલ પહેર્યુ હતું. જેમાં પરંપરાગત અને આધુનિક શૈલીઓનું મિશ્રણ હતું. કોર્સેટ સાથે સાડીનો સંગમ કર્યો હતો. સાથે એક ઓવરકોટ પણ હતો. તેણે મોચા બ્રાઉન આઉટફિટ સાથે મનીષ મલ્હોત્રાના સુંદર દાગીનાના લેબલમાંથી ક્લચ અને સ્ટડ ઈયરિંગ્સ સ્ટાઈલ કર્યા હતા.મોંગાની શોર્ટ ફિલ્મ 'અનુજા' ઓસ્કરમાં લાઈવ એક્શન શોર્ટ કેટેગરીમાં નોમિનેટ થઈ હતી, પરંતુ ડચ



ભાષાની ફિલ્મ 'આઈ એમ નોટ અ રોબોટ' સામે હારી ગઈ હતી. એડમ જે ગ્રેવ્સ દ્વારા નિર્દેશિત, અનુજાની વાર્તા અનુજા નામની નવ વર્ષની છોકરીની આસપાસ ફરે છે, જે તેની મોટી બહેન, પલક સાથે નાનકડી ગલીમાં ગારમેન્ટ ફેક્ટરીમાં કામ કરે છે. હોલીશોટ્ર્સ ફિલ્મ ફેસ્ટિવલ, ન્યૂ યોર્ક શોટ્ર્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ અને મોન્ટક્લેર ફિલ્મ ફેસ્ટિવલ જેવા પ્રતિષ્ઠિત ફેસ્ટિવલમાં પ્રશંસા પામ્યા બાદ ટૂંકી ફિલ્મ ઑસ્કરની રેસમાં પ્રવેશી હતી. આ ઉપરાંત, ઓસ્કરની પાર્ટીમાં વિદેશી કલાકારો, સેલિબ્રિટીઝ, હોલીવુડના કલાકારોએ પણ મોજ કરી હતી.

### કરીશ્માએ સંઘર્ષના દિવસો યાદ કર્યા

# ઓડિશન વખતે કરીશ્મા તન્નાએ બોડી શેમિંગ અને રિજેક્શન સહન કર્યું

### ઘણા સંઘર્ષનો સામનો કરી ચૂકેલી કરિશ્માએ નાના પડદાથી મોટા પડદા સુધીની સફર કરી છે

અભિનેત્રી કરિશ્મા તન્નાએ ટેલિવિઝનના સૌથી લોકપ્રિય શૉ ક્યોંકી સાસ ભી કભી બહુ થી સાથે તેની અભિનય કારકિર્દીની શરુઆત કરી હતી. જોકે આ શૉથી કરિશ્માને વધારે ઓળખ મળી ન હતી. ઘણા સંઘર્ષનો સામનો કરી ચૂકેલી કરિશ્માએ નાના પડદાથી મોટા પડદા સુધીની સફર કરી છે.એક ઈન્ટરવ્યૂમાં કરિશ્માએ તેના સંઘર્ષના દિવસોને યાદ કરતા જણાવ્યું હતું કે, કેવી રીતે તેને ઈન્ડસ્ટ્રીમાં ફિલ્મોમાં રોલ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. કરિશ્માએ ખુલાસો કર્યો હતો કે જ્યારે પણ તે ફિલ્મો માટે ઓડિશન આપવા ગઈ ત્યારે તેને બોડી શેમિંગ અને રિજેક્શનનો સામનો કરવો પડ્યો હતો. કરિશ્મા તન્નાને જ્યારે પણ કહેવામાં આવે છે કે, તે ટીવી અભિનેત્રી હોવાને કારણે ફિલ્મોમાં ભૂમિકાઓ મેળવી મુશ્કેલ છે ત્યારે તેણે અપમાનિત અને નિરાશા અનુભવાય છે. જોકે હવે વસ્તુઓ બદલાઈ રહી છે. તેમ છતાં નોકરી મળવાની કોઈ ગેરંટી નથી. તેણે કહ્યું હતું કે, આ નિરાશા છે, અપમાન છે અને સાથે જ હું એ પણ મૂંઝવણમાં છું કે તમે એક અભિનેતાને એક શ્રેણીમાં કેમ મૂકી રહ્યા છો? લીટીઓ શા માટે દોરી છે? કલાકાર એ કલાકાર છે.અગાઉ ટીવી, ફિલ્મ અને થિયેટર કલાકારો વચ્ચે મોટી રેખાઓ હતી. હવે મને લાગે છે કે વસ્તુઓ બદલાઈ રહી છે અને સરળ થઈ રહ્યું છે.



### 'સૌદાગર'નું દિગ્દર્શન સુધેન્દુ રોય દ્વારા કરવામાં આવ્યું હતું

# પર વર્ષ પહેલાં અમિતાભ અને નૂતનની ફિલ્મ ઓસ્કારમાં નોમિનેટ થઈ હતી

### અમિતાભ બચ્ચન મુખ્ય ભૂમિકામાં હતા-નૂતન તેમની સામે મુખ્ય ભૂમિકામાં હતા

પર વર્ષ પહેલાં અમિતાભ બચ્ચનની આ ફિલ્મને ભારતમાંથી ૪૬મા ઓસ્કાર એવોર્ડ માટે પસંદ કરવામાં આવી હતી. ૧૯૭૩માં રિલીઝ થયેલી ફિલ્મ 'સૌદાગર'નું દિગ્દર્શન સુધેન્દુ રોય દ્વારા કરવામાં આવ્યું હતું. ૯૭મા Oscars એવોર્ડ્સ ૨૦૨૫માં ભારતને નિરાશાનો સામનો કરવો પડ્યો છે. પ્રિયંકા ચોપરા અને ગુનીત મોંગાની ટૂંકી ફિલ્મ 'અનુજા' ટૂંકી ફિલ્મ શ્રેણી માટે ઓસ્કારમાં ગઈ, પરંતુ હારી ગઈ. આ સાથે, ભારતને આ વર્ષે ઓસ્કારમાંથી ખાલી હાથે પાછા ફરવું પડ્યું. ભારતીય સિનેમામાં પણ ઓસ્કાર એવોર્ડ્સ છે, પરંતુ ઓસ્કારમાં ગયેલી મોટાભાગની ફિલ્મો નિરાશાજનક રહી છે. આમાં પર વર્ષ જૂની ફિલ્મ 'સદીના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન'નો પણ સમાવેશ થાય છે. અમિતાભ બચ્ચનના કરિયરની આ પહેલી ફિલ્મ હતી, જેને ૪૬મા એકેડેમી એવોર્ડ્સમાં ભારત તરફથી સત્તાવાર એન્ટ્રી મળી હતી. આ ફિલ્મને શ્રેષ્ઠ વિદેશી ભાષા શ્રેણી માટે પસંદ કરવામાં આવી હતી પરંતુ તે ઓસ્કાર નોમિનેશન મેળવી શકી ન હતી.૧૯૭૩માં રિલીઝ થયેલી ફિલ્મ 'સૌદાગર'નું દિગ્દર્શન સુધેન્દુ રોય દ્વારા કરવામાં આવ્યું હતું. ફિલ્મ સૌદાગરમાં અમિતાભ બચ્ચન મુખ્ય ભૂમિકામાં હતા અને નૂતન તેમની સામે મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મ 'સૌદાગર' બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી નહીં, પરંતુ અમિતાભ અને નૂતનની જોડીએ દર્શકોને ચોક્કસ પ્રભાવિત કર્યા. ફિલ્મ 'સૌદાગર'ની વાર્તા લોકપ્રિય લેખક નરેન્દ્ર નાથ મિત્રાની વાર્તા પર આધારિત છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચને ગોળ વેચનારની શાનદાર ભૂમિકા ભજવી હતી. સૌદાગરમાં અમિતાભ બચ્ચનના પાત્રનું નામ મોતી હતું. રોજીરોટી કમાવવા માટે, મોતી દુકાનમાંથી ખજૂરનો રસ કાઢતો અને તેને ગોળમાં ફેરવીને વેચતો. અમિતાભ બચ્ચનની આ ફિલ્મ ભલે સારી ન ચાલી, પણ તેમનો રોલ હજુ પણ દર્શકોમાં હિટ છે. 'સજના હે મુઝે સજના કે લિયે' નામનું લોકપ્રિય ગીત 'સૌદાગર' ફિલ્મનું છે, જે આજે પણ છોકરીઓના હોઠ પર છે. કિશોર કુમાર દ્વારા ગાયેલા 'હર હસીન ચીઝ કા' અને લતા મંગેશકર દ્વારા ગાયેલા 'તેરા મેરા સાથ રહે' જેવા ગીતોએ ફિલ્મ 'સૌદાગર'ને યાદગાર બનાવી દીધી છે. અભિનેત્રી પદ્મા ખન્નાએ પણ ફિલ્મ સૌદાગરથી ઘણી ખ્યાતિ મેળવી હતી. 'સજના હે મુઝે સજના કે લિયે' ફક્ત પદ્મા ખન્ના પર જ ફિલ્માવવામાં આવી હતી. ફિલ્મમાં પદ્મા ખન્નાની સુંદરતાએ દર્શકોને આકર્ષિત કર્યા. ઉલ્લેખનીય છે કે પદ્મા ખન્નાએ રામાનંદ સાગરની રામાયણમાં કૈકેયીની ભૂમિકા ભજવી હતી. ૪૬મા ઓસ્કાર એકેડેમી એવોર્ડ્સ માટે શ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મ શ્રેણીમાં ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરાયેલી આ ફિલ્મમાં મહજુબીન તરીકેની તેમની શ્રેષ્ઠ ભૂમિકાઓમાંની એકમાં વૃદ્ધ નૂતન હતી, જેને પરિપક્વ અમિતાભ બચ્ચન દ્વારા મોતાલેફ અથવા મોતી તરીકે એક માંગણીભરી ભૂમિકામાં પૂરતો ટેકો મળ્યો હતો.





# અમિતાભ બચ્ચનને લાગે છે કે અભિષેક બચ્ચન 'ભત્રીજાવાદ નકારાત્મકતાનો શિકાર'

અભિષેક બચ્ચન 'બિનજરૂરી રીતે ભત્રીજાવાદ નકારાત્મકતાનો શિકાર બન્યો' તેવા X યુઝરના દાવા પર અમિતાભ બચ્ચન જવાબ આપે છે: ''માત્ર એટલા માટે નહીં કે હું તેનો પિતા છું...'' બોલિવૂડના દિગ્ગજ અમિતાભ બચ્ચને તેમના પુત્ર અભિષેક બચ્ચનના તાજેતરના અભિનય પ્રયાસો માટે પ્રશંસા કરતી પોસ્ટ્સની શ્રેણી શ્રેણી શેર કરી. બોલીવુડના 'શહેનશાહ' અમિતાભ બચ્ચને X (પહેલાનું ટ્વિટર) પર પોતાના વિચારો શેર કર્યા, જ્યારે કેટલાક યુઝર્સે તેમના પુત્ર અભિષેક બચ્ચનના તાજેતરના અભિનય પ્રયાસોની પ્રશંસા કરતા તેમનો ઉલ્લેખ કર્યો. એક યુઝરે ટ્વીટ કર્યું કે ગુરુ સ્ટાર બિનજરૂરી રીતે ''ભત્રીજાવાદ નકારાત્મકતા''નો ભોગ બન્યો છે, ભલે તેમણે ઘણી વિવેચકો દ્વારા વખાણાયેલી મોશન પિક્ચસર્માં અભિનય કર્યો હોય. બિગ બીએ ટ્વીટ સ્વીકારી લીધી. તેમણે પોસ્ટનો જવાબ આપતા લખ્યું, ''મને પણ એવું જ લાગે છે... અને માત્ર એટલા માટે નહીં કે હું તેનો પિતા છું.'' અભિષેક બચ્ચન તાજેતરમાં જ ખૂબ જ સફળ પણ વ્યાપારી રીતે નિષ્ફળ ગયેલી ફિલ્મ ''આઈ વોન્ટ ટુ ટોક'' માં કેન્સર પીડિતની ભૂમિકા ભજવતો જોવા મળ્યો હતો . અમિતાભ બચ્ચને તેમના તાજેતરના ટ્વીટ્સમાં તેમના પુત્રના પ્રયાસો વિશે ખુલીને વાત કરી. અમિતાભ બચ્ચન તાજેતરમાં જ તેમના પુત્ર અભિષેક બચ્ચન વિશે ચાહકોના પ્રશ્નો અને પોસ્ટ્સના જવાબ આપી રહ્યા હતા. જ્યારે એક યુઝરે અભિષેક બચ્ચનની આગામી પૂર્ણ-લંબાઈની ફિલ્મ, બી હેપ્પીનો પ્રોમો શેર કર્યો , ત્યારે અમિતાભે પોસ્ટને ટાંકીને કહ્યું, ''અભિષેક, તું અસાધારણ છે. તું દરેક ફિલ્મના પાત્ર સાથે કેવી રીતે અનુકૂલન કરે છે અને બદલાય છે તે એક કલા છે, જે અદ્ભુત છે. લવ યુ, ભૈયુ.'' બીજી એક પોસ્ટમાં, એક યુઝર તાજેતરમાં પૂર્ણ થયેલા HT ઈન્ડિયાના મોસ્ટ સ્ટાઈલિશ એવોર્ડ્સમાં અભિષેક બચ્ચનના દેખાવની પ્રશંસા કરતો જોવા મળ્યો. કાર્યક્રમમાં જુનિયર બચ્ચનના દેખાવ પર પ્રકાશ પાડતા, અમિતાભે લખ્યું, ''ઉત્તમ.. અભિષેક.. અદભુત.. અભિષેક.. ચાલવાની સુંદરતા અને.. શૈલી.. અને કોઈ હલચલ નહીં.

### થંડેલ ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી

# નાગા ચૈતન્ય અને સાઈ પલ્લીની ફિલ્મ થંડેલ ઓટીટી પર સ્ટ્રીમ થશે




દક્ષિણ સુપરસ્ટાર સાઈ પલ્લવી-નાગા ચૈતન્યની ફિલ્મ થંડેલ ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થયા પછી ધૂમ મચાવી દીધી હતી. આ ફિલ્મમાં ચંદુ મોન્ડેટીના શાનદાર અભિનયને દર્શકો અને વિવેચકો તરફથી ખૂબ પ્રશંસા મળી. હવે આ ફિલ્મ ટૂંક સમયમાં ડિજિટલ ડેબ્યૂ માટે તૈયાર છે. આ ફિલ્મની વાર્તા શ્રીકાકુલમના માછીમારોથી સંબંધિત સત્ય ઘટનાઓથી પ્રેરિત છે. ફિલ્મમાં તમને પ્રેમ, અલગતા, લાગણી અને નાટકનું અદ્ભુત મિશ્રણ જોવા મળશે. થંડેલ ફિલ્મ જો તમે થિયેટરોમાં જોવાનું ચૂકી ગયા છો, તો હવે તમે ઘરે બેઠા આ ફિલ્મનો આનંદ માણી શકો છો. અહીં તમને જણાવીએ કે થંડેલ ક્યારે અને ક્યાં ઓટીટી પર સ્ટ્રીમ થશે. સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ નેટફ્લિક્સે તેના સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પેજ દ્વારા 'થાંડેલ' ના ડિજિટલ ડેબ્યૂ વિશે માહિતી આપી છે. ફિલ્મનું પોસ્ટર શેર કરતા, નેટફ્લિક્સે નીચે કેપ્શનમાં લખ્યું, 'સીમાઓ પારની યાત્રા, બોર્ડર પારની સ્ટોરી.' ૭ માર્ચે નેટફ્લિક્સ પર તેલુગુ, હિન્દી, તમિલ, કન્નડ અને મલયાલમમાં થાન્ડેલ જુઓ! થંડેલ ની વાર્તા શ્રીકાકુલમના ચોડીપિલ્લી મુસલૈયા નામના એક યુવાન માછીમાર વિશે છે, જે વર્ષ ૨૦૦૦ માં કામ માટે ગુજરાત ગયો હતો. તે સમયે GPSનો ઉપયોગ થતો ન હતો, જેના કારણે માછીમારો ઘણીવાર ભૂલથી સરહદ પાર કરી જતા હતા. એક રાત્રે, ચોડિપિલિ બોટ દ્વારા સરહદ પાર કરે છે અને ત્યાંના સુરક્ષા કર્મચારીઓ તેને જાસૂસ સમજીને કસ્ટડીમાં લઈ જાય છે. હવે આ જ સ્ટોરી ફિલ્મમાં રોમેન્ટિક સ્પર્શ સાથે પુનરાવર્તિત થઈ છે. થંડેલ ફિલ્મ રાજુ (નાગ ચૈતન્ય) અને તેની ગર્લફ્રેન્ડ બુજ્જી (સાઈ પલ્લવી) ની છે. જ્યારે રાજુ લગ્ન પહેલા માછીમારી કરવા જાય છે, ત્યારે બુજ્જી તેને ઘણી વાર જતા અટકાવે છે, પરંતુ તે સાંભળતો નથી અને દરિયામાં જાય છે. તે જ રાત્રે એક શક્તિશાળી તોફાન આવે છે અને તેની બોટ સરહદ પાર કરે છે, ત્યારબાદ ત્યાંના અધિકારીઓ તેની ધરપકડ કરે છે. આવી સ્થિતિમાં, તેની ગર્લળેન્ડ તેને પાછો મેળવવા માટે દરેક શક્ય પ્રયાસ કરે છે. એકંદરે, આ હૃદયસ્પર્શી વાર્તા તેના ટકી રહેવા અને ઘરે પાછા ફરવાના સંઘર્ષ પર કેન્દ્રિત છે.'થંડેલ'નું દિગ્દર્શન ચંદુ મોન્ડેટી દ્વારા કરવામાં આવ્યું છે. આ વાર્તા કાર્તિક થેડા દ્વારા લખવામાં આવી છે. જ્યારે, નાગા ચૈતન્ય રાજુની ભૂમિકામાં જોવા મળે છે અને સાઈ પલ્લવી સત્યાની ભૂમિકામાં જોવા મળે છે. પ્રકાશ બેલાવાડી પાકિસ્તાની જેલરની ભૂમિકા ભજવે છે અને આદુકલમ નરેન ચિત્તની ભૂમિકા ભજવે છે.



# જવાબદારી લેવામાં ખચકાટ અનુભવે તેવા લોકોથી દુર રહેવુંઃ બિપાશા બાસુ

### મીકા સિંહે કરણ સિંહ ગ્રોવર પર લાગેવેલા આરોપોનો અભિનેત્રીએ આપ્યો ચોટદાર જવાબ

મીકા સિંહે બિપાશા બાસુ અને કરણ સિંહ ગ્રોવર પર ગુસ્સો કરવાનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે તેમની ફિલ્મ 'ડેન્જરસ'નું બજેટ ૪ કરોડ રૂપિયાથી વધીને ૧૪ કરોડ રૂપિયા થઈ ગયું હતું. બિપાશાએ પણ ઈન્સ્ટાગ્રામ પર ગાયકને યોગ્ય જવાબ આપ્યો છે.મીકા સિંહે થોડા દિવસો પહેલા પોતાની ફિલ્મ 'ડેન્જરસ' વિશે વાત કરી હતી, જેમાં તેણે બિપાશા બાસુ અને કરણ સિંહ ગ્રોવર પર કટાક્ષપૂર્ણ ટિપ્પણી કરી હતી. તેણે અભિનેત્રી પર ગુસ્સો કરવાનો આરોપ લગાવ્યો. એવું કહેવામાં આવ્યું હતું કે આ કારણે ફિલ્મનો ખર્ચ ૧૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો હતો. તેમણે એમ પણ કહ્યું કે અભિનેત્રી હવે કામ વગર ઘરે બેઠી છે. હવે અભિનેત્રીએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે યોગ્ય જવાબ આપ્યો છે. બિપાશા બાસુએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી. આમાં તેમણે લખ્યું, 'ઝેરી લોકો અરાજકતા પેદા કરે છે, આંગળી ચીંધે છે, બીજા પર દોષારોપણ કરે છે અને જવાબદારી લેવામાં શરમાય છે.' વાતાવરણ બગાડનારા અને નકારાત્મકતા ફેલાવનારા લોકોથી દૂર રહો. ભગવાન બધાનું ભલું કરે.મિકાએ વધુમાં ઉમેર્યુ હતું કે, 'શૂટિંગ લંડનમાં થયું હતું અને બજેટ ૪ કરોડ રૂપિયાથી વધીને ૧૪ કરોડ રૂપિયા થયું હતું.' અને બિપાશાએ નાટકીય રીતે રજૂ કર્યુ કે મને આ નિર્માણમાં આવવાનો હંમેશા અફસોસ રહેશે. શૂટિંગ લંડનમાં થયું હતું. હવે તેઓ એક યુગલની ભૂમિકામાં હતા. તે પતિ-પત્ની ફિલ્મ હતી. તો સ્વાભાવિક છે કે તેમાં કિસિંગ સીન હશે. દિગ્દર્શક-લેખકે બધું જ અજમાવ્યું પણ બિપાશાએ છેલ્લી ઘડીએ ના પાડી. આ પછી ડબિંગ દરમિયાન બિપાશાએ મને ખૂબ દુઃખી કરી દીધો, બિપાશાને ગળામાં દુખાવો છે - કરણને ગળામાં દુખાવો છે. કોઈક રીતે ફિલ્મ પૂર્ણ થઈ અને રિલીઝ થઈ પણ તેને મોટું નુકસાન થયું.



# અદાણી લોજિસ્ટિક્સ અને રેલવેએ ઉંઝામાં ભારતનું પ્રથમ E-CRT લોન્ચ કર્યું




## ઉત્પાદનોના ઝડપી નિકાસ માટે ખાસ સુવિધા




। અમદાવાદ, તા.૫ ।

અદાણી લોજિસ્ટિક્સ અને ભારતીય રેલવેએ ગુજરાતમાં ઊંઝા ખાતે ભારતનું પ્રથમ E-CRT લોન્ચ કર્યું છે. ઊંઝા ખાતે ભારતીય રેલ્વેના પ્રથમ એક્સક્લુઝિવ કન્ટેનર રેલ ટર્મિનલ (ECRT)ને ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સુવિધા થકી ઊંઝાથી મુન્દ્રા (૩૭૫ કિમી) ખાતે સીધી શિપિંગ લાઇન બોક્સ ઉપલબ્ધ થયું છે. તેનાથી ખેડૂતો અને વેપારીઓ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં તેમના ઉત્પાદનોને ઝડપથી પહોંચાડી શકશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલ, મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલ અને ઊંઝાના ધારાસભ્ય કિરીટકુમાર પટેલે સંયુક્ત રીતે આ ટર્મિનલ પરથી પ્રથમ કન્ટેનર ટ્રેનને લીલી ઝંડી આપી હતી. જીરું, ઈસબગુલ અને અન્ય મસાલાથી ભરેલી કન્ટેનર ટ્રેનને મુદ્રા પોર્ટ કાર્ગો કોમ્પ્લેક્સ માટે લીલી ઝંડી આપવામાં આવી હતી. નવા સીમલેસ લોજિસ્ટીક્સ સોલ્યુશનથી પરિવહન સમય અને ખચર્માં ઘટાડાની સાથો-સાથ સપ્લાય ચેઈન વધુ કાયર્ક્ષમ બનશે. આ નવતર લોજિસ્ટીક્સ સુવિધા થકી રોજગાર સર્જનની તકો વધવાની સાથે ઊંઝાના વિકાસને વેગ મળશે. વળી ઓછા ખર્ચે વધુ માલ નિકાસ કરી શકાશે. પરિવહન ગતિવિધિઓમાં સુસંગતતા હોવાથી વિદેશી ખરીદદારોને વધુ સારી સવલતો અને ઉકેલો મળશે. એટલું જ નહીં, રેલવેનો ઉપયોગ થવાથી પર્યાવરણમાં કાર્બન ફૂટપ્રિન્ટમાં પણ ઘટાડો થશે.

વેપારીઓ માલ પરિવહન માટે રેલવે રેક, સાધનો, બંદર, એક્ઝિમ યાર્ડ વગેરેની સેવાઓ અદાણી લોજિસ્ટિક્સ થકી લઈ શકાશે. ઉંઝાથી કૃષિ ચીજવસ્તુઓ જેવી કે આખા મસાલા, દળેલા મસાલા, એરંડા, તેલીબિયાં (જીરું, વરિયાળી, તલ, સિલિયમ કુશ્કી, વગેરે) ભારે પ્રમાણમાં નિકાસ થાય છે. આ સુવિધાની સફળતા બાદ ભવિષ્યમાં દિલ્હી, મુંબઈ, બેંગ્લોર અને કોલકાતામાં પણ પરિવહનની શક્યતાઓ વધુ ખુલશે.

E-CRTની આ સિદ્ધિ ગુજરાતની કૃષિ અને આર્થિક પ્રગતિ સહિત સામલેસ લોજિસ્ટીક્સ સોલ્યુશનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. અત્યાર સુધી ઉંઝાથી માલ પરિવહન મુખ્યત્વે રોડ નેટવર્ક આધારિત હતું. આ નવતર પહેલથી માલ પરિવહનમાં નોંધપાત્ર બદલાવ થયો છે. તેનાથી પરિવહન કાયર્ક્ષમતામાં વધારો, વહન ખચર્માં ઘટાડો અને ટકાઉ પરિવહનને પ્રોત્સાહન મળશે.

# અદાણીના બંદરોનો પ્રભાવ અભિવ્યક્ત કરતી એક નવી ફિલ્મ અદાણી ગ્રૂપે પ્રસ્તુત કરી

## "હમ કરકે દિખાતે હે"ની ગાથામાં વધુ એકનો ઉમેરો

। અમદાવાદ, તા.૫ ।

અદાણી સંચાલિત બંદરોની પરિવર્તનશીલ તાકાતને ચલચિત્ર સ્વરુપે અભિવ્યક્ત કરતી એક નવી ફિલ્મ 'જર્ની ઓફ ડ્રિમ્સ' અદાણી ગૃપે પ્રસ્તુત કરીને "હમ કરકે દિખાતે હે" ટેગ લાઈન અંતર્ગત તેની સાફલ્ય ગાથાઓમાં વધુ એક ઉમેરો કર્યો હોવાની ઘોષણા કરી છે. કથાત્મક આધારિત આ ફિલ્મ આજના ભારત અને ભારતીયોના 'હમ કરકે દીખાતે હે'ની ભાવનાને નમન કરે છે. પ્રચંડ નિશ્ચય ક્ષમતા ઉપર પ્રકાશ પાડતી આ ફિલ્મના કેન્દ્રમાં અદાણી સંચાલિત બંદરો નાના અને મોટા બન્ને વ્યવસાયોને વિશ્વ કક્ષાની સુવિધાઓ સાથે વણથંભી કનેક્ટિવિટીની સુવિધાઓ આપીને સમૃદ્ધ થવા સમર્થ અને સક્ષમ કરે છે તેની ગાથા છે. ભારતના સૌથી મોટા સંકલિત બંદરો અને લોજિસ્ટિક્સ કંપની બની રહેવા સાથે અદાણી પોર્ટ્સ અને સેઝ લિ. (APSEZ) એ દેશની માળખાકીય સુવિધાઓનો આધાર છે અને આર્થિક વિકાસને આગળ વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. વિશ્વભરમાં માલની હેરફેરને અસરકારક રીતે સરળ બનાવતા અદાણીના બંદરો સ્થાનિક અર્થતંત્રમાં સીધો ફાળો આપવા સાથે ઉદ્યોગ સાહસિકોને તેમના સપનાઓ સાકાર કરવા માટે સશક્ત કરે છે

આ ફિલ્મનો ઉઘાડ એક યુવક અને તેની પુત્રીને ક્ષિતિજમાં વહાણમાં જોતા એક હૃદયસ્પર્શી દ્રશ્ય સાથે થાય છે, આ વેળા પુત્રી કુતુહલવશ પૂછે છે, "જાહાજમેં બડી બડી ચીઝે જાતી હૈ ના, પાપા?" પિતા જવાબ આપે છે, "ઈસ્મે બડે બડે સપને ભી જાત હેં," શિપિંગ અને લોજિસ્ટિક્સના શક્તિશાળી માધ્યમ મારફત સપનાના વાવેતર માટે મંચ પ્રસ્થાપિત કરે છે. જેમ જેમ કથા આગળ વધે છે તેમ આ ફિલ્મ સમજાવે છે કે અદાણી સંચાલિત બંદરોની મદદથી કચ્છની ઉન વણાટની પરંપરાગત હસ્તકલા અને હાથ બનાવટના નમદા રમકડાં કેવી રીતે આંતરરાષ્ટ્રીય બજારો શોધે છે, પિતાના સપનાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરે છે. પિતાની સફર અસંખ્ય નાના વ્યવસાયિક માલિકોને શક્તિશાળી રીતે રજૂ કરે છે.

અદાણી ગ્રુપના કોર્પોરેટ બ્રાંડિંગના વડા શ્રી અજય કાકરએ જણાવ્યું હતું કે, અદાણી બંદરો પર, અમે ફક્ત માલની હેરફેરની સુવિધા જ પૂરી પાડી નથી રહ્યા પરંતુ અમે સપનાઓ નિરખવાની કેડી બનાવી રહ્યા છીએ. જે નાના મોટા વ્યવસાયોને વિશ્વ કક્ષાની સગવડો સાથે - અવિરત કનેક્ટિવિટી પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતા સુનિશ્ચિત કરે છે. આપણા બંદરો આશાના બીકન્સ તરીકે કાર્ય કરીને સપનાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરીને ભારતભરના અસંખ્ય વ્યક્તિઓ અને પરિવારોની આકાંક્ષાઓનું કેવી રીતે પાલન કરે છે. તે આ ફિલ્મ સુંદર રીતે સમજાવે છે.

ઓજીલ્વી ઈંડિયા નિર્મિત આ ફિલ્મ કંપની ઓજીલ્વી ઈંડિયાના મુખ્ય સલાહકાર શ્રી પિયુષ પાંડેએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી "મોટી કંપનીઓ અને મોટા પ્રકલ્પો વિશાળ જન સમુદાયની દરકાર ન રાખે ત્યાં સુધી તેઓ કદી મોટા નથી. માનવ પરિવર્તનની ગાથાઓની શ્રેણીના બીજા ભાગમાં બંદરોના પ્રચાર પ્રસારમાં અદાણીની માનવ સ્પશથી વ્યવસાય કરવાની ભાવનાને ઉજાગર કરીને તે સામાન્ય માણસને કેવી રીતે સકારાત્મક અસર કરે છે તે દર્શાવવામાં આવ્યું છે. અદાણીની હમ કરકે દીખાતે હે ની શ્રેણી અંતર્ગત આ નવી ફિલ્મનો હેતુ વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં અદાણીના કામકાજના ગહેરા પ્રભાવને રેખાંકીત કરવાનો છે. મહત્તમ દશર્કો સુધી પહોંચવા માટે પ્રસારણ અને ડિજીટલ મીડિયા સહિતના બહુવિધ પ્લેટફોર્મ્સ ઉપર મૂકવામાં આવશે.

## બે દેશી તમંચા અને કારતુસ સાથે ગુનેગારોને ઝડપી પાડયા

# ઝાલોદ તાલુકાની લીમડી પોલિસની પ્રસંશનીય કામગીરી : આંતર રાજ્ય ગેંગના ત્રણ વ્યક્તિઓને ઝડપી પાડયા

### પંજાબ અને મધ્યપ્રદેશ રાજ્યોમાં ગુનાહિત પ્રવૃત્તિ કરનારા ઝડપાયા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ ઝોનના ડી.વાય.એસ.પી ડી.આર. પટેલ દ્વારા આગામી તહેવારોને નજર રાખી દરેક વિસ્તારોમાં પેટ્રોલીંગ કરવા તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ગુનેગારનેને ઝડપી પાડવા આદેશ આપેલ હતા. તે અન્વયે લીમડી પોલિસ મથકના પી.આઈ કે.કે.રાજપુત અને પી.એસ.આઇ એ. કે.કુવાડીયા તેમના પોલિસ સ્ટાફ સાથે ઝાલોદ તાલુકાના પાવડી ગામે વાહન ચેકિંગ કરી રહેલ હતા.થોડા દિવસ પહેલાં લીમડી વિસ્તાર માંથી ચોરી થયેલ બાઈક ચોરાઈ હતી તે બાઈક અજાણ્યા યુવાનો નંબર પ્લેટ કાઢી આવી રહેલ હોવાની પાકી બાતમી મળેલ હતી તે દરમિયાન એક શંકાસ્પદ જણાતી બાઈક આવતા તેને રોકી હતી આ બાઈક પર ત્રણ ઈસમો બેઠેલ હતા. પોલીસ દ્વારા આ ત્રણેય શંકાસ્પદ લાગતા ઈસમોને બાઈક પરથી નીચે ઉતારી તેમને ચેક કર્યા હતા ત્યારે લીમડી પોલિસ ને ચેક કરતા ચોંકી ગઈ હતી. આ ઈસમો પાસેથી બે દેશી હાથ બનાવટના તમંચા તેમજ જીવતા કારતૂસ મળી આવ્યા હતા.

લીમડી પોલિસ દ્વારા આ ત્રણેય આરોપીને ઝડપી પોલિસ સ્ટેશનમાં લઈ જઈ વધુ પુછતાછ આદરી હતી. પુછતાછ દરમિયાન આ ત્રણેય ઈસમો દ્વારા લીમખેડામા ઘરફોડ ચોરી તેમજ આંતર રાજ્ય પંજાબ અને મધ્યપ્રદેશની વિવિધ ચોરીયો કબૂલી હતી. લીમડી પોલિસને દેશી ૨ દેશી તમંચા, બાઈકો,૧૦ જીવતા કારતૂસ કબજે લીધેલ હતા આ તમામની અંદાજિત કિંમત ૧,૦૮,૯૦૦ રૂપિયા છે.

આ ત્રણેય આરોપીઓની વધુ પૂછપરછ કરતાં તેઓએ પોતાના નામ મોહમ્મદ શાહરુન મલિક, નાસીર આરીફ સૈયદ, ફરમાન સલીમ અહેમદ શેખ જણાવ્યું હતું. જેઓ દાહોદ મુકામે રહેતા હતા પરંતુ આ ત્રણેય આરોપીઓ ઉત્તર પ્રદેશ તેમજ મધ્યપ્રદેશના મૂળ રહેવાસી હતા. આ અંગે લીમડી પોલિસ દ્વારા વધુ સઘન પુછપરછ કરતા પંજાબ અને ઉત્તરપ્રદેશની વિવિધ ચોરીઓ કબૂલ કરેલ હતી. પોલિસ દ્વારા આ અંગે વધુ પૂછપરછ કરી આગળની કાયદેસરની કાયર્વાહી હાથ ધરેલ છે.

# ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરે અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે અધિકારીઓ સાથે બેઠક યોજી

### ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગના અધ્યક્ષશ્રીએ આંગણવાડી કેન્દ્ર, મહિલા પોલીસ સ્ટેશન પૂર્વ અને સખી વન સ્ટોપ સેન્ટરની મુલાકાત લીધી



। (માહિતી) અમદાવાદ, તા.૫ ।

ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરે આજે અમદાવાદ ખાતે જનતાનગર આંગણવાડી કેન્દ્ર, મહિલા પોલીસ સ્ટેશન પૂર્વ અને સખી વન સ્ટોપ સેન્ટરની મુલાકાત લઈ કલેકટર કચેરી ખાતે ICDS ના અધિકારીઓ અને બાળ સંરક્ષણ સાથે જોડાયેલી સંસ્થાઓના પ્રતિનિધિઓની બેઠક યોજી હતી.

આ બેઠકમાં ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગના અધ્યક્ષશ્રીએ બાળકોના સર્વાંગી વિકાસ માટે પોષણ પર વિશેષ ભાર મુકી આંગણવાડીઓની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે જિલ્લા વહીવટી તંત્રને સુચના આપતા જણાવ્યું કે, સરકારી પડતર જગ્યાઓ શોધીને આંગણવાડીઓ પોતાના મકાનોમાં શરૂ કરવામાં આવે તથા ભાડાના મકાનોની પરિસ્થિતિ અને માળખાકીય સુવિધાઓ પણ ચકાસી લેવામાં આવે. દરેક સી.ડી.પી.ઓએ સમયાંતરે પોતાના વિસ્તારના આંગણવાડી કેન્દ્રોની મુલાકાત લઈ બાળકોની પ્રવૃત્તિઓ તથા તેમને આપવામાં આવેલા રમકડાંનો ઉપયોગ બરાબર થાય છે કે કેમ તેનું પણ નિરીક્ષણ કરવા જણાવ્યું હતું.

આયોગે બાળકોના સંરક્ષણ અને અધિકારો માટે કામ કરતા અમદાવાદના વિવિધ બાળ ઓબ્ઝર્વેશન હોમના પ્રતિનિધિઓ અને દિવ્યાંગો માટે કામ કરતી સંસ્થાના પ્રતિનિધિઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી તેમના પ્રશ્નો જાણ્યા હતા. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ હેઠળ અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકામાં બાળ લગ્ન અટકાવવા માટે થયેલ શ્રેષ્ઠ કામગીરીની નોંધ લઈ તંત્રની કામગીરીને આયોગે બિરદાવી હતી.

આ બેઠકમાં ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગના સચિવ શ્રી ડી. ડી. કાપડિયા, કલેકટરશ્રી સુજીત કુમાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે, ICDS ના પ્રોગ્રામ ઓફિસર શ્રી ગૌરીબેન સોલંકી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી સુશ્રી તન્વીકાબેન પરમાર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી સુનિલભાઈ રાઠોડ, જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી જીગરભાઈ જસાણી સહિત અધિકારીઓ અને બાળ સંરક્ષણ સાથે જોડાયેલી સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગંગાસ્વરૂપા સહાય યોજનાના લાભથી ઢળતી ઉંમરે જીવનનો નવો આધાર મળ્યોઃ લાભાર્થી રેણુકાબેન સુરતી



। (માહિતી) સુરત, તા.૫ ।

'રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩' હેઠળ અન્ન સુરક્ષા સરળતાથી પૂરી પાડવા માટે તથા વડાપ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ડિજિટલ ઈન્ડિયા'ના સંકલ્પને પૂર્ણ કરવા માટે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં 'વન નેશન, વન રેશનકાર્ડ' યોજના અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યના ગરીબ વર્ગો તેમજ દૂરદરાજના અંતરિયાળ વિસ્તારના વંચિતોને વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ હાથોહાથ સરળતાથી પહોંચાડવામાં આવી રહ્યા છે. સુરત જિલ્લા પલસાણા તાલુકાના સાકી ગામમાં રહેતા ૫૮ વર્ષીય રેણુકાબેન ધીરુભાઈ સુરતીને ગંગાસ્વરૂપા સહાય યોજના હેઠળ માસિક રૂ.૧૨૫૦ ની સહાય મળી રહી છે, ત્યારે આ સહાયે ઢળતી ઉંમરે જીવનનો નવો આધાર આપ્યો હોવાનું આનંદથી જણાવે છે. રેણુકાબેન કહે છે કે, આજથી બે વર્ષ પહેલા મારા પતિનું લાંબી માંદગીના કારણે ૬૫ વર્ષની વયે અવસાન થયું હતું. પરિવારમાં બે દિકરા, એક દિકરી અને બે દિકરાની વહુ સાથે રહું છું. મેં ૨૫ વર્ષ આંગણવાડીમાં કાર્યકર તરીકે ફરજ બજાવી છે અને હાલ નિવૃત્ત જીવન જીવી રહી છું. રાજ્ય સરકાર દ્વારા વિધવા સહાયનો લાભ મળવાથી ઢળતી ઉંમરે પણ સ્વમાનભેર જીવન જીવી રહી છું. અને મને છેલ્લા બે વષથી દર મહિને રૂ.૧૨૫૦ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ઢ્ઢ) મારફતે મારા અકાઉન્ટમાં જમા થઈ રહ્યા છે. જેનો હું જીવનનિર્વાહમાં ઉપયોગ કરી રહી છું. વધુમાં તેમણે કહ્યું હતું કે, વિધવા સહાય યોજના સાથે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ દર મહિને ઘંઉ, ચોખા, તુવેર દાળ, ખાંડ અને તેલ મળી રહ્યું છે, અને આયુષ્યમાન ભારત (પી.એમ. જે.એ.વાય.) જેવી યોજનાનો લાભ આપીને સરકારે અમારા આરોગ્યની ચિંતા કરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ તમારા માટે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે તમે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. તમારા જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમને સારા સમાચાર મળવાની શક્યતા છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો-મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે.

**કર્ક (ડ,હ) :**

આજે કોઈ ઈજા ન થાય તે માટે તામારે બેસતી વખતે ખાસ સંભાળવું. કારણ કે બેસવાની રીત ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે પણ સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમય પત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. આજના દિવસે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારી ઈચ્છાઓ પૂર્ણ થશે કેમ કે આશીર્વાદ અને સારૂં ભાગ્ય તમારી તરફ આવી રહ્યું છે-તથા અરાઉના દિવસની સખત મહેનત પણ રંગ લાવી રહી છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાયર્ક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે નિયત સમયાંતરે ઊભા થનારા અંતરાયો કેટલીક સમસ્યાઓ ઊભી કરશે. તમારા ચેત્તાતંત્રને કાયર્યશીલ રાખવા માટે સંપૂર્ણ આરામ લો. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારૂં મગજ સારી બાબતોનો સ્વીકાર કરશે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. પરિવારમાં નવા સભ્યના આગમનના સમાચાર તમને મુગ્ધ કરશે. પૂર્વાનુમાનમાં તમારી ખુશીની ઉજવણી માટે પાર્ટી આપો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારે વધુ પડતું ખાવું તથા ઉચ્ચ કૅલૅરી ધરાવતો ખોરાક ટાળવો. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. નવજાત શિશુની તબિયત તમારા માટે ચિંતાનું કારણ બની શકે છે. તમારા પ્રિયપાત્રથી દૂર રહેવું ખૂબ જ મુશ્કેલ બની રહેશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારી શક્તિને પુનઃપ્રાપ્ત કરવા સંપૂર્ણ આરામ લો કારણ કે નબળું શરીર મગજને પણ નબળું પાડે છે. તમારે તમરી સાચી ક્ષમતા વિશે સમજવું રહ્યું કેમ કે તમે દઢતામાં પાછળ નથી પડતા પણ ઈચ્છાશક્તિમાં પડો છો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દીવસે તમે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા.

## ન્યુઝ બોક્ષ

### મણિપુરમાં ફરી ભૂકંપ, આસામ સહિત અનેક પૂર્વોત્તર રાજ્યોમાં અસર

। (એજન્સી) મણિપુર, તા.૫ ।

મણિપુરમાં ફરી ભૂકંપનો આંચકો અનુભવાયો છે, જેની અસર આસામ સહિત અનેક પૂર્વોત્તર રાજ્યોમાં થઈ છે. ભૂકંપના કારણે અનેક લોકો ઘરનો બહાર દોડી આવ્યા છે. આજે સવારે ૫.૬ની તીવ્રતાનો આંચકો આવ્યા બાદ બપોરે ૧૨.૨૦ કલાકે ૪.૧ની તીવ્રતાનો ફરી ભૂકંપ આવ્યો છે. ભૂકંપના આંચકા પૂર્વોત્તરના અનેક રાજ્યોમાં અનુભવાયા છે. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલૉજિકલ સર્વેનેએ કહ્યું કે, ભૂકંપનું કેન્દ્ર બિંદુ મણિપુરનું ઈમ્ફાલ છે, જ્યાં ૧૦ કિલોમીટર ઊંડાણમાં તીવ્રતા નોંધાઈ છે. અધિકારીઓએ કહ્યું કે, મણિપુર, આસામ સહિત પડોશી દેશ મ્યાંમારમાં પણ ભૂકંપ અનુભવાયો છે. ભૂકંપમાં કોઈ જાનહાનીને નુકસાન થયું હોવાની હાલ કોઈ માહિતી સામે આવી નથી. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જિયોસાયન્સીસે કહ્યું કે, મ્યાંમાર-ભારતની સરહદ પાસે આજે (૫ માર્ચ) ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. આ પહેલા ૨૮ ફેબ્રુઆરીએ નેપાળમાં ૬.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં બિહાર, સિલીગુડી અને અન્ય પડોશી ક્ષેત્રોમાં આંચકા અનુભવાયા હતા. ધરતી ધ્રૂજતા જ અનેક લોકો ડરના માર્યા ઘરોમાંથી દોડી આવ્યા હતા.

### ચાઈબાસામાં ભયાનક વિસ્ફોટ, CRPFના આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સહિત ત્રણ ઘાયલ

। (એજન્સી) ચાઈબાસા, તા.૫ ।

ઝારખંડના ચાઈબાસા જિલ્લામાં નક્સલીઓએ જમીનમાં છુપાયેલો IED બ્લાસ્ટ થતાં CRPF કોબરા બટાલિયનના એક આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સહિત સુરક્ષા દળના ત્રણ જવાનો ઘાયલ થયા છે. ઘાયલોને એરલિફ્ટ કરીને તુરંત રાંચીની હોસ્પિટલમાં લઈ જવાયા છે. વાસ્તવમાં સુરક્ષા દળના જવાનો અને પોલીસની સંયુક્ત ટીમ જરાઈકેલા પોલીસ સ્ટેશન વિસ્તારના બલીબામાં નક્સલીઓ વિરુદ્ધના અભિયાન હેઠળ સર્ચ ઓપરેશન કરી રહી હતી. આ દરમિયાન જમીનમાં છુપાવેલો બૉંબ અચાનક વિસ્ફોટ થયો હતો. તપાસ કરવામાં આવતા IED બ્લાસ્ટ થયો હોવાનો ખુલાસો થયો છે. ચાઈબાસા એસ.પી.આશુતોષ શેખરે ઘટનાની પુષ્ટી કરતા કહ્યું કે, નક્સલીઓ વિરુદ્ધ સતત અભિયાન ચાલી રહ્યું છે. આ દરમિયાન એક આઈડીડીમાં ધડાકો થવાની ઘટના બની છે. વિસ્ફોટની ઝટેપમાં આવેલા ઘાયલ સીઆરપીએફના આસિસ્ટન્ટ કમાન્ટન્ડ અને બે જવાનોને તાત્કાલિક હેલિપેડ સુધી લવાયા છે અને ત્યારબાદ તેમને હેલીકોપ્ટર દ્વારા રાંચીની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ચાઈબાસા પોલીસ અને સુરક્ષા દળોએ છેલ્લા ૧૦ દિવસમાં નક્સલીઓના ત્રણ ઠેકાણાને ધ્વસ્ત કર્યા છે.

### સોનાની દાણચોરી કરતી પ્રખ્યાત અભિનેત્રીની ધરપકડ

। (એજન્સી) બેંગલુરુ, તા.૫ ।

બેંગલુરુમાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) એ સોનાની દાણચોરી પર મોટી કાયર્વાહી કરી છે. આ દરમિયાન, કન્નડ અભિનેત્રી રાન્યા રાવની કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ૧૪.૮ કિલો સોનું જપ્ત કર્યા પછી ધરપકડ કરી હતી. રાન્યા વારંવાર આંતરરાષ્ટ્રીય પ્રવાસોને કારણે DRI તેના પર નજર રાખી રહ્યું હતું. ૩ માર્ચની રાત્રે જ્યારે તેની ધરપકડ કરવામાં આવી, ત્યારે તે દુબઈથી અમીરાતની ફ્લાઈટમાં બેંગલુરુ આવી હતી. DRI અધિકારીઓએ જણાવ્યું હતું કે, અભિનેત્રી રાન્યા રાવે મોટાભાગનું સોનું શરીર પર પહેર્યું હતું અને તેના કપડાંમાં સોનાની લગડીઓ પણ છુપાવી હતી. જણાવી દઈએ કે, રાન્યા IPS રામચંદ્ર રાવની પુત્રી છે, જે હાલમાં કર્ણાટક પોલીસના DGP હાઉસિંગ કોર્પોરેશન તરીકે ફરજ બજાવી રહ્યા છે. DRI ના અધિકારીઓ તપાસ કરી રહ્યા છે કે, શું રાન્યાને સોનાની દાણચોરીમાં પોલીસ કે અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓ તરફથી કોઈ મદદ મળી રહી હતી. DRI ના જણાવ્યા અનુસાર, એરપોર્ટ પર પહોંચ્યા પછી, રાન્યા રાવ પોતાને DGPની પુત્રી તરીકે ઓળખાવતી હતી અને સ્થાનિક પોલીસ કમર્ચારીઓને ઘરે મૂકવા માટે બોલાવતી હતી. DRI હવે તપાસ કરી રહી છે કે, શું આ પોલીસ કમર્ચારીઓની દાણચોરીના નેટવકર્માં કોઈ સંડોવણી હતી કે, અજાણતાં તેનો ઉપયોગ થઈ રહ્યો હતો.





ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં સીમાંકન આયોગના અધ્યક્ષ રંજના દેસાઈને મળ્યા.

#### સોશિયલ મીડિયાથી સંપર્કમાં આવેલો સચિન હત્યારોઃ પોલીસનો દાવો

# હિમાની મર્ડર કેસઃ મિત્ર એ જ ગળું દબાવી હત્યા કરી હોવાનો ખુલાસો

### ગત શનિવારે હિમાનીની મૃતદેહ મળ્યા બાદ તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી હતી

। (એજન્સી) ચંડીગઢ, તા.૫ ।

હરિયાણામાં કોંગ્રેસ કાર્યકર હિમાની નરવાલ હત્યા કેસમાં પોલીસે હત્યારા 'મિત્ર' સચિનની ધરપકડ કર્યા બાદ ચોંકાવનારા ખુલાસાઓ કર્યા હતા. સચિને રોહતકમાં રહેતી હિમાની સાથે ઝઘડો કર્યા પછી મોબાઈલ ચાર્જર કેબલથી ગળું દબાવીને હત્યા કર્યા બાદ તેના મૃતદેહને સુટકેસમાં પેક કરીને ફેંકી દીધો હતો. ગત શનિવારે હિમાનીની મૃતદેહ મળ્યા બાદ તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી હતી. સોમવારે સચિનની ધરપકડ બાદ રોહતકની કોર્ટમાં રજૂ કરાયો હતો. જ્યાંથી તેને ૩ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલાયો હતો.



કેસની વિગતો આપતાં એડિશનલ ડીજીપી કે કે રાવે જણાવ્યું હતું કે, ઝજ્જર જિલ્લામાં રહેતા અને મોબાઈલ ફોનની દુકાન ચલાવતા સચિનની દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી હતી. મૃતદેહ મળ્યા બાદ અમે SIT સહિત આઠ ટીમો બનાવી હતી અને ગુપ્ત માહિતીના આધારે સચિનને દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી હતી. સચિન એક પરિણીત પુરુષ છે જેનો કોઈ રાજકીય સંબંધ નહોતો. છેલ્લા દોઢ વર્ષથી આરોપી સોશિયલ મીડિયા દ્વારા મહિલાના સંપર્કમાં હતો અને તેના ઘરે પણ આવતો હતો. મહિલા વિજય નગરમાં એકલી રહેતી હતી. ૨૭ ફેબ્રુઆરીના રોજ આરોપી તેના ઘરે આવ્યો અને તેમની વચ્ચે પૈસાને લઈને ઝઘડો થયો હતો. બંને વચ્ચે પૈસાનો વિવાદ હતો, પરંતુ તે શું હતું, આ બધું પહેલા ચકાસવું પડશે. આપણે એમ કહી શકતા નથી કે આ હત્યાનું કારણ હતું.રાવે ઉમેર્યું હતું કે, હિમાનીની હત્યા બાદ સચિન તેના ઘરેણાં, લેપટોપ, વીંટી લઈને તેના સ્કૂટર પર ઝજ્જર ગયો અને ત્યાંની દુકાનમાં આ વસ્તુઓ છુપાવી દીધી હતી. તે જ રાત્રે તે તેના ઘરે પાછો ફર્યો હતો.

# નેતાઓ પરથી ચૂંટણી પંચે પ્રતિબંધ હટાવ્યો કે હળવો કર્યો?: સુપ્રીમ કોર્ટ

### બે વર્ષ કે તેથી વધુ સજા થઈ હોય તેવી વ્યક્તિ ચૂંટણી લડવા માટે છ વર્ષ સુધી અયોગ્ય ઠરે છે, પરંતુ આ સમય ઘટાડવાની ચૂંટણી પંચને સત્તા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ફોજદારી કેસમાં ગુનો સાબિત થયો હોય તેવા નેતાઓને નિર્ધારિત સમય માટે ચૂંટણી લડવા અયોગ્ય ઠેરવવાની જોગવાઈ છે. અયોગ્યતાની મુદતમાં ઘટાડો કરવાની કે ચૂંટણી લડવા પરનો પ્રતિબંધ ઊઠાવી લેવાની ચૂંટણી પંચને સત્તા છે. ચૂંટણી પંચે પોતાની આ સત્તાનો ઉપયોગ કરીને કેટલા કિસ્સામાં ગુનેગાર ઠરેલા નેતાઓને રાહત આપી છે? તે અંગે સુપ્રીમ કોર્ટે જવાબ માગ્યો છે. ભારતીય ચૂંટણી પંચે રીપ્રેઝન્ટેશન ઓફ પીપલ એક્ટ, ૧૯૫૧ની કલમ ૧૧ હેઠળ પોતાને મળેલી વિશેષ સત્તાનો ઉપયોગ કરી કેટલા કિસ્સામાં નેતાઓને રાહત આપી છે ત અંગે બે અઠવાડિયામાં જવાબ રજૂ કરવા જસ્ટિસ દીપાંકર દત્તા અને મોહનની બેન્ચે નિર્દેશ આપ્યા છે. એક્ટની જોગવાઈ મુજબ, ફોજદારી કેસમાં ગુનેગાર ઠર્યા પછી વ્યક્તિ ચૂંટણ લડી શકતી નથી. બે વર્ષ અથવા તેથી વધુની કેદ હોય તો વ્યક્તિને ગુનેગાર ઠર્યાની તારીખથી મુક્ત થવાના છ વર્ષ સુધી ચૂંટણી માટે ગેરલાયક ગણવામાં આવે છે. કોઈ નેતા જામીન પર બહાર હોય અથવા અપીલ પર ચુકાદો પડતર હોય તો પણ



આ જોગવાઈ લાગુ પડે છે. ચૂંટણી પંચે કલમ ૧૧ હેઠળ ગેરલાયક ગણવાનો સમયગાળો દૂર કરવા અથવા ઘટાડવા માટે સત્તા અપાયેલી છે. આ પ્રકારનો નિર્ણય લેતી વખતે પંચે કારણો નોંધવાના હોય છે. અરજદાર અશ્વિની ઉપાધ્યાય તથા અન્યોએ કરેલી જાહેર હિતની અરજીમાં સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ પાસે બે અઠવાડિયામાં જવાબ માગ્યો છે. ગુનેગાર ઠરેલા નેતાઓને ચૂંટણી લડવા ગેરલાયક ઠરાવવાની માગણી સાથે અન્ય અરજીઓ પણ થયેલી છે. સુપ્રીમ કોર્ટે આ તમામ અરજીઓને ભેગી કરીને એક જ કોર્ટમાં સાથે સુનાવણી હાથ ધરવા નિર્દેશ આપ્યા હતા. રાજકારણમાં ગુનાખોરીના વર્ચસ્વને રોકવા માટે ગુનેગાર નેતાઓને ચૂંટણીથી દૂર રાખવાની રજૂઆત કરવામાં આવી હતી.



નવી દિલ્હીમાં વિધાનસભામાં 'વિકસીટ દિલ્હી બજેટ' દરમિયાન મહિલા સંગઠનો સાથે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા દ્વારા દીવો પ્રગટાવામાં આવ્યો.

# જર્મનીમાં ડ્રાઈવરે ભીડ પર કાર ચડાવી દીધી, એકનું મોત

। (એજન્સી) બર્લિન, તા.૫ ।

પશ્ચિમ જર્મનીના મેનહેઈમ શહેરના ગીચ બજારમાં બેફામ ગતિએ કાર હંકારી ચાલકે ભીડને કચડી નાખવા પ્રયાસ કર્યો હતો. કારની ટક્કરથી અનેક લોકો ઘાયલ થયા હતા અને એકનું મોત થયુ હતું. પોલીસે હત્યારા કારચાલકને ઝડપી લીધો હતો. આ સાથે લોકોને ગીચ વસતી અથવા બજારોથી દૂર રહેવા અને પોતાના ઘરમાં જ રહેવા સૂચના આપી છે. પોલીસના જણાવ્યા મુજબ, ચાલકે પોતાની કારને મેનહેઈમની પેરાડેપ્લાટ્ઝ ગલીમાં ઘૂસાડી હતી. ગલીમાં અનેક લોકો હાજર હતા અને ચાલકે ભીડ પર કાર ચડાવી હતી. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત થયુ હતું. અન્ય લોકોને ઈજા થઈ હતી, પરંતુ કેટલા લોકોને ઈજા થઈ અને કેટલા ગંભીર છે? તે બાબતની જાણકારી બહાર આવી નથી. પોલીસે આ મામલે એક હુમલાખોરની ધરપકડ કરી છે. તેની સાથે અન્ય હુમલાખોરો પણ સંકળાયેલા હોવાની આશંકા સાથે પોલીસે તપાસ હાથ ધરી છે. કાર ચાલકના હિચકારા હુમલા બાદ સમગ્ર વિસ્તારને પોલીસે કોર્ડન કરી લીધો છે અને હેલિકોપ્ટર પેટ્રોલિંગ પણ શરૂ થયું છે. પોલીસે અકસ્માત સર્જનારી કાળા રંગની કારને જપ્ત કરી છે.

#### લશ્કરી તાકાત વધારવા યુરોપમાં $841 અબજના જંગી પેકેજની દરખાસ્ત

# ડોનાલ્ડ ટ્રમ્પે લશ્કરી સહાય બંધ કરતાં યુક્રેને રીતસરની શરણાગતિ સ્વીકારી

### યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ ટ્રમ્પની નેતાગિરીમાં કામ કરવા તેમજ વાટાઘાટો માટેની તૈયારી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કી સાથે તીખી જીભાજોડીના થોડા દિવસો પછી અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે તાત્કાલિક અસરથી યુક્રેનને તમામ અમેરિકન સૈન્ય સહાય અસ્થાયી રૂપે સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો. ટ્રમ્પે સહાય બંધ કરતાંની સાથે જ ઝેલેન્સ્કીએ રીતસરની શરણાગતિ સ્વીકારી લીધી છે. તેમણે અમેરિકાના વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ સાથે થયેલી જીભાજોડીની ઘટનાને 'ખેદજનક' ગણાવી હતી અને કહ્યું હતું કે તેઓ શાંતિ સ્થાપન માટે ટ્રમ્પની મજબૂત નેતાગિરી હેઠળ કામ કરવા તૈયાર છે.ઝેલેન્સ્કી એક્સ પર એક સોશિયલ મીડિયા પોસ્ટમાં વધુ માહિતી આપી હતી કે તેઓ અમેરિકા સાથે મિનરલ્સ અને સિક્યોરિટી અંગે ફળદાયી ડીલ હાથ ધરવા માટે તૈયાર છે. યુક્રેનના નેતાએ સ્પષ્ટ કર્યું હતું કે શાંતિને શક્ય એટલી ઝડપે સ્થાપિત



કરવા માટે તેઓ વાટાઘાટની ટેબલ પર ફરી બેસવા તૈયાર છે. યુક્રેનવાસીઓથી વધુ શાંતિ કોઈને જોઈતી નથી. હું અને મારી ટીમ ટ્રમ્પની નેતાગિરી હેઠળ કામ કરીશ. હવે તમામ બાબતોને ઠીક કરવાનો સમય છે. અમે ભવિષ્યમાં સહકાર અને સંવાદ રચનાત્મક રહે તેવું ઈચ્છીએ છીએ.વ્હાઈટ હાઉસના એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે ટ્રમ્પ આશરે ત્રણ વર્ષથી ચાલતા યુદ્ધનો અંત લાવવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યાં છે અને ઝેલેન્સ્કી આ હેતુ માટે પ્રતિબદ્ધ રહે તેવું ઈચ્છે છે. અમેરિકા તેની સહાયને સ્થગિત કરી રહ્યું છે અને તેની સમીક્ષા કરી રહ્યું છે, જેથી તે યુદ્ધનો ઉકેલ લાવવામાં યોગદાન આપી શકે. પ્રેસિડન્ટની ચૂંટણી જીત્યા પછી પણ ટ્રમ્પે યુક્રેન યુદ્ધનો ઝડપથી અંત લાવવાનું વચન આપ્યું હતું. ટ્રમ્પ વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારીને જણાવાયું હતું કે ટ્રમ્પે યુક્રેનને તમામ લશ્કરી સહાયની ડિલિવરી અસ્થાયી રૂપે સ્થગિત કરી છે અને આ આદેશ તરત જ અમલમાં આવે છે. તેનાથી આશરે એક બિલિયન ડોલરથી વધુના શસ્ત્રો અને દારૂગોળોના લશ્કરી સહાયને અસર થશે.યુરોપિયન કમિશનના વડા ઉર્સુલા વોન ડેર લેયેને યુરોપના દેશોની લશ્કરી તાકાતમા વધારો કરવા અને યુક્રેનને લશ્કરી સહાય આપવા માટે ૮૦૦ અબજ યુરો (૮૪૧ અબજ ડોલર)ના જંગી પેકેજની દરખાસ્ત કરી છે. અમેરિકાએ યુક્રેનને સહાય સ્થગિત કરી છે અને નાટોમાંથી નીકળી જવાના સંકેત આપ્યા છે ત્યારે યુરોપે આ હિલચાલ કરી છે. યુરોપના ૨૭ દેશોના વડાઓ ગુરુવારે બ્રસેલ્સમાં એક ઈમર્જન્સી બેઠક યોજશે અને તેમા આ રીઆર્મ યુરોપ પેકેજ રજૂ કરાશે.

#### 'કોર્ટ આ પ્રકારની ધમકીઓથી ડરતી નથી, કાર્યવાહી કરીશું': જસ્ટિસ ઓકા

# 'હું આપઘાત કરી લઈશ માય લોર્ડ!' : સુપ્રીમ કોર્ટમાં જ વકીલની ધમકી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સુપ્રીમ કોર્ટમાં સોમવારે અચાનક વિચિત્ર પરિસ્થિતિ પેદા થઈ ગઈ હતી, જ્યારે બે વકીલોના અરસપરસના ઝઘડાની સુનાવણી દરમિયાન એક વરિષ્ઠ વકીલે આપઘાત કરવાની ધમકી આપી દીધી હતી. જસ્ટિસ અભય એસ ઓકાની બેન્ચની સામે વીડિયો કોન્ફેંસિગ દ્વારા રજૂ થયેલા વકીલે પોતાની દલીલ રજૂ કરતી વખતે ધમકી આપતા કોર્ટ અકળાઈ હતી અને તેને લેખિતમાં માફી માગવાની સૂચના આપી હતી. જસ્ટિસ અભય ઓકાએ વકીલને કહ્યું કે, 'અમે તમને ચેતવણી આપી રહ્યા છીએ. જો તમે કોર્ટને ધમકાવો છો તો અમે તમારી સામે એફઆઈઆર નોંધવાનો આદેશ આપીશું. અમે બારના સભ્ય તરફથી આ પ્રકારના આચરણને સહન કરીશું નહીં.' આ સમગ્ર મામલો બે વકીલોની વચ્ચેના વિવાદમાંથી પેદા થયો, જેમાં બંને એક-બીજાની સામે ફરિયાદ નોંધાવી હતી. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ ઓકાના નેતૃત્વવાળી બેન્ચ સોમવારે આ મામલાની સુનાવણી કરી રહી હતી. અરજીકર્તા વકીલ વીડિયો કોન્ફેંસિંગના માધ્યમથી કોર્ટ સમક્ષ રજૂ થયા હતા. દલીલો દરમિયાન અરજી કરનાર વકીલે અચાનક આપઘાત કરવાની વાત કહી હતી. આ સાંભળીને જસ્ટિસ ઓકા આશ્ચર્યમાં મૂકાઈ ગયા હતા. જસ્ટિસ ઓકાએ વકીલને પૂછ્યું કે જ્યારે કોર્ટ, બાર કાઉન્સિલ અને બાર એસોસિએશને માફી માંગી લીધી છે, તો એ આવું કેમ કરી રહ્યા છે? તો જવાબમાં અરજદાર(વકીલ)એ કહ્યું કે 'હું આપઘાત કરી લઈશ માય લોર્ડ!' જસ્ટિસ ઓકાએ ફરીવાર પૂછ્યું કે તમે આવું કેમ કહી રહ્યા છો, જ્યારે કોર્ટ તમારી તરફેણમાં ચુકાદો સંભળાવી રહી છે. તમારી માંગ શું છે ? તમે ઈચ્છો છો શું?જોકે, અરજદાર વકીલે કહ્યું કે મામલાને રદ કરવામાં આવે. આ સાંભળીને જસ્ટિસ ઓકા નારાજ થઈ ગયા હતા. પછી તરત જ જસ્ટિસ ઓકાએ પૂછ્યું કે, તો તમે ધમકી આપી રહ્યા છો કે જો બંને ફરિયાદો રદ કરી દઈશું તો તમે આપઘાત કરી લેશો?આ દરમિયાન, સામે પક્ષના વકીલે કહ્યું કે તેમને પહેલા દિવસથી જ આ પ્રકારના અનુચિત વ્યવહારનો સામનો કરવો પડી રહ્યો છે. આ સાથે જસ્ટિસ ઓકાએ અરજકર્તા વકીલને ચેતવણી આપી કે, 'જો તમે કોર્ટને ધમકાવશો તો અમે તમારી વિરુદ્ધ એફઆઈઆર કરવાનો આદેશ આપીશું, તેમજ તમારું આચરણ ખોટું હોવાનો પણ આદેશ આપીશું.

## ન્યૂઝ બ્રિફ

### વડાપ્રધાનના સુરત આગમન પહેલાં તડામાર તૈયારી

। (એજન્સી) સુરત, તા.૫ ।

સુરતમાં આગામી ૭ માચર્ના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત સહિત દક્ષિણ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા વડાપ્રધાનના કાર્યક્રમને લઈને તડામાર તૈયારી શરુ કરી દીધી છે. સુરતના લિંબાયત વિસ્તારમાં વડાપ્રધાનના કાર્યક્રમ હોય તંત્ર દ્વારા સમગ્ર વિસ્તારનો નકશો બદલી નાખ્યો છે. તો બીજી તરફ તંત્ર સાથે સાથે શાસકોએ પણ વડાપ્રધાનના રૂટ અને સભા સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગામી ૭મી માચર્ના રોજ સુરતમાં લિંબાયત ખાતે વડાપ્રધાનનો જાહેર કાર્યક્રમ છે તેના પગલે પાલિકા અને અન્ય વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. લિંબાયતના નીલગીરી સર્કલ ખાતે ૭ મી માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૫૦ હજારથી વધુ લાભાર્થીઓને નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ આવરી લેવાની સાથે સાથે વિશાળ જનસભાને સંબોધિત કરવામાં આવશે.લિંબાયતના હેલિપેડથી નીલગીરી સર્કલ સુધી ત્રણ કિલોમીટર વિસ્તારમાં રોડ શો માટે આયોજન થઈ રહ્યું છે. ગઈકાલે પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સમગ્ર રૂટ અને સભા સ્થળનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ આજે ભાજપ શાસકોએ પાલિકા અને તંત્ર સાથે મળીને સ્થળ અને રૂટનું નિરીક્ષણ કર્યું હતું. વડા પ્રધાનના સુરત આગમનના પખવાડિયા પહેલાં વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. વડા પ્રધાનની જાહેર સભા અને રોડ શો માટે રસ્તાથી માંડીને ડિવાઈડરો અને લાઈટોથી માંડીને તમામ સ્તરે બ્યુટિફિકેશનની કામગીરી પણ અંતિમ તબક્કામાં આવી ગઈ છે. આજે મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલી તૈયારીનું સ્થળ નિરીક્ષણ મેયર દક્ષેશ માવાણી, ડે.મેયર ડો.નરેન્દ્ર પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ, નેતા શાસક પક્ષ શશી ત્રિપાઠી, મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ સાથે સમગ્ર રૂટ પર સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### પોરબંદરના યુવાને વ્યાજખોરોના ત્રાસથી અંતિમ પગલું ભર્યું

। (એજન્સી) પોરબંદર, તા.૫ ।

પોરબંદરમાં વ્યાજખોરોના આતંકને કારણે એક યુવાને તેની દુકાનમાં પહેલા ઝેરી દવા પીધી હતી અને ત્યારબાદ ગળાફાંસો ખાઇને આપઘાત કરી લેતા મૃતકના પત્ની દ્વારા આ બનાવમા પતિને મરવા મજબૂર કર્યાનો ગુનો નોંધાવાયો છે.પોરબંદરના છાયા-નવાપરાના માસતિનગરના ચાર રસ્તા પાસે રહેતા અને વનાણા ખાતે આવેલી સિગ્મા સ્કૂલમાં પ્રાથમિક શિક્ષિકા તરીકે નોકરી કરતા હીનાબેન યોગેશભાઈ ફાટક નામના ૪૫ વર્ષના મહિલા દ્વારા કીતિમંદિર પોલીસ મથકમાં વ્યાજખોરો સામે ગુનો નોંધાવવામાં આવ્યો છે. જેમાં એવુ જણાવાયું છે કે, તેના પતિ યોગેશભાઈ અનિલભાઈ ફાટક ગાયવાડી વિસ્તારમાં બેન્ક ઓફ બરોડા સામે ગજાનંદ સેલ્સ સ્ટેશનરી નામની દુકાન ધરાવતા હતા અને વર્ષ ૨૦૨૦માં યોગેશભાઈએ તેના જાણીતા એવા રાવલીયાપ્લોટમાં રહેતા કિશોરભાઈ વલ્લભદાસ પાંઉ પાસેથી પાંચ લાખ સપિયા બે ટકા વ્યાજે લીધા હતા.ફરીયાદી હીનાબેન ફાટકે ફરિયાદમાં એવુ જણાવ્યુ છે કે તેઓ સાંજના તેમના પતિ યોગેશ સાથે વોકીંગમાં જતા હતા ત્યારે યોગેશભાઈ દ્વારા ઉદાહરણ આપવામાંઆવતુ હતુ કે 'જ્યોતિબેનના પતિ મૃત્યુ પામ્યા છે તેને ચાર દિકરી છે તેમ છતાં જ્યોતિબેન એકલા હેન્ડલ કરે છે એ જ રીતે તારી ઉપર પણ કોઈ મુસીબત આવે તો તું પણ હેન્ડલ કરી લેજે' તેમ કહેતા હીનાએ તેના પતિને, 'આવા વિચાર ના કરો આપણી લાઇફમાં કંઇ થવાનું નથી.' તેમ કહીને પતિને ટેન્શનમાંથી મુક્તિ અપાવવા આશ્વાસન આપ્યુ હતું.પંદર દિવસ પહેલા યોગેશે તેના પત્ની હીનાબેનને એવુ કહ્યું હતુ કે, 'મને ઉઘરાણીવાળા બહુજ હેરાન કરે છે.જેથી તું તારુ મંગલસૂત્ર આપ એ વહેંચીને હું તેમના પૈસા આપી દવ' તેમ વાત કરતા હીનાએ બે તોલા સોનાનું મંગલસૂત્ર પતિને આપતા તેને વહેચીને આવેલા રૂપિયા યોગેશે કોઇને આપ્યા હતા પરંતુ તે સપિયા કોને આપ્યા તેની વાત કરી ન હતી.ત્યારબાદ મહામારી કોરોનાનો ફેલાવો થયો હતો.

# કચ્છના સામખિયાળી-માળિયા નેશનલ હાઇવે પર સાત વાહનો વચ્ચે અકસ્માત



। (એજન્સી) કચ્છ, તા.૫ ।

ગુજરાતમાં અકસ્માતની ઘટનાઓ દિવસેને દિવસે વધી રહી છે. ત્યારે તાજેતરમાં ગંભીર અકસ્માતો સજાર્યો છે. જેમાં કચ્છના સામખિયાળી-માળિયા હાઈવે પાસે અકસ્માતની ઘટના ઘટી હતી. આ અકસ્માતમાં એક સાથે ૭ વાહનો ટકરાયા હતા. આ અકસ્માત સજાર્તા ૧ વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે.

આ ઉપરાંત અકસ્માતમાં અન્ય લોકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. કચ્છના સામખિયાળી માળીયા નેશનલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સજાર્યો છે. નેશનલ હાઈવે પર ટ્રક, ટેમ્પો અને બસ સહિતના સાત વાહનો વચ્ચે પરસ્પર ટક્કર થતાં સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સજાર્યા હતા. વાહનોની લાંબી લાંબી લાઈનો લાગી હતી. પોલીસ અને સ્થાનિક લોકોએ ટ્રાફિકજામે દૂર કરી ફરીથી રસ્તો ખુલ્લો કરવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવાની કાયર્વાહી હાથ ધરવામાં આવી છે.

# યુસીસી માટે લોકોનાં સૂચનોને ધ્યાનમાં લેવાશે: યુસીસી સમિતિનાં અધ્યક્ષ ન્યાયમૂર્તિ રંજના દેસાઈ

। અમદાવાદ, તા.૫ ।

સમાન સિવિલ કોડ સંદર્ભે ઝઝ સમિતિ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈ પ્રતિભાવો મેળવવાનો અભિગમ અપનાવાયો છે, જેના ભાગરૂપે આજે ગાંધીનગર જિલ્લા પછી અમદાવાદ જિલ્લામાં કલેકટર કચેરી ખાતે સમાન સિવિલ કોડ સમિતિની રાજકીય, સામાજિક અને શૈક્ષણિક તેમજ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં યુસીસી સમિતિનાં અધ્યક્ષ ન્યાયમૂર્તિ રંજના દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સમાન સિવિલ કોડના સંદર્ભે લોકોનાં સૂચનોને ધ્યાનમાં લેવામાં આવશે. નાગરિકોનાં મંતવ્યો જાણવાં ખૂબ જ જરૂરી છે. સમાજમાં સમાનતા તેમજ મહિલાઓ અને બાળકોના અધિકારોને કેન્દ્રમાં રાખીને યુસીસીનો મુસદ્દો તૈયાર કરાશે. નાગરિકોનાં મંતવ્યો મેળવીને શક્ય એટલી ઝડપથી સરકાર સમક્ષ અહેવાલ રજૂ કરવામાં આવશે, એવું તેમણે ઉમેર્યું હતું. આ બેઠકમાં રાજકીય, સામાજિક અને શૈક્ષણિક



આગેવાનોએ લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, મિલકતના અધિકારો, ધર્મ આધારિત કૌટુંબિક કાયદા, લીવ-ઈન રિલેશનશિપમાં મહિલાઓના અધિકારો, નાણાકીય સહાય તેમજ વારસાના અધિકારોનું રક્ષણ, શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે સમાન નિયમો જેવા વિષયો પર યુસીસી સમિતિ સમક્ષ પોતાના વિચારો અને સૂચનો રજૂ કર્યાં હતાં.

આ બેઠકમાં અમદાવાદ જિલ્લાના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, સ્થાનિક ધારાસભ્યો સર્વે શ્રી અમિતભાઈ શાહ, શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી કૌશિક જૈન, શ્રી જિતેન્દ્ર પટેલ, શ્રી અમિત ઠાકર, શ્રી અમૂલ ભટ્ટ, સુશ્રી દશર્નાબહેન વાઘેલા, સુશ્રી કંચનબહેન રાદડિયા, સુશ્રી પાયલ કુકરાણી સહિતના રાજકીય અગ્રણીઓ, ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી હર્ષદ પટેલ, જીટીયુના રજિસ્ટ્રાર શ્રી કે. એન. ખેર, બીએઓયુના રજિસ્ટ્રાર શ્રી એ.કે. જાડેજા, કૌશલ્ય - ધ સ્કિલ યુનિ.ના એસ.પી. સિંઘ સહિતના શૈક્ષણિક સંસ્થાઓના વડાઓ, તેમજ વિવિધ ધર્મ-સમુદાયના અગ્રણીઓ તથા સેવા જેવી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ પણ યુસીસી સમિતિ સમક્ષ પોતાનાં સૂચનો રજૂ કર્યાં હતાં.

આ બેઠકમાં અમદાવાદ કલેક્ટર શ્રી સુજીત કુમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ઓમ પ્રકાશ જાટ સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓએ પણ પોતાના વિચારો રજૂ કરીને સમિતિની કામગીરીમાં સક્રિય સહયોગ આપવાની ખાતરી આપી હતી. નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર દ્વારા બેઠકના અંતે આભાર વિધિ કરવામાં આવી હતી.

**સિક્યોરિટીમાં તૈનાત હતા CISFના ૧૫૦ જવાનો**

# ગોધરા કાંડના ૧૪ સાક્ષીઓની સુરક્ષા આખરે હટાવવા નિર્ણય

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

ગોધરા કાંડના સાક્ષીઓની સુરક્ષા હટાવી દીધી છે. આ નિર્ણય કેન્દ્ર સરકાર તરફથી લેવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કૂલ ૧૪ સાક્ષીઓની સુરક્ષા હટાવાઈ છે. જેમને સીઆઈએસએફના ૧૫૦ જવાનો દ્વારા સુરક્ષા આપવામાં આવી રહી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગૃહ મંત્રાલયે જીંની રિકમેંડેશન રિપોટર્ના આધાર પર ૧૪ સાક્ષીઓની સુરક્ષા હટાવવાનો નિર્ણય લીધો છે. ગોધરા કાંડ પર બનેલી જીંએ ૧૦ નવેમ્બર ૨૦૨૩ના રોજ આ સાક્ષીઓને સુરક્ષા હટાવવાનો પોતાનો રિપોર્ટ આપ્યો હતો.

૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ, ગુજરાતના ગોધરામાં અયોધ્યાથી પરત ફરી રહેલા કારસેવકોને લઈ જતી સાબરમતી એક્સપ્રેસના એક ડબ્બામાં આગ લાગી હતી, જેમાં ૫૮ લોકોનાં મૃત્યુ થયા હતા. આ ઘટના પછી, સમગ્ર રાજ્યમાં મોટા પાયે રમખાણો ફાટી નીકળ્યા, જેના પછી કેન્દ્ર સરકારે સેના મોકલવી પડી હતી. સત્તાવાર અંદાજ મુજબ, તે ભારતમાં થયેલી સૌથી ખરાબ સાંપ્રદાયિક હિંસામાંની એક હતી. જેમાં ૭૯૦ મુસ્લિમ અને ૨૫૪ હિન્દુઓ સહિત ૧૦૪૪ લોકો માર્યા ગયા હતા.

આ ઘટના બાદ બળાત્કાર, લૂંટફાટ અને મિલકતને નુકસાન પહોંચાડવાના અહેવાલો પણ આવ્યા હતા, જેમાં ઘરો અને દુકાનોને બાળી નાખવાનો સમાવેશ થાય છે. આ ઘટના પછી, લગભગ ૨ લાખ લોકો વિસ્થાપિત થયા. તેમાંથી ઘણા પોતાના ઘરે પાછા ફરી શક્યા નહીં અને નવા વિસ્તારોમાં સ્થાયી થઈ ગયા હતા.

# ઝાલોદ નગરપાલિકા પર ભાજપની ઐતિહાસિક બિનહરીફ જીત

**કોઈપણ સભ્યો એ ફોર્મ ન ભરતાં પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી પ્રમુખની બિનહરીફ જીત**



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ નગરપાલિકામાં આજરોજ સાંજે ચાર કલાકે નગરપાલિકા સભાખંડમાં ચૂંટણી અધિકારીની બદલી અધ્યક્ષતા હેઠળ ચૂંટાયેલ સભ્યો વચ્ચે પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી માટે બેઠક યોજાઈ હતી.

ભાજપ દ્વારા જાહેર કરાયેલ પ્રમુખ માટે કેતન પટેલને મેન્ડેટ લેટર આપવામાં આવ્યો હતો તે મેન્ડેટ લેટર ચૂંટણી અધિકારીને સોપવામાં આવેલ હતો. ચૂંટણી અધિકારી દ્વારા ૨૮ ચૂંટાયેલ સભ્યો પાસે પ્રમુખ ઉપપ્રમુખના ફોર્મ ભરવા હોય તો તે માટે માંગવામાં આવેલ હતા પરંતુ કોઈ એ પણ ફોર્મ ન ભરતાં ભાજપ દ્વારા આપવામાં આવેલ મેન્ડેટ પ્રમાણે રેખાબેન



ટપુભાઈ વસૈયા પ્રમુખ, ભાવનાબેન મુકેશભાઈ ડામોર ઉપપ્રમુખ, દિનેશભાઈ શંકરલાલ પંચાલ કારોબારી પ્રમુખ માટે સંમતિ માંગતા ઉપસ્થિત સહુ સભ્યો દ્વારા સમર્થન આપવામાં આવ્યો હતો. બિનહરીફ તરીકે ચૂંટાઈ આવેલ પ્રમુખ દ્વારા સાંજે ૫:૧૫ વાગે નગર પાલિકાનો પ્રમુખ તરીકે ચાર્જ સંભાળી લીધો હતો.

## સિંહ-દીપડાની સંખ્યા વધી પરંતુ સામે મૃત્યુઆંક વધ્યો

। (એજન્સી) ગીર, તા.૫ ।

ગીરનો સાવજ એટલે એશિયાઈ સિંહ ગુજરાત સહિત દેશભરનું ગૌરવ છે. આ સિંહને જોવા વિશ્વભરમાંથી લાખોની સંખ્યામાં પર્યટકો ગીરમાં ફરવા માટે આવે છે. પરંતુ, છેલ્લાં અનેક સમયથી ગેરમાં સિંહને લઈને ગેરપ્રવૃત્તિઓ વધી રહગી છે. પર્યટકોને સિંહ દર્શન કરાવવા માટે ગેરકાયદે લાયન શો યોજવામાં આવી રહ્યો છે. વળી, બાજુ અનેક ગીર સફારીમાં પણ સિંહની પજવણી મુદ્દે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ગીરમાં એશિયાઈ સિંહોની સંખ્યા તો વધી છે પરંતુ તેની સામે મોતનો આંકડો પણ ચિંતાજનક રીતે વધ્યો છે. ૨ વષર્માં રાજ્યમાં ૨૬૫ સિંહના મોના સમાચાર સામે આવતાં હવે ચર્ચા થઈ રહી છે કે, શું એશિયાઈ સિંહના લુપ્ત થવાનું જોખમ વધ્યું છે? આ મુદ્દે ધારાસભ્ય શૈલેષ પરમારે વિધાનસભા વિશે પ્રશ્ન પૂછ્યો હતો. જેમાં સરકારે સિંહનો મૃત્યુઆંક વધ્યો હોવાનો સ્વીકાર કર્યો છે. રાજ્યમાં સિહં અને બાળસિંહના મૃત્યુમાં ચિંતાજનક વધારો થયો છે. બે વષર્માં રાજ્યમાં ૨૬૫ સિંહ અને બાળસિંહના મૃત્યુ થયા છે. ૧૦૨ સિંહ અને ૧૨૬ સિંહબાળના કુદરતી રીતે મોત નિપજ્યા છે. વળી ૪૧ સિંહ અને ૧૪ બાળસિંહના અકુદરતી મૃત્યુ નિપજ્યાં છે. વર્શ ૨૦૨૩માં ૧૨૧ સિંહ અને સિંહબાળના મોત થયા હતાં. વર્ષ ૨૦૨૪માં ૧૬૫ સિંહ અને બાળસિંહના મોત થયા છે. આ સિવાયના રાજ્ય સરકારના જવાબમાં, ગુજરાતમાં બે વષર્માં ૪૫૬ દીપડાના પણ મોત નોંધાયા છે. ૨૦૧ દીપડા અને ૧૦૨ બાળદીપડાના કુદરતી મોત નિપજ્યા છે.

**ગુજરાત આવશે રાહુલ ગાંધી**

# કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનની તૈયારીઓમાં લાગ્યા નેતાઓ

**રાહુલ ગાંધી આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓને મજબૂત કરવા ૭-૮ માચર્ના રોજ અમદાવાદમાં આવશે**

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓને મજબૂત કરવા માટે ૭ અને ૮ માચર્ના રોજ અમદાવાદમાં આવશે. આ દરમ્યાન તેઓ પાટીર્ના વરિષ્ઠ નેતાઓ, પદાધિકારીઓ અને જિલ્લા અધ્યક્ષો સાથે બેઠક કરશે. સાથે જ રાજ્યભરના કાર્યકતાર્ઓને સંબોધન કરશે. પ્રાપ્ત વિગતો અનુસાર, જોઈએ તો, ૮-૯ એપ્રિલના રોજ અમદાવાદમાં કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન આયોજીત થશે. તે પહેલા રાહુલ ગાંધીનો આ પ્રવાસ સંકેત આપે છે કે કોંગ્રેસ ગુજરાત વિધાનસભા ચંટણી ૨૦૨૭ને લઈને ગંભીર છે. કોંગ્રેસ છેલ્લા ત્રણ દાયકાથી સત્તામાંથી બહાર છે અને આ વખતે રણનીતિમાં ફેરફાર કરે તેવી સંભાવના છે. લોકસભામાં વિપક્ષના નેતા બન્યા પછીના પોતાના પહેલા ભાષણમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ''આ વખતે અમે તમને ગુજરાતમાં હરાવીશું!'' આ પછી તરત જ, રાહુલ ગાંધી અમદાવાદ પહોંચ્યા અને કોંગ્રેસના કાર્યકરો ઉત્સાહથી ભરાઈ ગયા. હવે બધાની નજર ૨૦૨૭ માં ભાજપને પડકારવા માટે રાહુલની રણનીતિ પર છે. ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણીમાં, રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસે ભાજપને સખત ટક્કર આપી હતી. જોકે, છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં, આમ આદમી પાર્ટીની એન્ટ્રી બાદ, વિપક્ષના મતો વિભાજિત થયા અને ભાજપને ૧૮૨ માંથી ૧૫૬ બેઠકોની બમ્પર જીત મળી.

કોંગ્રેસે અત્યાર સુધીનું સૌથી ખરાબ પ્રદર્શન કર્યું અને ફક્ત ૧૭ બેઠકો જીતી શકી, જે હવે ઘટીને ૧૨ થઈ ગઈ છે.

ગત લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ સાથે મળીને ચૂંટણી લડી હતી. કુલ ૨૬ માંથી કોંગ્રેસ માત્ર ૧ બેઠક જીતી શકી હતી, જ્યારે ૨૦૧૪ અને ૨૦૧૯માં તેનું ખાતું પણ ખુલ્યું ન હતું.

# રેલવે બોર્ડ દ્વારા એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી, એવું નિર્ધારિત કરવામાં આવ્યું છે કે બધી વિભાગીય પ્રમોશન પરીક્ષાઓ RRB / કેન્દ્રીયકૃત પરીક્ષા દ્વારા CBT મારફતે લેવામાં આવશે

। અમદાવાદ, તા.૫ ।

બધા ઝોનલ રેલવે પરીક્ષા માટે એક કેલેન્ડર બનાવશે. બધી પરીક્ષાઓ ફક્ત કેલેન્ડરના આધારે લેવામાં આવશે. તાજેતરના વષોર્માં RRB દ્વારા લેવામાં આવતી પારદર્શક, ન્યાયી અને ખૂબ જ પ્રશંસાપાત્ર પરીક્ષાઓના લાંબા અનુભવ પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

RRB કેવી રીતે કોઈપણ ફરિયાદ વિના, સંપૂર્ણ પારદર્શિતા સાથે પરીક્ષાનું આયોજન કરતું હતું : ૨૦૧૫ થી અત્યાર સુધીમાં ૭ કરોડથી વધુ ઉમેદવારોની કોમ્પ્યુટર આધારિત પરીક્ષાઓ મારફતે કોઈપણ પેપર લીક, નકલ, રિમોટ લોગ-ઈન અને જાસૂસી ઉપકરણોના ઉપયોગ વિના પરીક્ષાઓ લેવામાં આવી છે.

તે કેવી રીતે શક્ય હતું?

પરીક્ષાનું સંચાલન કરતી એજન્સીની પસંદગી

ખુલ્લું ટેન્ડર

QCBS માપદંડ

ISO પ્રમાણપત્રો, નાણાકીય બાબતો, CERT-IN પ્રમાણપત્રો, ઝસ્સૈં પ્રમાણપત્ર

લઘુત્તમ પાત્રતા માપદંડ - કેન્દ્રોની સંખ્યા, ભૂતકાળનો અનુભવ,

રેલ્વે ટીમ દ્વારા પરીક્ષા કેન્દ્રનું ઓડિટિંગ

બધી ઉપલબ્ધ સુવિધાઓ માટે ઓડિટિંગ ચેકલિસ્ટ - બાથરૂમ બહાર જવાની મંજૂરી નથી, ૧૦૦% સીસીટીવી કવરેજ અને રેકોર્ડિંગ શરૂ થાય છે ૨ કલાક પરીક્ષા પહેલા અને ૧ કલાક પરીક્ષા પછી.

વધુ સારા રિઝોલ્યુશન, વિશ્વસનીય અને અવિરત કનેક્શન માટે IP આધારિત CCTV સર્વેલન્સ.

વાણિજ્યિક અને અન્ય રહેણાંક વિસ્તારોથી અલગ, ઓછામાં ઓછા ૨૫૦ નોડ ક્ષમતાવાળા કેન્દ્રો લેવામાં આવી રહ્યા છે.

પાવર બેકઅપ સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર

ટેકનિકલ સ્પષ્ટીકરણ -

સર્વર: CPU સ્પીડ ૧.૫ GHz કે તેથી વધુ હોવી જોઈએ, ઈછ૨ ૪ ય્મ કે તેથી વધુ હોવી જોઈએ, સ્ક્રીન રિઝોલ્યુશન ૧૦૨૪૮૭૬૮ હોવું જોઈએ.

નોડ્સ: RAM 2 GB કે તેથી વધુ હોવી જોઈએ, બાકીનું સર્વર જેવું જ હોવું જોઈએ, USB અક્ષમ હોવું જોઈએ, પ્રોક્સી અક્ષમ હોવું જોઈએ, ઈન્ટરનેટ અક્ષમ હોવું જોઈએ અને લોગિન પછી કીબોર્ડ અક્ષમ હોવું જોઈએ.

માલિકીની ઓપરેટિંગ સિસ્ટમ

ઓડિટ હેતુ માટે બધા માઉસ અને કી ક્લિક્સ ટાઈમ સ્ટેમ્પ સાથે રેકોર્ડ કરવાના રહેશે

પરીક્ષાના શહેર વિશેની માહિતી પરીક્ષાની વાસ્તવિક તારીખના લગભગ દસ દિવસ પહેલા જાહેર કરવામાં આવે છે.

પરીક્ષાનું સ્થળ/કેન્દ્ર પરીક્ષાના ચાર દિવસ પહેલા જ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

પરીક્ષા કેન્દ્ર મેન્યુઅલ હસ્તક્ષેપ ટાળીને કોમ્પ્યુટરાઈઝ્ડ રેન્ડમાઈઝ્ડ જનરેશન દ્વારા ફાળવવામાં આવે છે.

કેન્દ્રની અંદર, લેબની ફાળવણી અને બફર નોડ્સ સહિત નોડ્સ, બધા ઓટોમેટેડ, રેન્ડમાઈઝ્ડ જનરેટ થયેલ છે.

પરીક્ષાના બે કલાક પહેલા જ સંચાલન ટીમ અને સેન્ટરના લોકોને ઉમેદવાર વિશે માહિતી મળે છે..

પરીક્ષા કેન્દ્રોમાં, ઉમેદવારોની ચકાસણી અને તપાસ હાથથી પકડેલા મેટલ ડિટેક્ટરથી કરવામાં આવે છે.

પરીક્ષાના પ્રવેશ પહેલાં અને મધ્યમાં અને દરેક બાયો બ્રેક પછી બાયોમેટ્રિક હાજરી (LTI અને ડિજિટલ બંને) લેવામાં આવે છે. હસ્તલેખનનો નમૂનો પણ લેવામાં આવે છે. આ પ્રક્રિયા પરીક્ષાના તમામ તબક્કામાં અને દસ્તાવેજ ચકાસણી સમયે પુનરાવર્તિત થાય છે.

પરીક્ષા કેન્દ્ર પર આધાર આધારિત પ્રમાણીકરણ કરવામાં આવે છે.

N:N સરખામણી - સોલ્વર્સ ગેંગને ઓળખવા માટે વિવિધ પાળીઓ અને ઘટનાઓની સરખામણી

પ્રશ્નપત્ર ખૂબ જ એક્રિપ્ટેડ સ્વરૂપમાં છે (૨૫૬-બીટ એક્રિપ્શન). છેલ્લી ઘડીનું ડિક્રિપ્શન ત્યારે જ થાય છે જ્યારે ઉમેદવાર ખરેખર લોગ ઈન કરે છે

કોઈપણ બે ઉમેદવારોને દરેક પ્રશ્ન માટે પ્રશ્નોનો ક્રમ અને વિકલ્પો સમાન મળતા નથી. બધું રેન્ડમ અને શફલ કરવામાં આવે છે.

ઉમેદવાર દ્વારા કરવામાં આવતી દરેક પ્રવૃત્તિ માટે એક સંપૂર્ણ લોગ રાખવામાં આવે છે જે નક્કી કરે છે કે તેણે પ્રશ્નોનો કેવી રીતે પ્રયાસ કર્યો છે.

નિરીક્ષણના ત્રણ અલગ સ્તરો:

ECA ટીમ નિરીક્ષણ,

અધિકારીઓ અને સુપરવાઈઝર દ્વારા રેલવે નિરીક્ષણ

રેલવે વિજિલન્સ ટીમ દ્વારા ઓચિંતી તપાસ

પહેલી અને બીજી ટીમોને સમયાંતરે પ્રયોગશાળાઓ અને કેન્દ્રો વચ્ચે ફેરવવામાં આવે છે.

પરિણામે, કેટલાક પ્રકારના ગેરરીતિ/અન્યાયી માધ્યમોમાં સંડોવાયેલા ઉમેદવારો નિયમિતપણે પકડાઈ રહ્યા છે.

પાત્રતા માપદંડ: પાત્રતાના તમામ મહત્વપૂર્ણ ડેટા જેમ કે જાતિ, પ્રમાણપત્ર નંબર, મોબાઈલ નંબર, ઓળખના ચિહ્નો, ફોટોગ્રાફ અને સહી, જન્મ તારીખ, અને લાયકાત સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત અને કેપ્ચર કરેલ.

નકલી એપ્લિકેશનો શોધવા માટે એપ્લિકેશનમાં QR કોડ હશે

ઉમેદવારની અસલી ઓળખ માટે પ્રવેશપત્રમાં બારકોડ હશે.

કોમ્પ્યુટર આધારિત પરીક્ષાઓ (CBTs) માં, ઉમેદવારોને તેમના પ્રશ્નપત્ર, ઉત્તરપુસ્તિકાઓ અને સાચા જવાબ કી બતાવવામાં આવે છે. તેમને પ્રશ્નો અને જવાબ કીની શુદ્ધતા અંગે જો કોઈ હોય તો, વાંધો ઉઠાવવાની તક પણ આપવામાં આવે છે.